

અદ્યતન પ્રકાશનો

આધુનિક [illegible]	શ્રી [illegible]	૩-૦
[illegible]	મંજુલાલ દેસાઈ	[illegible]
[illegible]	[illegible] ભટ્ટ	[illegible]
આશીર્વાદ	[illegible]	૨-૦
[illegible]	[illegible]	[illegible]
[illegible]	[illegible]	[illegible]
[illegible]	શ્રી [illegible] દેસાઈ	[illegible]
[illegible]	શ્રી [illegible] બી.એ.	[illegible]
[illegible]	[illegible] એમ.એ.	[illegible]
રૂપા	શ્રી [illegible] ભટ્ટ	[illegible]
[illegible] ભા.૧	[illegible]	[illegible]
[illegible] ભા.૨	"	[illegible]
[illegible]	શ્રી [illegible]	[illegible]
[illegible]	શ્રી [illegible]	[illegible]
[illegible] ભા.૧	[illegible]	[illegible]
[illegible] ભા.૨	"	[illegible]
[illegible]	શ્રી [illegible]	[illegible]
[illegible]	શ્રી [illegible]	[illegible]
[illegible]	શ્રી [illegible]	[illegible]
[illegible]	શ્રી [illegible]	[illegible]
[illegible]	શ્રી [illegible]	[illegible]
[illegible]	શ્રી [illegible]	[illegible]
[illegible]	શ્રી [illegible]	[illegible]
[illegible]	શ્રી [illegible]	[illegible]
[illegible]	શ્રી [illegible]	[illegible]
[illegible]	શ્રી [illegible]	[illegible]
[illegible]	[illegible]	[illegible]

નવચેતન સાહિત્ય મંદિર

[illegible] • [illegible] • અમદાવાદ

વર્ષ ૧૧ મું — નવચેતન પ્રકાશન-૬૭ — પુસ્તક ૨ જું
[illegible] ગ્રંથમાળા પુ. ૪૭

માતાનું ઋણ

[ઉત્તરાર્ધ]

લેખક
જદુભાઈ મહેતા

●

નવચેતન સાહિત્ય મંદિર
૨૪૫૬ : ભદ્ર; અમદાવાદ.

પ્રકાશક

પુરુષોત્તમ પૂ. પારેખ

નટવરલાલ લ. વોરા

નવચેતન સાહિત્ય મંદિર : ૨૪૫૬; ભદ્ર : અમદાવાદ.

આવૃત્તિ ૧ લી સં. ૨૦૦૪

કિંમત

પાકું પૂંઠું રૂ. ૨-૦-૦

વાર્ષિક લવાજમ દેશમાં

પાકું પૂંઠું રૂ. ૬)

પોસ્ટેજ અલગ

મુદ્રક : મણિલાલ છગનલાલ શાહ

નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ

ઘીકાંટા રોડ : અમદાવાદ

અર્પણ

ચિ. નિરુને

નિવેદન

ગૃહલક્ષ્મી ગ્રંથમાળાના ૧૨ મા વર્ષનું બીજું પ્રકાશન ગુજરાતના યુવાન ભાઈશ્રી. જટુભાઈ મહેતાનું 'માતાનું ઋણ' [ઉત્તરાર્ધ] રજૂ કરતાં આનંદ થાય છે.

ભાઈ જટુભાઈને રાજસ્થાની પ્રજા સારી રીતે પિછાને છે. તેઓ એક અદના સેવક ઉપરાંત સામાજિક અને રાજકીય પ્રવૃત્તિઓમાં ઘણો રસ ધરાવે છે. યુવાન વર્ગના તો તેઓ આત્મા જેવા છે.

એવા એમના રાજકીય અને સામાજિક ક્ષેત્રોના બહોળા અનુભવોથી આ નવલકથા સર્જાઈ છે. એમાં ચર્ચાયેલા પ્રશ્નો આપણા સામાન્ય જીવનને સ્પર્શતા અને ઉન્નતિનો માર્ગ ચીંધતા આપણને સમજાશે. ગુજરાતનો વાંચકવર્ગ આ નવલકથાને રસથી વાંચશે અને સન્માનશે એવી આશા અસ્થાને નથી. અમારું આવતું પ્રકાશન તૈયાર થઇ રહ્યું છે તે તુરતમાં જ આપને મલી જશે.

લિ. સેવકો

પુરૂષોત્તમ પારેખ

નટવરલાલ વોરા

નવચેતન સાહિત્ય મંદિર

૨૪૫૬ ભદ્ર : અમદાવાદ.

લેખકનું નિવેદન

મારી પહેલી સામાજિક નવલકથા ગુજરાતને ચરણે ધરતાં મને અતિ હર્ષ થાય છે. સામાજિક નવલિકાઓ લખવાનો મહાવરો મને હતો જ; અને 'અવિનાશ'ના ઉપનામથી મારા બે નવલિકાસંગ્રહો 'છાયાદેવી' અને 'વેરાયેલાં મોતી' પ્રગટ થયેલાં, જે સાહિત્યરસિકોમાં ઠીક પ્રશંસા પામેલાં; તેમ જ તે જ ઉપનામથી પ્રગટ થયેલી મારી રાજપ્રકરણી નવલકથા 'એમાં શું!' પણ તેવી જ પ્રશંસાપાત્ર નીવડેલી. એટલે હવે, હું મારા ખુલ્લા નામથી આ સામાજિક નવલકથા હિંમતપૂર્વક જનતા સમક્ષ મૂકી શકું છું.

જેમ 'છાયાદેવી' રાજકોટના સત્યાગ્રહની લડત વખતે જેલમાં લખવાનો સુઅવસર પ્રાપ્ત થયેલો, તેમ આ નવલકથા પણ ૧૯૪૨ની સામુદાયિક લડત વખતે મને મળેલી નજરકેદ દરમ્યાન જેલના શાન્ત અને એકાન્ત વાતાવરણમાં લખી શકાઈ છે. બહારની નાનાવિધ પ્રવૃત્તિઓમાં રોકાયેલો હોઉં છું, ત્યારે ગમે તેટલી લખવાની તીવ્ર આકાંક્ષા છતાં, એક પાનું પણ લખી શકાતું નથી; તેથી આખી નવલકથાઓ લખવાની નિવૃત્તિ અને તક આપવા માટે હું સરકારનો ઉપકાર માનું, તો શું ખોટું!

આ નવલકથા પંકજ, સરોજ અને કીર્તિ એ ત્રણ મધ્યમ વર્ગના શિક્ષિત નવજુવાન પાત્રોની આસપાસ રચાયેલી સામાજિક કથા છે. પંકજ અને સરોજ એ નિરાધાર અને ગરીબ ભાઈ-બહેન જીવનના ઝંઝાવાતમાંથી પોતાનો માર્ગ કાઢીને પોતાના નિશ્ચિત ધ્યેય તરફ આગળ ધપે છે, અને માતાએ આપેલી પ્રેરણાના અને રોપેલા સંસ્કારના બળે પ્રગતિને માર્ગે આગેકૂચ કરે છે, તથા કીર્તિ વિદ્યાર્થી અવસ્થાના તરંગોને ત્યજી દઈને જીવનના વાસ્તવિક માર્ગ પર પ્રસ્થાન કરે છે, એ ઘટના આજના વિદ્યાર્થીઓ અને નવજુવાનોને કંઈ પણ પ્રેરણા આપી 'માતાનું ઋણ' ભરપાઈ કરવાના માર્ગે પ્રયાણ કરવાની ભાવના ઊભી કરવામાં ઉપયોગી નીવડશે, તો મારો શ્રમ સફળ થયો ગણાશે.

આ ઉપરાંત પન્નાલાલ અને સુરભી, વિનાયક અને ચિત્તરંજન, નરેન્દ્રપ્રસાદ અને મંજરી—એક બે પ્રકરણમાં માત્ર ડોકિયાં કરીને વાંચક માટે કંઈ ને કંઈ માર્ગદર્શન કરતાં જાય છે, અને જીવનનું એકાદ તત્ત્વ ખીલવીને મંદમંદ સુવાસ પ્રસારે છે.

આ મારી પ્રાથમિક કૃતિ કદાચ સાહિત્યના Touchstone (કસોટીના પથ્થર) પર સોળવલ્લી નહિ ઊતરે, તોપણ, નક્કર વાસ્તવિકતાની દૃષ્ટિએ એનું મૂલ્ય ઓછું નહિ અંકાય, એવી ખાતરી હોવાથી, એને જનતા સમક્ષ ધરું છું. આશા છે કે, ગૂજરાતની સાંસ્કારિક જનતા એને અપનાવશે.

પ્રસંગવશાત્ જરૂરી સૂચનાઓ કરવા માટે, મારા જેલના સાથીઓનો હું ઋણી છું

રાજકોટ. જદુભાઈ મહેતા

માતાનું ઋણ

●

[ઉત્તરાર્ધ]

તેના જેવા બીજા વેપારીઓ જ્યારે લારી સાથે આખો દિવસ માર્કીટ પાસે ઊભા રહેતા, ત્યારે પંકજ ઉરેબ ચોરણી, ઝભ્ભો અને તૂર્કી ટોપી પહેરી, લારીને ધકેલતો ધકેલતો શહેરના દરેક લત્તામાં ફરતો અને વિવિત્ર અનુભવો એકઠા કરતો. રાજકોટ એને વઢવાણ કરતાં જુદા પ્રકારનું શહેર લાગ્યું. ઇન્દોરની પેઠે ત્યાં સાંસ્કારિક પ્રવૃત્તિઓ તો હતી જ, પરંતુ જાહેરજીવન પણ ખૂબ આગળ વધેલું હતું. પ્રજા હજુ હમણાં જ રાજકીય લડતમાંથી પસાર થઈ હતી, અને પરાજય પામવા છતાં, માથું ઊંચું રાખીને ઊભી હતી. રાજકોટ જાણે કાઠિયાવાડનું હૃદય હતું, અને એ ધબકતું હતું, ત્યાં સુધી કાઠિયાવાડના પ્રત્યેક અંગમાં લોહી વહેતું હતું. પંકજને રાજકોટનો વસવાટ બહુ જ ગમી ગયો.

રાજકોટમાં જાહેર સેવકોનું સારું જૂથ હતું; અને એ સૌ ઉપલા વર્ગમાં કોંગ્રેસની પ્રવૃત્તિઓ ચલાવતા, હજુ તેઓ મજૂરોની કોટડીઓ સુધી, કે ગામડાંની ઝૂંપડીઓ સુધી પહોંચી શક્યા નહોતા. ઊપલો વર્ગ જાગૃત થયો હતો, અને પોતાનું હિત સમજતો થયો હતો. પરંતુ શહેરમાં પણ ગરીબ પ્રજા વિવિધ દુઃખોમાં સબડતી હતી. એ રહેતો હતો, ત્યાં અનેક ગરીબ મુસ્લીમો રહેતા હતા. પુરુષો મિલમાં કે બીજાં કારખાનાંઓમાં મજૂરીએ જતા, અને ગુજરાન જેટલું માંડ મેળવી શકતા. સ્ત્રીઓ છૂટક મજૂરી કરતી; પણ કેટલીક તેને અભાવે પોતાનો દેહ પણ વેચતી. તેના નિવાસસ્થાનની ચારે બાજુ કંગાળ સ્ત્રીઓ કુટ્ટણખાનાં ચલાવી, તેમના પેટનો ખાડો પૂરતી, એ દૃશ્ય એણે નજરે જોયું હતું, અને આજની ભયંકર ગુલામી અને અસમાન સમાજરચના નિહાળી, એના દિલમાં આગ સળગી હતી.

પંકજ અહીં પોતાની જાત છુપાવીને ફરતો હતો, છતાં તે સારી કમાણી કરી શક્યો અને ઘણા અનુભવો મેળવી શક્યો. કોઈ કોઈ વાર તેની વસ્તુઓ લઈને ફેરી કરવાને બહાને, તે ગામડામાં પણ જતો. લોકો એની ચીજોને નિહાળવાને એની આસપાસ એકઠા થતા; પણ ચાર પૈસાની ચીજ ખરીદવાની કોઈમાં ત્રેવડ નહોતી. ગામડામાં ભયંકર કંગાલિયત, ગરીબી, સામાજિક દુર્ગુણો, રોગચાળો, નિરક્ષરતા, કરજ અને રાજ્યનો જુલ્મ પ્રસરી રહ્યાં હતાં. ક્યાંય આશા નહોતી, ઉત્સાહ નહોતો, આનંદ નહોતો. અપાર દુઃખ અને દારિદ્ર હતું. પંકજના દિલમાં ઊંડી વેદના થઈ આવી. વતનનાં દુઃખ દૂર કરવાને, લોકસેવામાં પોતાની જાતને હોમી દેવાની એને પ્રેરણા થઈ આવી.

રાજકોટમાં એક કાપડની મિલ હતી. એના સંચા બહુ જૂના હતા, અને અમદાવાદની મિલોની હરોળમાં ઊભા રહેવા માટે એમાં મજૂરો પાસેથી દસથી બાર કલાક કામ લેવામાં આવતું. દેશી રાજ્યોમાં બ્રિટિશ હિન્દ જેવો કારખાનાનો કોઈ કાયદો હસ્તીમાં હોતો નથી, એટલે ત્યાંના કારખાનાંઓમાં બે–ત્રણ કલાકનું વધુ કામ, જીવનની પૂરી અગવડો, અને આપખુદ રાજ્યતંત્રની છત્રછાયા નીચે મૂડીવાદી શોષણ, પૂર જોસમાં ચાલે છે. તેમનામાં સંગઠન હોતું નથી. સંગઠન કરવાની પણ તેમને મનાઈ કરવામાં આવે છે.

કાઠિયાવાડના રજવાડી આપખુદ શાસનની પણ ઘણી વાતો પંકજે ઈન્દોરમાં સાંભળી હતી, તે બધી તેને કાઠિયાવાડમાં પ્રત્યક્ષ થઈ. રાજ્યની તિજોરીમાંથી મનમાની રકમ ઉપાડી, મુંબઈ, લંડન કે પેરીસમાં જઈને મોજમજા ઉડાવતા રાજાઓને એજન્સી અટકાવતી નથી. પ્રજાને તેઓ પીડી શકે છે, યથેચ્છ

કરવેરા લાદી શકે છે, ભેટ–નજરાણાંને નામે પ્રજાને લૂંટી શકે છે, અને ગ્રામ્યજનતાને અમર્યાદ ત્રાસ આપી શકે છે.

આ બધું જોઈને પંકજનું મન ખળભળી ઊઠયું. જે ભૂમિમાં એણે જન્મ લીધો હતો, તે ભૂમિ રાક્ષસોના ભારથી કંપી રહી હતી. એનો ધર્મ હતો, એ ભૂમિ પરનો ભાર ઉતારીને, એને મુક્ત કરવાનો, સ્વતંત્ર કરવાનો.

એક રાત્રે એને સ્વપ્ન આવ્યું. એની માતા સુરભી સ્વર્ગલોકથી નીચે ઊતરી એની સામે ઊભી રહી. એના ચરણોમાં પંકજે નમન કર્યું. માતાના મુખમાંથી શબ્દો ખરતા હતાઃ 'બેટા ! તારાથી હું પ્રસન્ન છું. તેં અનેક કષ્ટ સહન કરીને મારું ઋણ અદા કર્યું છે. પરંતુ આ માતૃભૂમિ–જનની જન્મભૂમિ–ની સેવા કરવાની પણ તારી ફરજ છે. એ માતાનું ઋણ ચૂકવવા તું તૈયાર થા.'

સ્વપ્ન અદૃશ્ય થયું, પણ પંકજને એ દિવ્ય પ્રેરણા પાતું ગયું. એના અંતરમાં પ્રકાશ થયો. લોકસેવાનું એણે વ્રત લીધું.

એકાદ વર્ષ રાજકોટમાં ગાળી, એણે કાઠિયાવાડનો પ્રવાસ શરૂ કર્યો. શહેર અને ગામડાં, સીમ અને ખેતર એ ફરી વળ્યો. વતનનાં દરિદ્રનારાયણનાં દર્શન કરતો, 'જગતના તાત'ની કંગાલિયત નીરખતો, રાજાઓ અને તાલુકદારોના જુલ્મો, મોજશોખ અને મૂર્ખાઈની વાતો સાંભળતો, એ કાઠિયાવાડની પ્રદક્ષિણા ફરી, ગાંધીજીના જન્મસ્થાન અને સુદામાજીના નિવાસસ્થાન પોરબંદરમાં આવ્યો.

પ્રકરણ ઓગણીસમું......................ચિત્તરંજન

'હોલ્કર' કૉલેજમાં ચિત્તરંજન જેવો શાન્ત અને સરળ કોઈ વિદ્યાર્થી નહોતો. સ્વભાવે તે હસમુખો અને વિનોદી હતો; પણ એનો વિનોદ હંમેશાં નિર્મળ અને નિર્દોષ હતો. પોતાને હાથે, કે પોતાને લીધે, બીજા કોઈને સહજ પણ નુકસાન થાય, તો એનું દિલ એટલું દુભાતું કે, એના નિવારણ માટે એ એકાદ ઉપવાસથી પ્રાયશ્ચિત કરતો.

એ કોઈની મજાક-મશ્કરી ભાગ્યે જ કરતો; છતાં કોઈ એની મશ્કરી કરે, તો તે સહર્ષ સહી લેતો. પોતાને કારણે બીજાને આનંદ મળે છે, એ સુખદ ભાવનાથી એને સંતોષ થતો, અને હૈયું હર્ષથી નાચી ઊઠતું.

એ બુદ્ધિશાળી હતો, છતાં વર્ગમાં એનો નંબર બહુ ઊંચો રહેતો નહિ. અભ્યાસમાં એનું ચિત્ત તો હતું જ, પરંતુ એની નેમ માત્ર પરીક્ષા પસાર કરવાની હતી, અને તેથી કૉલેજનાં પાઠ્ય પુસ્તકો ઉપર એ જરૂર જેટલું જ લક્ષ આપતો. એનું વધુ લક્ષ પોતાના અંગત જીવન પ્રત્યે હતું.

સાદાઈ, નિયમિતતા અને ઉદ્યમ : એ એના જીવનનાં આવશ્યક અંગો હતાં. સવારે વહેલો ઊઠી ઈશ્વર પ્રાર્થના, વ્યાયામ અને વાચનમાં એ બરાબર નિયમિતતા જાળવતો. સાંજે એ વર્તમાન પત્રો વાંચતો, સામયિકોના લેખો અને નીતિ, ધર્મ તથા તત્ત્વજ્ઞાનનાં પુસ્તકો અભ્યાસપૂર્વક તપાસી જતો, અને વીરપુરુષોનાં જીવનચરિતો અને લેખોને વારંવાર વિચારતો. ગાંધીયુગનાં અનેક આકર્ષણોએ એને આકર્ષ્યો હતો. એ ખાદી પહેરતો, રેંટિયો કાંતતો અને જાતે કપડાં ધોતો. આ બધી સાધના પાછળ એનો ઘણો સમય વ્યતીત થતો, અને તેથી કૉલેજના અભ્યાસ પાછળ એ બહુ થોડો વખત ગાળી શકતો.

'આજના કૉલેજિયન'નું કદાચ એક પણ લક્ષણ તેનામાં નહોતું. કૉલેજના ઉત્સવો, રમતગમતો કે હરીફાઈઓમાં એને બિલકુલ રસ નહોતો. મિત્રો એને હતા નહિ, તેમ દુશ્મનો પણ નહોતા. કૉલેજનો એ તદ્દન સામાન્ય વિદ્યાર્થી હતો, અને છતાં કૉલેજિયનો એના પ્રત્યે અસાધારણ કુતૂહલતાથી જોતા, અને એના વિષે રસપૂર્વક વાતો કરતા.

ચિત્તરંજન શેઠ દીનદયાળનો ભત્રીજો હતો. એના પિતા—દીનદયાળના મોટાભાઈ—એને પાંચ વર્ષનો મૂકીને મરણ પામ્યા હતા. લોકો કહેતા કે, એના પિતા પાસે સારી પૂંજી હતી, પણ દીનદયાળે એ બધી એના મરણ વખતે હાથ કરી લીધી હતી. ચિત્તરંજન અને તેની મા એ વખતે એને મોસાળ ગયાં હતાં. આ તકનો દીનદયાળે લાભ લીધો.

પરંતુ ચિત્તરંજનના પિતા પાસે કેટલીક સ્થાવર મિલકત હતી : મુખ્યત્વે 'તુકોગંજ'નો નાનો બંગલો, જેમાં ચિત્તરંજન, તેની વિધવા માતા અને ચિત્તનો ગરીબ મામો રહેતાં હતાં; અને 'સિયાગંજ'નું એક મકાન, જે ભાડે અપાતું. આ બે

મકાનો સિવાય, કશી જંગમ મિલકત ચિત્તની માતાને મળી નહિ.

પણ માતાનો સ્વભાવ પુત્ર જેવો જ સંતોષી હતો; એટલે દીનદયાળે પચાવી પાડેલી મિલકત પાછી મેળવવા તેમણે કશો પ્રયાસ કર્યો નહિ. 'સિયાયગંજ'ના મકાનનું લગભગ પચાસ–સાઠ રૂપિયા ભાડું આવતું; અને તેમાંથી ઘરનું તથા ચિત્તના અભ્યાસનું ખર્ચ સરળતાથી ચાલ્યું જતું.

ચિત્તરંજનના પિતાની બધી મિલકત પચાવી પાડવા છતાં, દીનદયાળ આ કુટુંબની કશી સંભાળ રાખવાનું પોતાનું કર્તવ્ય માનતો નહિ, તેમ જ પોતાની મોટી ઊપજમાંથી એક પાઈ પણ આ કુટુંબને આપતો નહિ. ઊલટું આ કુટુંબ ઉપર પોતે વડીલપણાનો દાવો ધરાવતો, અને ચિત્તરંજનના અભ્યાસ, લગ્ન વગેરે બાબતોમાં તે માથું મારવા પ્રયાસ કરતો. તે કહેતોઃ

'ભાભી ! આ છોકરાને હવે કેટલુંક ભણાવવો છે ? એનું ભવિષ્ય સુધારવું હોય, તો ભણતર બંધ કરાવીને મારે ત્યાં મોકલો, તો હું કામધંધે ચડાવી દઉં. મારવાડીના છોકરાને કચેરીમાં નોકરી કરવા નહિ મોકલાય, હા...'

'અને આવડો મોટો ઘોડા જેવડો થયો, તે હવે એને પરણાવવો છે ક્યારે ? કહો, તો કોઈ સારે ઠેકાણે વેવિશાળ કરાવી દઉં. મોટી ઉમર સુધી એ વાંઢો રહે, એમાં આપણી ખાનદાની ઘટે.'

ચિત્તરંજનની મા આ બધું સાંભળી રહેતી, અને કહેતીઃ 'ચિત્તને હું કહીશ.'

'છોકરો તમારું માને છે જ ક્યાં ! બહુ ચડાવી મૂક્યો છે તે ! ફાવે તેમ રખડે છે, એ નહિ ચાલે, હા...એને

મોકલજો મારી પાસે, સીધો દોર જેવો કરી દઉં!' લાંબા હાથ કરીને દીનદયાળ કહેતો.

ચિત્તરંજનને એની મા આ વાત કહેતી, પણ ચિત્ત દીનદયાળને ત્યાં જતો નહિ. એ કહેતોઃ 'મા! હું એમને ઘેર જનાર નથી. મારે એમનો વારસો નથી જોઈતો, પછી શું? મારે ભણવું હશે, ત્યાં સુધી હું ભણીશ, અને પરણવું હશે, ત્યારે પરણીશ. કાકાને કહેજો કે, મારી ચિંતા કરવાનું છોડી દે.'

ચિત્તની મા એને વધુ કાંઈ કહેતી નહિ. એને ખાતરી હતી કે, ચિત્ત જે કરે છે, તે ડહાપણપૂર્વક કરે છે. પુત્રના વિચારો અને આચારને માતા શ્રદ્ધાપૂર્વક અવલોકતી.

ચિત્તને કોઈ મિત્ર નહોતો. માતા પ્રત્યે એને અત્યંત પ્રેમ હતો. એ અભણ હોવા છતાં, એના પ્રત્યે તેને અપાર માન હતું. એની સલાહ વિના એ એક ડગલું પણ ભરતો નહિ. પોતાના વિચારો એ માતાને ધીરજપૂર્વક સમજાવતો, એની ચર્ચા કરતો, એમાં માતાની શ્રદ્ધા ઉત્પન્ન કરતો, અને પછી એની અનુમતિ મેળવી, એ એને અમલમાં મૂકતો. અભણ માતાનો, પુત્ર ગુરુ બનતો, એને જ્ઞાન આપતો, અને સેવા પણ કરતો; શિષ્યની પેઠે માતા પાસે હાથ જોડી એની આજ્ઞા માગતો અને તે અનુસાર વર્તતો.

આમ ચિત્ત અને તેની માતા પરમ સંતોષ અને આનંદપૂર્વક તેમના દિવસો નિર્ગમન કરતાં.

એક દિવસે ગોપાળ તેમને ત્યાં હાંફતો હાંફતો આવ્યો, અને કહ્યું: 'ભાભી! ચિત્તને મારી સાથે અત્યારે જ મોકલો, શેઠને બહુ ઈજા થઈ છે; તબિયત ગંભીર છે.'

'શું થયું, ગોપાળકાકા ?' કહેતો ચિત્ત અંદરના કમરામાંથી બહાર આવ્યો.

'તું જલદી મારી સાથે ચાલ. શેઠને હમણાં હૉસ્પિટલે ખસેડ્યા છે. ઘા બહુ આકરો વાગ્યો છે,' ગોપાળે કહ્યું:

'કાકા ! શેનો ઘા, શેની ઈજા, કંઈ વિગતવાર તો કહો. લો અહીં બેસો,' કહી ચિત્તે બાજુની ખુરશી પાસે ખેંચી, ગોપાળને બેસાડ્યો.

ગોપાળે કહ્યું: 'શેઠ મહુ ગયા હતા, અને ત્યાંથી મોટરમાં પાછા ફરતા હતા. માર્ગમાં એક કિસાને એમના પર હુમલો કર્યો. દાગીના અને રૂપિયા પડાવી લીધા અને સખત માર પણ માર્યો.'

'કિસાન એવું પગલું બનતાં સુધી ભરે નહિ, કાકા!' ચિત્તે કહ્યું. 'કંઈ કારણ બન્યું હશે!'

'હાસ્તો. કિસાન વિના કારણ હુમલો ન કરે. એનું નામ બુધુ.' ગોપાળે વિસ્તારથી વાત કહેવાનું શરૂ કર્યું. 'માણસ મૂળ તો હાડનો બહુ નરમ. પણ શેઠનું લેણું હતું, તે જપ્તી કરાવીને વસૂલ કર્યું. એની સુવાવડી બાયડી, ને તાવમાં તરફડતાં છોકરાંને ત્રણ લૂંગડાંભેર બહાર કઢાવ્યાં. પછી બુધુની બાયડી ને છોકરો ગુજરી ગયાં, ને બુધુ નાનાં છોકરાંને બાળાશ્રમમાં મૂકી નાસી ગયેલો. એ વાતને આજ બે-ત્રણ વરસ વીતી ગયાં. આજે બુધુએ વેર લીધું.'

'બહુ વાગ્યું છે ?'

'એ તો નજરે જુઓ તો ખબર પડે!' ગોપાળે મારનું વર્ણન કરતાં કહ્યું 'બુધુ એકલો નહોતો. સાથે ચાર સાગરીતો હતા. એકે ઝાડ આડું પાડી મોટરને થંભાવી. બીજાએ હાંકનારને પકડ્યો. બુધુએ શેઠના મોઢા પર, ને છાતી પર લાકડીઓ મારી,

ને એક ઘા ખોપરી ઉપર પણ કર્યો. ચોથાએ શેઠના ગળામાંથી દાગીના કાઢી લીધા અને ઉઘરાણીના રૂપિયાની થેલીઓ ઉપાડી લીધી. રીતસરનું કાવતરું જ ગોઠવાયેલું. શેઠને ભાવીએ ભુલાવ્યા, ને સામે ચાલીને મોત માગી લીધું! નહિતર એમને જાતે ઉઘરાણીએ જવાની જરૂર જ શી હતી?'

'ચિત્ત! તું કપડાં પહેર, અને કાકા સાથે જા.' ચિત્તરંજનની માએ કહ્યું.

'મારું ત્યાં શું કામ?'

'અરે ગાંડા! તું એટલુંયે સમજતો નથી!' ગોપાળે હળવે સાદે કહ્યું. 'શેઠ હવે જીવે એમ નથી. કદાચ એમ બને તો મિલકત તારે સંભાળવી પડશે. શેઠે કાંઈ વિલ બિલ કર્યું નથી; એટલે તું જ એનો વારસ છે. તારા હિતની વાત છે, ભાઈ!'

'એ તો કાયદેસર જે મળવાનું હશે, તે મળશે. હું અત્યારે એની પંચાતમાં નથી પડતો!' ચિત્તે બેદરકારીપૂર્વક કહ્યું.

'ભાભી! તમે એને સમજાવો. સાચું કહું, તો એ બધી મિલકત ચિત્તના બાપની જ છે!' ગોપાળે કહ્યું. 'એ કાંઈ અણહક્કનું ઓછું જ લેવું છે?'

'એ તો કાકા, જે જેના હક્કનું હોય એ ભોગવે. કાકાના હક્કની હોત, તો એ ભોગવત, ને આવો અકસ્માત ન બનત. મારા હક્કની હશે, તો મને મળી રહેશે.'

ગોપાળે એને સમજાવવા ઘણો પ્રયત્ન કર્યો, પણ ચિત્ત એકનો બે ન થયો. ગોપાળ જાણતો હતો કે, હવે બધી મિલકત

ચિત્તના હાથમાં જ આવવાની છે, અને તેથી તો, તે તેની ખુશામત કરવા અહીં આવ્યો હતો. પણ ચિત્ત એનું માન્યું નહિ.

એવામાં ચિત્તનો મામો ત્યાં આવી લાગ્યો. ચિત્તની માએ તેને સર્વ હકીકતની જાણ કરી અને કહ્યું: 'ગોપાળભાઈ ચિત્તને બોલાવવા આવ્યા છે. કહે છે, "શેઠ અંતકાળ છે. ચિત્તને પેઢી પર મોકલો. મિલકત સંભાળવી પડશે." પણ ચિત્ત ત્યાં જવા માગતો નથી.'

'કેમ ચિત્ત?' મામાએ પૂછયું.

'મામા! એનું કારણ મને ન પૂછો. હજુ કાકાના પ્રાણ એમના દેહમાં છે, ત્યાં સુધી એ મિલકત પર મારો અધિકાર નથી. આવી અધીરાઈ મને પસંદ પણ નથી. ગોપાળકાકા! હમણાં હું ને મારી મા હોસ્પિટલે જઈએ છીએ. તમે યોગ્ય લાગે તેમ કરો.'

ચિત્તના મામાને લાગ્યું કે, ગોપાળની વાત દુર્લક્ષ કરવા જેવી નથી. ચિત્ત તો લાગણી પ્રધાન છે, એટલે માનશે નહિ; પણ એનું હિત મારે સંભાળવું જોઈએ. એણે કહ્યું:

'ગોપાળભાઈ! ચિત્ત સાચું કહે છે. એ ભલે હોસ્પિટલે જાય. હું તમારી સાથે આવું છું; ચાલો.'

ચિત્તનો મામો સાથે આવે, તે ગોપાળને ગમ્યું તો નહિ, પણ એ ના પાડી શકયો નહિ. એણે કહ્યું: 'હા, તમે આવો એ પણ ઠીક છે.

ચિત્ત અને તેની મા હોસ્પિટલે આવ્યાં, ત્યારે શેઠ છેલ્લો શ્વાસ લઇ રહ્યા હતા. ચિત્તે પૂછયું: 'કાકા! કંઇ કહેવું છે?

કંઈ દાન–પુણ્ય, કંઈ મિલકતની વ્યવસ્થા ?' પણ શેઠ અત્યારે ઉત્તર આપી શકે, એ સ્થિતિમાં નહોતા.

જ્યારે દીનદયાળના રામ રમી ગયા, ત્યારે ચિત્તના મામાએ પોતાના ભાણેજના હિતમાં પેઢીના ચોપડા અને તિજોરી સંભાળી લીધી.

ચિત્તનો મામો ગરીબ છતાં, પ્રમાણિક માણસ હતો. ઇન્દોરના એક મોટા વેપારીની પેઢીમાં તે મુનીમ હોઈને ધંધાનો જાણકાર અને કુશળ હતો. શેઠ દીનદયાળની પેઢીના ધંધાની અને મિલકતની બધી માહિતી એણે ટૂંક વખતમાં મેળવી લીધી. ચિત્તરંજન બી. એ. સિનિયરમાં હોઈને એનો અભ્યાસ પરીક્ષા સુધી ચાલુ રાખવામાં આવ્યો; પરંતુ તેનો મામો એને પેઢીના કામકાજથી વાકેફ રાખતો જતો હતો, તેથી એનું મન ધીમે ધીમે વેપારમાં ખૂંચતું ગયું. પરીક્ષા પછી એણે કોલેજ છોડી, અને પેઢીનું કામકાજ હાથમાં લીધું.

ગોપાળ જૂનો માણસ હોવાથી, અને વહીવટની બધી લગામ એના જ હાથમાં હોવાથી થોડા મહિના માટે એનું મુનીમપદ ચાલુ રાખવામાં આવ્યું હતું; પરંતુ ચિત્તના મામાને એના ઉપર વિશ્વાસ ન આવવાથી છેવટે એને રજા આપવામાં આવી, અને ચિત્તના મામાએ તેની જૂની નોકરી છોડી દઈને ભાણેજની પેઢીનું મુનીમપદ સંભાળ્યું.

ગોપાળ નિરાશ થયો. એની નોકરી જતાં, નોકરી અંગે જે માન–સન્માન મળતું, તે પણ ગયું. શેઠના અવસાન વખતે એણે પેઢીમાં કંઈક ગોટાળો કરેલો, એ વાત છૂપી નહોતી રહી. એટલે બીજી કોઈ પેઢીમાં પણ એને સ્થાન મળે એવું નહોતું રહ્યું. નોકરી દરમ્યાન એણે કોઈ સાથે સારા સંબંધો તો નહોતા બાંધ્યા, પણ મુનીમપદના અભિમાનમાં ઘણા સાથે વેર

બાંધ્યું હતું. એના હલકા ચારિત્ર્યને છુપાવવાનો પ્રયાસ કરવા છતાં પણ, એ ઉઘાડો પડી ગયો હતો, અને સમાજમાંથી તો એની પ્રતિષ્ઠા નાશ જ પામી હતી. નોકરી ચાલુ હોવાને કારણે તેની કેટલીક મર્યાદા લોકો જાળવી રહ્યા હતા, તેનો હવે લોપ થયો, અને તેની ઉઘાડી નિન્દા થવા લાગી.

નોકરી, અંગત વેપાર, અને કાળાંધોળાં કરીને તેણે સારૂં ધન એકઠું કર્યું હતું, એટલે કમાવાની એને કશી ચિંતા નહોતી. એના પ્રત્યે સમાજના તિરસ્કારનો જુવાળ વધતો જતો હતો, જ્યાં ત્યાં એનું અપમાન થઈ રહ્યું હતું, અને શેઠ દીનદયાળની પેઢીના કરજદારો, જેઓ તેને નમી નમીને સલામ કરતા, તેઓ હવે તેને ગાળો દેવા લાગ્યા હતા.

આ બધાંથી કંટાળીને, આખરે, ગોપાળે પોતાના બિસ્તરા બાંધ્યા; અને ઇન્દોરને છેલ્લા રામ રામ કરી, પોતાના વતન ગુજરાતમાં જઈને શેષ જીવન પૂરૂં કરવા, પ્રયાણ કર્યું.

જતાં જતાં પણ, પંકજ ઉપરનો કેસ પાછો ખેંચાવી લેવાની સન્મતિ એને ન સૂઝી.

પ્રકરણ વીસમું ....અભિનેત્રી

હિન્દના સિનેમાશોખીનોમાં 'મિસ મંજરી 'નું નામ ખૂબ પ્રખ્યાતીમાં આવી ગયું હતું. સિનેમાજગતની આ વિખ્યાત અભિનેત્રી જેવી લાવણ્યવતી, તેવી જ કાર્યકુશળ પણ હતી. એનો કંઠ મધુર હતો અને એને યોગ્ય રીતે કેળવીને એણે 'સંગીત વિશારદા 'નું બિરુદ પ્રાપ્ત કર્યું હતું. એના પ્રશંસકો એની મુખમુદ્રાના પ્રત્યેક ભાવ ઉપર, એના અંગના પ્રત્યેક અભિનય ઉપર અને એના મુખમાંથી ઝરતા પ્રત્યેક શબ્દ ઉપર મુગ્ધ બની વાહવાહ પોકારતા. નૃત્યકળામાં તો મંજરી અજોડ ગણાતી.

માત્ર ચાર–પાંચ વર્ષની કારકિર્દીમાં મંજરીએ આટલી પ્રખ્યાતી મેળવી હતી. એને પોતાની ફિલ્મકંપનીમાં લાવવા દરેક માલિક અને દિગ્દર્શક પ્રયાસ કરી ચૂક્યો હતો. છતાં, આર્થિક લાલચોને વશ થયા વિના, તે 'કલાદર્શક ટોકીઝ 'ને જ વળગી રહી હતી. આજે તે કંપનીની નોકર મટીને ભાગીદાર બની હતી. એની મિલકત લગભગ એક લાખ સુધી પહોંચી હતી.

ચોપાટીના દરિયા કિનારે પોતાને રહેવાને માટે તેણે એક નાનો બંગલો બંધાવ્યો હતો; એનું નામ હતું: 'સ્વપ્ન વિહાર.' એ 'સ્વપ્નવિહાર'માં તે પોતાની પુત્રી ચિત્રાદેવી સાથે રહેતી.

'સ્વપ્ન વિહાર' બે માળનું કાલે પથ્થરનું નાજુક મકાન છે. આંગણામાં ફૂલના છોડ અને લતામંડપથી શોભતો નાનો બાગ છે. બીજે માળે મિસ મંજરીનું ખાનગી નિવાસસ્થાન છે. પહેલે માળે એની કચેરી અને દીવાનખાનું છે. ભોંયતળિયે 'ડ્રોઈંગ રુમ' તથા મંજરીની દાસીઓ મેના અને માલતીનું નિવાસસ્થાન છે.

મંજરીના પૂર્વજીવન વિષે ઘણી વાતો પ્રચલિત હતી. તેમાંની કેટલીક અનુમાનો પર રચાયેલી હતી, તો કેટલીક કેવળ ગપ્પાં પર બંધાયેલી હતી. કોઈ કહેતા, એ કલકત્તાવાળી ગૌહરજાનની શિષ્યા છે; કોઈ કહેતા, એ ભારતવિખ્યાત નર્તકી વીણાદેવીની પુત્રી છે; તો કોઈ એમ પણ કહેતા કે, એ મુંબઈના એક ધનાઢ્ય વેપારીની પત્ની છે, અને કલાના શોખ માત્રથી જ સિનેમામાં જોડાઈ છે. પરંતુ આ બધાં અનુમાનો નિર્મૂળ હતાં; એકેમાં સત્યાંશ નહોતો.

'કલાદર્શક ટોકીઝ'ના કથા–આલેખક કવિ હરિરામ સિવાય અન્ય કોઈને મંજરીના સાચા ઇતિહાસની પૂરી માહિતી નહોતી. એને સિનેમાસૃષ્ટિમાં ખેંચી લાવનાર એ કવિ જ હતો. એના સિવાય કોઈને ખબર નહોતી કે, મંજરીનું મૂળ નામ શું હતું, એ કુમારિકા હતી, કે પરિણીતા, એ ક્યાંથી અને કઈ રીતે આ ધંધામાં જોડાઈ હતી અને કેવી રીતે આ કળામાં કૌશલ્ય પ્રાપ્ત કર્યું હતું.

'સ્વપ્નવિહાર'ને બીજે માળે તે તેની પુત્રી સાથે રહેતી. આ માળને 'વ્યોમવિહાર' નામ આપવામાં આવ્યું હતું. હજુ સુધી એના બાંધનારાઓ અને શણગારનારાઓ સિવાય કોઈએ કદી 'વ્યોમવિહાર' જોયો નહોતો. મંજરી, ચિત્રા અને તેમની દાસીઓ મેના અને માલતી સિવાય કોઈએ કદી એમાં પ્રવેશ કર્યો નહોતો. જે કોઈ મંજરીને મળવા આવતા, તેમને તેની મુલાકાત પહેલે માળે 'વાયુવિહાર'માં જ થતી. 'વાયુવિહાર'માં અત્યાર સુધીમાં ઘણા માણસો આવી ગયા હતા, પરંતુ તેમાંના કોઈને 'વ્યોમવિહાર' વિષે કંઈ જ માહિતી મળી શકી નહોતી. 'વ્યોમવિહાર'ની રોશનીનો માત્ર પ્રકાશ બહારનાને દૃષ્ટિગોચર થતો, અને સંગીતના માત્ર સ્વરો શ્રવણગોચર બનતા.

'વ્યોમવિહાર' વિષે પણ અનેક કલ્પિત વાતો ફેલાતી. તેમાં 'મંજરીનો પ્રેમી રહે છે; ભેદી યન્ત્રો ગોઠવાયાં છે; એની શિષ્યાને એ અભિનેત્રીની ખાનગી તાલીમ આપે છે; એક યોગી પુરુષ રહે છે, જે મંજરીના ગુરુ છે, અને જેણે એની પૂર્વાવસ્થામાં મંજરીને નૃત્ય અને સંગીતની તાલીમ આપી હતી;' વગેરે. પણ આમાંની એક પણ કલ્પના સાચી નહોતી. એના વિષે માત્ર એટલી જ વાત જાહેર હતી અને સત્ય હતી કે, જાણીતો કથા-આલેખક કવિ હરિરામ એને આ કંપનીમાં લઈ આવ્યો હતો, અને એકસો રૂપિયાના પગારથી શરૂ થયેલી એની કારકિર્દી ચાર વર્ષે પંદરસો રૂપિયે પહોંચી હતી; અને છેલ્લા આઠ-દસ માસથી તે કંપનીની મુખ્ય ભાગીદાર બની હતી.

પોતાનું પૂર્વજીવન મંજરી ભાગ્યે જ યાદ કરતી. એ જીવનનાં અનેક દુઃખદ સ્મરણોને એણે ભૂલ્યાં હતાં. એ માત્ર

એટલું જ સર્વદા સ્મરણમાં રાખતી કે, તે ઉચ્ચ કુળમાં જન્મેલી બ્રહ્મપુત્રી છે; અને તેથી તેણે પોતાના જીવનને નૈતિક રીતે નિર્મળ અને પવિત્ર રાખવું જોઈએ. સમાજની નિંદા, કે પ્રશંસાની પરવા એણે છોડી હતી; પરંતુ એ દરેક કાર્યમાં ઈશ્વરને સાક્ષીરૂપ રાખતી; અને પોતાનો અંતરાત્મા સંતોષ પામે, એવું જ પગલું ભરતી. એનો જીવનમાર્ગ તો નક્કી થઈ ચૂક્યો હતો. એમાં એને પ્રતિષ્ઠા અને ઐશ્વર્ય બન્ને મળી ચૂક્યાં હતાં. પરમ સુખ અને સન્માન પૂર્વક એ જીવન ગાળતી હતી.

એ પોતે અભિનેત્રી બની હતી, અને તે ધારે તો પોતાની પુત્રીને પણ પોતાના જેવી જ કુશળ અભિનેત્રી બનાવી શકે. માતાનાં મુખલક્ષણો, લાવણ્ય, સ્વરમાધુર્ય અને ભાવમયતાના સંસ્કારો પુત્રીમાં ઊતર્યાં હતાં. પણ મંજરીની ઇચ્છા એને પોતાના માર્ગથી દૂર, સુદૂર રાખવાની હતી. એનો પિતા જો એને સ્વીકારે, તો એને સોંપવા એ તૈયાર હતી; જો કે, એ આશા ઓછી હતી ગમે તેમ પણ સામાન્ય ગૃહજીવનમાં એને જોડવાનો એનો ઇરાદો હતો. જે સમાજે એને વિના વાંકે તરછોડી હતી, તે સમાજ પ્રત્યે એને રોષ હોવા છતાં, અંતરના ઊંડાણમાં એને એ જ સમાજમાં પોતાનું સ્થાન હોય, એ ગમતું, અને તેથી એની પુત્રી એ જ સમાજનું અંગ બનીને સામાન્ય ગૃહસ્થીજીવન ગાળે, એવી એની પ્રબળ ઇચ્છા હતી.

આથી એનામાં સિનેમાજગતના સંસ્કાર ન પડે, એની તે પૂરતી કાળજી રાખતી. તે એને 'સ્ટુડિયો' કે 'થિયેટર'માં ભાગ્યે જ લઈ જતી, તેમ જ એ વિષયમાં એની સાથે ભાગ્યે જ વાત કરતી. ચલચિત્રોની દુનિયાના અભિનેતા, અભિનેત્રી, કે દિગ્દર્શકો સાથે એ સંસર્ગમાં ન આવે, માટે તો એણે સૌ કોઈને મળવા માટે કચેરી અને દીવાનખાનું

'વાયુવિહાર' માં રાખ્યું હતું. 'વ્યોમવિહાર' માં પ્રવેશવાનો કોઈ માનવીને અધિકાર નહોતો—કવિ હરિરામને પણ નહિ.

ચિત્રા જ્યોતિબહેનની 'ગર્લ્સ હાઈસ્કૂલ' માં અભ્યાસ કરતી. આ હાઈસ્કૂલ 'ચોપાટી' અને 'મરીનડ્રાઈવ' ની વચ્ચેના લત્તામાં આવેલી હતી. મંજરી લગભગ અગિયાર વાગ્યે સ્ટુડિયો પર જતી, ત્યારે તે ચિત્રાને પોતાની સાથે જ મોટરમાં લઈને શાળાએ મૂકતી જતી; અને કોઈ પણ સંજોગોમાં સાડાચાર વાગ્યે સ્ટુડિયોથી નીકળી પડતી, અને શાળાએથી ચિત્રાને લઈને ઘેર આવતી. પોતે જ્યારે અગત્યના કામે રોકાઈ હોય, ત્યારે ચિત્રાને માલતીની દેખરેખ નીચે મૂકતી.

ચિત્રાના અભ્યાસ માટે પણ તે પૂરેપૂરી કાળજી રાખતી. મેના રસોઈ કરતી, અને ચિત્રાને ભરત, ગૂંથણ, રસોઈ વગેરે શીખવતી. સંગીતનું જ્ઞાન એને પોતે જ આપતી. અંગ્રેજી ને હિંદી ભાષાના અભ્યાસમાં તે વધુ પ્રગતિ કરી શકે, તે માટે તેણે જ્યોતિબહેન પાસે એક કુશળ શિક્ષિકાની માગણી કરી હતી, અને જ્યોતિબહેને સરોજ માટે ભલામણ કરતાં, મંજરીએ તે સ્વીકારી હતી. ત્યારથી, સરોજે ચિત્રાના અભ્યાસની જવાબદારી લીધી હતી. પગાર પણ એને સંતોષકારક મળતો હતો.

સરોજ જ્યારે પ્રથમ મંજરીને મળવા ગઈ, ત્યારે એને મંજરીનો ચહેરો અને સ્વર જરા પરિચિત લાગ્યાં. એ એના સહવાસમાં પણ કોઈવાર આવી હોય, એવું એને લાગ્યા કર્યું. પણ અંતે એણે નક્કી કર્યું કે, એ તો માત્ર ભ્રમણા છે. સિનેમાની અભિનેત્રી સાથે એને પરિચય ક્યાંથી હોય? કદાચ

રૂપેરી પડદા ઉપર એને એક–બે વખત જોઈ હતી, એટલે જ એ પરિચિતા લાગતી હોય !

પણ, એ ભ્રમણા નહોતી. સરોજ મંજરીને ઓળખી શકી નહિ, પણ મંજરી તો સરોજને પ્રથમ દર્શને જ ઓળખી શકી હતી. એણે સરોજના હાથમાં ચિત્રાને સોંપતાં કહ્યું: ‘બહેન ! આ છોકરીને તારે તારી નાની બહેન સમજીને જ શિક્ષણ આપવાનું છે. એને તારે આદર્શ નારી બનાવવાની તાલીમ આપવાની છે. મને ખાતરી છે કે, તું એનામાં તારા સંસ્કારો સીંચીને ઉત્તમ નારીરત્ન બનાવશે.’ સરોજને આથી વધુ ભલામણ કરવાનું મંજરીને જરૂરી ન લાગ્યું.

મંજરીની ઉમર સરોજને પોતાના કરતાં માત્ર દસબાર વર્ષ વધુ લાગી. આ ઉમરની સ્ત્રી, પોતાને તુંકારે બોલાવે, એ એને જરા અપમાનજનક લાગ્યું; પરંતુ એનો મધુર સ્વર, માયાળુ શબ્દો અને માનભર્યું વર્તન એને બહુ જ ગમ્યું. એનામાં એને સિનેમાની અભિનેત્રીનો ગર્વ અને તોછડાઈ ન દેખાયાં, પણ ગૃહિણીનો વિનય દેખાયો. મંજરીએ સરોજને એના પિતાનું નામ, એના ભાઈના સમાચાર, એના પતિનો ધંધો, વગેરે પૂછીને એટલી નિકટતા દર્શાવી હતી કે, સરોજને પ્રથમ પરિચયે જ મંજરીમાં આત્મીયતા જણાવા લાગી. સરોજની માતા એની કિશોરાવસ્થામાં અવસાન પામી હતી. એને મોટી બહેન નહોતી. મામી કે માસીનો સ્નેહ એ પામી શકી નહોતી. આ એક જ સ્ત્રી—મંજરી—હતી, જે એને તુંકારે બોલાવતી હતી, છતાં એ તુંકારામાં વાત્સલ્યનો ભાવ હતો. મંજરીના પરિચયથી સરોજને આનંદ થયો; અને તેણે ચિત્રાને શિક્ષણ આપવાનું કાર્ય હોંસભેર શરૂ કર્યું.

પણ સરોજનું આ ‘ટ્યુશન’ ત્રણ દિવસ ચાલ્યું. ચોથે

દિવસે કીર્તિએ તેને કહ્યું: 'સિનેમાની નટીને ત્યાં જવું તારે માટે ઠીક ન કહેવાય. છોકરીને આપણે ઘેર ભણવા આવવું હોય, તો ભલે આવે; નહિતર ચાળીસ રૂપિયા જતા કરવા.'

એવો પ્રસંગ ભાગ્યે જ બનતો કે, જ્યારે કીર્તિએ સરોજને કોઈ પ્રવૃત્તિ કરતી અટકાવી હોય. એટલે આ પ્રસંગે કીર્તિની ઇચ્છા સરોજે કશી દલીલ કર્યા વિના સ્વીકારી લીધી અને કહ્યું : 'ભલે, આજે ના કહી દઈશ.'

સરોજે તે જ સાંજે મંજરીને જઈને કહ્યું: 'બહેન! હું દિલગીર છું કે, ચિત્રાને ભણાવવાનું મારાથી નહિ બને.'

'કેમ, શું થયું? તને વાંધો ન હોય, તો હું કારણ જાણવા માગું છું.' મંજરીએ કહ્યું.

'મારા પતિની એવી ઇચ્છા છે કે, મારે ટ્યુશન આપવા કોઈને ઘેર ન જવું.'

'બીજું કંઈ?'

'ના. એ જ.'

'પગાર ઓછો પડતો હોય, તો હું વધારે આપવા ખુશી છું. આ શહેરમાં અંગ્રેજી સાથે હિંદી પણ શીખવી શકે એવી બહેનો ભાગ્યે જ મળે. વળી તું આટલી નજીક રહે છે, જ્યોતિબહેનની તારા માટે ખાસ ભલામણ છે, અને ચિત્રાને તારું શિક્ષણ ગમે છે; એટલે તારી જે કંઈ મુશ્કેલી હોય, તે ટાળવા હું કોશિશ કરું.'

'ના, બહેન! પગારની કે એવી બીજી કોઈ જ મુશ્કેલી નથી. મેં તમને કહ્યું, એ જ ખરું છે.'

મંજરી સરોજને છોડવા ઇચ્છતી નહોતી. એટલે તેણે કહ્યું: ચિત્રાને તારે ભણાવ્યા વિના છૂટકો જ નથી. જે જાતનું શિક્ષણ હું તેને અપાવવા માગુ છું, તે તું જ આપી શકશે. ભલે, કાલથી ચિત્રા તારે ત્યાં આવશે. એમાં તો તારા પતિને વાંધો નથી ને?'

'ના. એમાં કશી અડચણ નથી.'

એટલે તે દિવસથી ચિત્રાને સરોજને ત્યાં મોકલવાનું નક્કી થયું.

ઘેર આવી સરોજે કીર્તિને કહ્યું: 'મંજરીબ્હેને ચિત્રાને અહીં મોકલવાનું સ્વીકાર્યું છે. હું ધારું છું કે, એમાં તમને કશો વાંધો નથી.'

'ના, મારે બીજો કંઈ વાંધો નથી. 'એક્ટ્રેસ' * ને ત્યાં જવામાં નાહક લોકનિંદાને પાત્ર બનીએ.' કીર્તિએ કહ્યું.

'કાન્ત! તમારી આજ્ઞા અવગણવાનું મને ગમતું નથી; માટે જ તે મેં માન્ય કરી છે. પણ ન્યાય ખાતર મારે એટલું કહેવું જોઈએ કે, મંજરીબ્હેનમાં એક્ટ્રેસના અવગુણ તો મેં જોયા નથી, પણ સન્નારીના અનેક સદ્દગુણો મેં જોયા છે. કેટલી સરળતાથી એણે ચિત્રાને આપણે ત્યાં મોકલવાની હા પાડી!' સરોજે કહ્યું.

'એને હું ઓળખું જ જાણું છું કે, એ કેવી સરળ કે સદ્દગુણી છે! સામાન્ય રીતે અભિનેત્રીઓ વિષે લોકોમાં બહુ હલકો અભિપ્રાય હોય છે. સમાજને નિંદા કરવાનું સહેલાઈથી આવડે છે; વિવેકપૂર્વક વિચાર કરવાનું નથી આવડતું, સરોજ!'

---

* અભિનેત્રી

'સારી વાત છે, કાન્ત! બાપુજીની વિરુદ્ધમાં જઈને તવંગર છતાં, તમે મારા જેવી ગરીબ કન્યા સાથે લગ્ન કરીને છૂપી રીતે અહીં નાસી આવ્યા, ત્યારે તમને લોકનિંદાનો ભય નહોતો લાગ્યો! લોકનિંદાનો ભય રાખ્યે આપણે પણ લોકમાનસને અનુસરતાં થઈ ન જઈએ, એટલી સાવચેતી રાખવાની છે.' કહીને સરોજ ઘરમાં ચાલી ગઈ.

કીર્તિ પાસે આનો ઉત્તર નહોતો. કીર્તિ સમાજથી નહિ, સરોજથી ડરતો હતો. એણે સરોજને કહ્યું હતું: 'સિનેમાની નટીને ત્યાં જવું ઠીક ન કહેવાય.' પણ એ નિયમ સરોજ માટે હતો, પોતાના માટે નહિ. નાટક, સિનેમા, ચિત્રપટ, બોલપટ, નટનટીઓ વગેરેનો એને ભારે શોખ હતો. એના ચિત્રસંગ્રહમાં જુદી જુદી નટીઓના સો–દોઢસો ફોટાઓ હતા. એના ઘરની દીવાલો પર નટીઓની પંદર–વીસ છબીઓ લટકતી હતી. સિનેમાને લગતાં ચાર–છ પત્રો એ દર મહિને ખરીદતો. અનેક નટીઓ સાથે સંસર્ગમાં આવવા એ મથતો. કોલેજના સહાધ્યાયીઓ અને મિત્રો સાથેની ચર્ચામાં મુખ્ય વિષય કોલેજની કન્યાઓ અને સિનેમાની નટીઓનો જ રહેતો. એ રસિક હતો, કળા અને સૌંદર્યનો પિપાસુ હતો, જાતીય આવેગથી રંગાયેલો હતો. આ કંઈ નવું નહોતું; એ તો સહજ હતું. ઇન્દોરમાં જે વૃત્તિ અતૃપ્ત રહી હતી, એ તૃપ્ત કરવાની અહીં તક મળે એમ હતું. એ તક શા માટે ન લેવી?

તે બી. એ. સિનિયરમાં આવ્યો, ત્યારથી સરોજે એના અભ્યાસ ખાતર શાળાની નોકરી સ્વીકારી હતી. ત્યારથી સરોજ બહુ પ્રવૃત્ત રહેતી, એટલે કીર્તિએ મિત્રોની સાથે વધુ વખત ગાળવાનું શરૂ કર્યું હતું. સિનેમા કંપનીના દિગ્દર્શકો સાથે મૈત્રી બાંધીને, એ 'સ્ટુડિયો'માં જતો આવતો થયો હતો.

કૉલેજના 'પિરિયડો'× છોડીને એ ઘણીવાર ફિલ્મોનું 'શૂટિંગ'* જોવા જતો. ત્યાં તે અનેક અભિનેત્રીઓ સાથે સંસર્ગમાં આવતો. એમની સાથે એ પરિચય વધારતો થયો હતો.

કળા અને સૌંદર્યનો શોખ એણે કેળવ્યો હતો, અને એ વિષયનાં અનેક પુસ્તકો પણ તેણે વાંચ્યાં હતાં. મિત્રોની ચર્ચામાં તેનો અભિપ્રાય પ્રમાણભૂત ગણાતો. મિત્રમંડળમાં જ્યારે અભિનેત્રીઓની તુલના થતી, ત્યારે તે મંજરીને સર્વશ્રેષ્ઠ સ્થાન આપતો. એના રૂપગુણનાં, અભિનયકળાનાં, સ્વરમાધુર્યનાં, કે અંગમરોડનાં વખાણ કરતાં, એ થાકતો નહિ. એની તુલનામાં મંજરી સામે કોઈપણ સ્ત્રી હળવી લાગતી.

અને સરોજ? એ માનતો: સરોજ સુંદર હતી, ગુણવાન હતી, તેજસ્વી હતી, પ્રેમાળ હતી, પતિ માટે સર્વસ્વ ભોગ આપનારી હતી. પત્ની તરીકે એ સર્વાંશે યોગ્ય જ હતી. એના સ્થાન ઉપર મંજરી ન શોભે.

એ કહેતો: સરોજ તે સરોજ, ને મંજરી તે મંજરી. મંજરીની અદ્ભુત કળા, એનો મોહક અંગમરોડ અને પદલાલિત્ય, એનો મનોહારી અભિનય—એ બધું સરોજમાં ન મળે. જીવનમાં પ્રેમ અને વિશ્વાસ જોઈએ, તો સરોજ પાસે મળે; પ્રમોદ અને રંગરાગ જોઈએ, તો મંજરી પાસે મળે. સરોજ વૃત્તિઓને તૃપ્ત કરે, મંજરી વૃત્તિઓને ઉશ્કેરે.

કીર્તિને સરોજ અમુક અંશે અપૂર્ણ લાગતી; તેમ મંજરી પણ અમુક અંશે અપૂર્ણ લાગતી. બન્નેમાં અપૂર્ણતા હતી. પૂર્ણતાની પ્રાપ્તિ માટે બન્નેનો સંસર્ગ આવશ્યક હતો.

×અભ્યાસના કલાકો. * ફિલ્મ ઉતારતી વખતનું દૃશ્ય.

કીર્તિ કોઈ કોઈ વાર 'કલાદર્શક ટોકીઝ'ના સ્ટુડિયોમાં જતો. કવિ હરિરામ મારફત મંજરી સાથે પણ તેણે પરિચય સાધ્યો હતો. એને મળવા તે 'સ્વપ્ન વિહાર'માં જતો આવતો થયો હતો. મંજરી બહુ વિવેકી અને નમ્ર હતી. નિષ્પ્રયોજન પોતાને ત્યાં આવનારને પણ તે સદા સત્કારતી. એની કુશળતા કે સંપત્તિનો એને ગર્વ નહોતો. આ ધંધો સ્વીકારવા માટે તેના મનમાં ખેદ રહ્યા કરતો. માત્ર નિરાધાર અને અર્થહીન દશામાંથી ઊગરી જવા પૂરતો જ એને સંતોષ હતો. કીર્તિની વાતોમાં એને રસ પડતો, કારણ કે, એ એક જ કેળવાયેલો જુવાન હતો, જે એને ત્યાં આવતો જતો. એ રસજ્ઞ હતો, બુદ્ધિશાળી હતો, સભ્ય હતો; અને તેથી મંજરીને એનો પરિચય ગમતો. કીર્તિની કળા, સૌંદર્ય અને રસ ઉપરની સમીક્ષા, સાહિત્યચર્ચા, ફિલ્મોનાં અવલોકનો અને નટનટીઓની તુલના, એ બધું મંજરીને એની પાસેથી સાંભળવાનું ગમતું. મંજરી કુશળ અભિનેત્રી તરીકે વિખ્યાત થઈ હોવા છતાં પણ, કળાના વિજ્ઞાનથી એ અજ્ઞાત હતી. આ વિષયના માત્ર અનુભવ સિવાય કશો વ્યવસ્થિત અભ્યાસ એણે કર્યો નહોતો; અને તેથી કીર્તિ પાસેથી એને ઘણું નવું જાણવાનું મળતું.

કીર્તિ મંજરીને ત્યાં ઘણી વાર જતો; પરંતુ સરોજે એને ત્યાં જવાનું શરૂ કર્યું, એ કીર્તિને ન રુચ્યું. મંજરી ગમે તેવી સંસ્કારી છતાં, તે નટી હતી. નટી માટે લોકોનો મત બહુ હલકો હોય છે. પતિવ્રતા સ્ત્રીથી નટીનો પડછાયો પણ કેમ લેવાય? નટીને ત્યાં સામાન્ય રીતે હલકા લોકો આવતા હોય છે, ત્યાં ગૃહિણીથી કેમ જવાય?

આ બહાને, કીર્તિએ સરોજને મંજરીને ત્યાં જવાની ના કહી. પણ એની પાછળ એક બીજો વિચાર મુખ્ય હતો કે,

પોતે ત્યાં જાય–આવે છે, તેની જાણ સરોજને થવી ન જોઈએ. કીર્તિને સરોજનો એટલો ડર લાગ્યો.

છતાં, પોતે મંજરીને ત્યાં જવામાં કંઈ ખોટું કરે છે, એમ કીર્તિને લાગતું નહિ. સરોજનો ડર એને એટલા માટે હતો કે, પોતાના આગમન વિષે સરોજના મનમાં શંકા ઉપસ્થિત થાય, તો એના સુખી ગૃહસંસારમાં કલેશનું વિષ રેડાય સરોજ ગમે તેટલી સુશિક્ષિત અને ઉદાર છતાં, આખર તો સ્ત્રી જ હતી. સ્ત્રીના હૃદયને શંકાશીલ બનતાં શી વાર!

પુરુષ દીર્ઘકાળથી સ્ત્રીને મંદબુદ્ધિની, નિર્બળ મનની અને સંશયથી ઘેરાયેલી માને છે; પરંતુ પુરુષને જે કેળવણી અને પ્રગતિની તકો મળે છે, તે સ્ત્રીને મળે, તો માલૂમ પડે કે, સ્ત્રી કરતાં પુરુષ કેટલો મંદબુદ્ધિનો, નિર્બળ મનનો, અને સંશયથી ઘેરાયેલો હોય છે.

સરોજે મંજરીને ત્યાં જવાનું બંધ કર્યું; અને ચિત્રા અભ્યાસ માટે પોતાને ત્યાં આવે, એમ નક્કી થયું, એ કીર્તિને બહુ જ ગમ્યું. એણે ચિત્રા વિષે ઘણી વાતો સાંભળી હતી, પણ એણે કદી એને જોઈ નહોતી. ચિત્રા પોતાને ત્યાં આવે, તો એને કંઈ વાંધો નથી, એમ કહેવામાં એનો એ પણ હેતુ હતો કે, જેના સૌંદર્ય વિષે ઘણી વિગતો સાંભળવામાં આવતી હતી, એ ચિત્રાને પોતાને ત્યાં જ જોવા–મળવાની એને તક મળે. એ હેતુ પાર પડ્યો હતો.

ચિત્રાના પ્રથમ દર્શને કીર્તિને એનામાં મંજરીની હૂબહૂ આકૃતિ જણાઈ. એ જ સૌંદર્ય, એ જ લાલિત્ય, એ જ મુખાકૃતિ, એ જ નયનોનું તેજ; અને વધુમાં ખીલતી કળી જેવું નવયૌવન સરોજ અને ચિત્રા પાસે પાસે બેઠાં હતાં; ત્યાંથી

પસાર થતાં, માત્ર દૃષ્ટિ ફેંકતાં એનાથી તુલના થઈ ગઈ. બન્ને રૂપવતી હતી. સરોજનું સૌંદર્ય પુષ્પહારમાં ખીલી ઊઠેલા, હસતા ગુલાબ જેવું હતું; ચિત્રાનું સૌંદર્ય અર્ધ બિડાયેલી, ખીલી રહેલી, મોગરાની કળી જેવું હતું. સરોજ ચિરપરિચિતા હતી; ચિત્રા અપરિચિતા હતી, એટલું એનું આકર્ષણ વધારે હતું.

ચિત્રા સાથે પરિચયમાં આવવાની કીર્તિને ઘણી ઇચ્છા હતી; પણ સરોજ ત્યાં હાજર જ હોય. ચિત્રાની દાસી માલતી પણ સાથે જ હોય. અને તેથી તે ઘણા વિચારો અને ઘણી યોજનાઓ ઘડવા છતાં, એના પરિચયમાં આવવાને સફળ થયો નહિ.

સરોજ કોઈવાર ચિત્રા સાથે એને ત્યાં જતી; પણ કીર્તિ એમાં વાંધો ન લેતો. સરોજના પ્રભાવથી તે જરા અંજાતો પણ ખરો; એટલે એની ઇચ્છાનો એ અવરોધ કરી શકતો નહોતો.

એક દિવસે સરોજ ચિત્રા સાથે 'સ્વપ્નવિહાર'માં ગઈ હતી. મંજરી પુસ્તક વાંચતી 'ચોગનવિહાર'ના આરામખંડમાં બેઠી હતી. પુસ્તકને ત્રિપાય પર મૂકી, એણે સરોજનું સ્વાગત કર્યું, અને સરોજને પોતાની પાસે સોફા પર બેસાડી.

ચિત્રા ઘણીવાર મંજરી પાસે સરોજનાં, એના પતિનાં, ને એમના સ્વભાવ તથા ગૃહવ્યવસ્થાનાં વખાણ કરતી. એ સાંભળીને મંજરીના મનમાં એ દંપતી વિષે ઘણા ઊંચા ખ્યાલો બંધાયા હતા. પરંતુ, કીર્તિ અને પોતાને ત્યાં આવતો જતો યુવાન, એ બન્ને એક જ વ્યક્તિ હશે, એની એને કલ્પના આવી શકી નહોતી.

ચા-નાસ્તો લીધા પછી, ફળો ખાતાં ખાતાં સરોજની નજર ત્રિપાય પરના પુસ્તક પર પડી. એણે વાંચ્યું: 'મૂડીવાદના ઓળા નીચે : લેખક 'મઝદૂર'.

'તમને વાચનનો ઠીક શોખ લાગે છે!' સરોજે પુસ્તક સામે જોઈને પૂછ્યું.

'પહેલાં તો વખત પસાર કરવા વાંચતી. પછી શોખ લાગ્યો. હવે તો વાંચવાની લત પડી ગઈ છે. બપોરે કે રાત્રે વાચન વિના ચેન ન પડે.' મંજરીએ કહ્યું: 'આ પુસ્તક હમણાં જ પૂરું કર્યું. આપણા દેશનો મૂડીદાર વર્ગ એના પંજામાં સપડાયેલા મજૂરો ને કિસાનોનું કયા પ્રકારે શોષણ કરી રહેલ છે, તે દર્શાવતી નવલિકાઓ એમાં આલેખવામાં આવી છે. કલમ અદ્‌ભુત છે!'

સરોજે પુસ્તક હાથમાં લીધું, અને પાનાં ફેરવ્યાં.

'મેં વાંચી લીધું છે.' મંજરીએ કહ્યું: 'જોઈએ તો તું લઈ જા. લેખકે નીચલા વર્ગના જીવનનું આબેહૂબ પ્રતિબિંબ પાડ્યું છે!'

શરબત પીધા પછી સરોજ ઘેર ગઈ, ત્યારે એ પુસ્તક સાથે લેતી ગઈ.

ઘેર ગયા પછી, તે જ રાત્રે એ પુસ્તક એણે વાંચવા માંડ્યું. પહેલી કથા એક દેવાદાર કિસાનની હતી. શાહુકારે એની અજ્ઞાનતા અને તંગ હાલતનો લાભ લઈને, વ્યાજને નામે એને પાયમાલ કર્યો હતો, એની ઝૂંપડી પર જપ્તી લાવ્યો હતો, અને એની સુવાવડી સ્ત્રીને પહેરેલે કપડે ઘર બહાર નીકળવું પડ્યું હતું.

સરોજે આ વાર્તા અગાઉ ક્યાંય વાંચી હોય, એમ એને જણાયું. એણે વિચાર્યું, બહુ વિચાર્યું; અને એના સ્મરણમાં એ પ્રસંગ તરી આવતાં એનું મન ચમકી ઊઠયું. આ વાત તો પંકજે જ તેને કહી હતી. એ વાર્તા નહોતી, બનેલો બનાવ હતો. દીનદયાળ શેઠે એના દેવાદાર કિસાન બુધુની આ હાલત કરી હતી. જપ્તી વખતે પંકજ ત્યાં હાજર હતો, અને તેના દિલમાં કરુણા ઊપજવાથી એણે નોકરી છોડી હતી. એણે વિચાર્યું: 'આ વાર્તા પંકજે જ ન લખી હોય!'

પછી એણે બીજી વાર્તાઓ વાંચી. 'એની જ ભાષા! એની જ શૈલી! શાળાના 'મેગેઝિન×'માં પણ તે આવી જ વાર્તાઓ લખતો.

ત્યારથી સરોજે પંકજની તપાસ શરૂ કરી. પુસ્તક ઉપર પ્રકાશન સંસ્થાનું નામ છાપેલું હતું; એ સંસ્થા પણ મુંબઈમાં જ હતી. પુસ્તક આ જ મહિનામાં પ્રગટ થયું હતું. બીજે દિવસે તે એ સંસ્થાની 'પ્રિન્સેસ સ્ટ્રીટ' ઉપર આવેલી દુકાને ગઈ, અને પ્રકાશકને શોધી કાઢ્યો.

'આ પુસ્તક આપે પ્રસિદ્ધ કર્યું છે?' તેણે પ્રકાશકને પૂછ્યું

'હા, જી.' કહી તેણે નોકરને બૂમ મારી: 'એક નકલ–મૂડીવાદના ઓળા નીચે!'

'નકલ તો મારી પાસે છે. મારે તો આપને એના લેખક વિષે પૂછવું છે.'

નોકર ચોપડી લઈને આવ્યો. 'પાછી મૂકી દે.' શેઠે કહ્યું.

×સામયિક પત્ર.

'એના લેખક ક્યાંના છે? અહીંના કે બહારગામના?' સરોજે પૂછ્યું.

'અહીંના હશે.' પ્રકાશકને આ વાતમાં કંઈ રસ ન પડયો.

'એનું નામ?'

'પુસ્તક ઉપર વાંચી જુઓ!' પ્રકાશકે તોછડો જવાબ આપ્યો.

'એ તો ઉપનામ છે. નામ તમે જાણતા તો હશો જ!'

'નામ તો જાણીએ જ ને!'

'મને કહેશો?'

'નામ ન કહી શકાય.'

'દેખાવે કેવા છે?'

'મજૂર જેવા! બીજા કેવા?' પ્રકાશકે કંટાળીને કહ્યું.

સરોજ જરા મૂંઝાઈ. પણ તેણે પ્રકાશકને આગ્રહ કર્યો: 'આપ મને એમનું નામ ન કહી શકો? મારે એ જાણવાની ખાસ જરૂર છે.'

'તમે કોઈ પ્રકાશનસંસ્થા તરફથી આવો છો, બહેન!' પ્રકાશકને શંકા પડી કે, આ સ્ત્રી મારફત કોઈ પ્રકાશક લેખકનું નામ જાણીને એની બીજી વાર્તાઓ પ્રગટ કરવા ઇચ્છતો હશે.

સરોજે એની શંકાનું નિવારણ કરવા કહ્યું: 'ના, જી. મને લાગે છે કે, એ મારા પરિચિત છે. આ ભાષા અને શૈલીને હું જાણું છું. મારે મારી કલ્પના સાચી છે કે ખોટી, એની

ખાતરી કરવી છે. મારે એમનું પૂરું નામ કે ઠેકાણું નથી જોઈતું. માત્ર નામ જ કહેશો તો ચાલશે.'

'તમે નાહક જીવ ખાઓ છો! ઠીક; એનો ગેરઉપયોગ ન કરતાં. એનું નામ છે 'સિરાજ', કહી તે પોતાને કામે વળગ્યો.

સરોજ નિરાશ થઈ. 'સિરાજ! પંકજ નહિ? અને... દેખાવે મજૂર જેવો! હશે કોઈ બીજું!' એમ વિચારતી દીન વદને તે આગળ ચાલી.

'પણ...વાર્તા તો એ જ કિસાનની! એ જ કલમ, એ જ ભાષા! શું એ મુંબઈમાં હશે? મજૂરી કરતો હશે? કંઈ સમજાતું નથી!'

એના મનની મુઝવણ વધી પડી. પોતાની કલ્પના શું ખોટી હતી? પંકજ મુંબઈમાં હોય, તો એને મળવા આવ્યા વિના રહે? હશે કોઈ બીજું!'

'પ્રકાશકે એને બનાવી. તો નહિ હોય ને! એને શંકા પડી હતી, એથી ખોટું નામ તો નહિ જ આપ્યું હોય ને!'

'પોતાની જાત છુપાવવા એ મજૂર વેષે ફરતો હોય! અથવા, પૈસાની મુઝવણને લીધે એ મજૂરી કરતો હોય!'

'એ અહીં હોય, તો મને મળ્યા વિના રહે? ન પણ મળે! એની કંગાળ હાલતથી એ શરમાય, અને ઘેર ન આવે, એમ પણ બને!'

આમ વિચારતી તે ઉદ્વિગ્ન ચિત્તે ઘેર આવી. તેની સાથે જ ચિત્રા અને માલતીની ગાડી ત્યાં આવી પહોંચી. ચિત્રાના અભ્યાસમાં લક્ષ આપવાની તેણે કોશિશ કરી, છતાં પંકજના વિચાર એના મગજમાંથી ખસતા નહોતા. ગમે તેમ કરીને, પંકજની પૂરી તપાસ કરવાનો તેણે મન સાથે નિર્ણય કર્યો.

પ્રકરણ એકવીસમું......................વાર્તા લેખક

કાઠિયાવાડનો પ્રવાસ પૂરો કરીને પાંચ—છ મહિને પંકજ પોરબંદર આવ્યો. એણે શહેરના લોકોને પૈસા કમાવામાં મશગૂલ પડેલા જોયા. ભણેલાઓ પણ દરબારો અને અમલદારોની ખુશામતમાં પડયા હતા. પોતાની ચારે બાજુ સળગી રહેલા દાવાનળ તરફ નજર કરવાની કોઈને દરકાર નહોતી. 'ગરીબ લોકો એના પાપે જ પીડાય છે, આપણે શું કરીએ ?' એવા ખ્યાલો સેવતો મધ્યમ વર્ગ, પોતાના સ્વાર્થ સિવાય બીજી તરફ દૃષ્ટિ કરતો નહોતો. ત્રીસ લાખની વસ્તીમાંથી ઓગણત્રીસ લાખની જનતા ભૂખે મરે છે, બેકાર રખડે છે, એનાં હાડમાંસ ગળી રહ્યાં છે, એનું લોહી શોષાઈ રહ્યું છે, એ વાતથી જાણે અજ્ઞાત હોય, એવી એક લાખની પ્રજા આરામથી દૂધ—ઘી આરોગી શકે છે; અને છેલ્લે મધ્યયુગના અવશેષો જેવા રાજા—મહારાજાઓ, નવાબો, દરબારો અને તાલુકદારો અંગ્રેજી રાજ્યના ગુલામો છતાં, પોતાની પ્રજા પાસે અભિમાનપૂર્વક ડોળદમામ રાખીને, સત્તાના ઘમંડમાં રાચે છે.

પંકજને આ રાજા—દરબારોને જોઈને અને એમના વિષેની વિચિત્ર વાતો સાંભળીને ભારે આશ્ચર્ય થયું. ઘણાખરાનું અંગત જીવન સડેલું હતું. દારૂ અને ભોગવિલાસમાં તેઓ મશગૂલ રહેતા. કેટલાકને રાજકાજની કશી માહિતી જ નહોતી. એક રાજા રાત આખી જાગતો, અને દિવસભર સૂઈ રહેતો; એક વિલાયતની મુસાફરી જ કર્યા કરતો; એક કૂતરાં પાળવાનો શોખીન હતો, અને કૂતરા—કૂતરીનાં લગ્નમાં રાચતો; એક પરદેશ જઈને લાખોનાં રમકડાં ખરીદી આવ્યો હતો; એકને ગોરી ચામડીવાળા અમલદારોને મિજલસો આપવાની ટેવ હતી, જ્યારે એ ખર્ચ માટે પોતાની પ્રજાને અતિ આકરા કરવેરા નીચે કચડવી પડતી; એકનું રાજ્ય એનો દીવાન જ ચલાવી દેતો; એક મોટા રાજ્યમાં નોકરોના પગાર બાર માસથી ચૂકવાયા નહોતા; એક મહારાજાને પોતાના બધા અવગુણોને સદ્‌ગુણો કહેવરાવી આરસની તકતી અને તાંબાના પતરા પર કોતરાવવાનો શોખ હતો; એને સ્થૂલ પ્રકાશનો બહુ શોખ હતો, તેથી પ્રજાની આંખ અંજાઈ જાય, એટલી બત્તીઓ સળગાવતો; પણ પ્રજાનાં મનમાં જ્ઞાનનો પ્રકાશ ન થઈ જાય, એની ખૂબ કાળજી રાખતો અને જ્ઞાનપ્રચાર પર પ્રતિબંધ મૂકતો; એક રાજા પ્રજા સાથે બહુ પ્રેમથી વર્તતો; પણ પ્રજા ચૂં કે ચાં કરે, તો એના પર અમાનુષી ત્રાસ વર્તાવવાનાં સાધનો તૈયાર રાખતો; એક દરબાર છ–છ મહિને કારભારી બદલતો; એક દરબાર પોતાની દેખરેખ નીચે સિક્કા પડાવવાનું કારખાનું ચલાવતો; એક દરબાર ગામ ભંગાવતો અને ધાડો પડાવતો; એક દરબાર બહારવટિયાઓને આશ્રય આપતો અને ચોરીનો માલ સંઘરતો; એક દરબાર કરજ કરીને શરતમાં ઘોડા દોડાવતો; એક દરબાર પ્રજાની વહુદીકરીઓની આબરૂ લેવાનો ધંધો કરતો; એક તાલુકદાર વેપારીઓ પાસેથી નાણાં

કઢાવીને, ગોરા અમલદારોને ચરણે ધરતો—આવા વિવિધ નમૂનાઓ એણે કાઠિયાવાડને આંગણે નિહાળ્યા. રાજાઓનાં આ વિચિત્ર, અમાનુષી, હલકાં વર્તનો અને ગુનાઓને પોષનાર, આંખ આડા કાન કરનાર અને પ્રજાની પ્રગતિ તથા જાગૃતિને કચડવામાં સહાનુભૂતિ દર્શાવનાર એજન્સીને પણ જોઈ. ઘર આંગણે પ્રજાતંત્રમાં માનનારા ગોરા અમલદારોને હિંદમાં આપખુદ તંત્ર ચલાવતા અને દેશી રાજાઓના આપખુદ તંત્રને નિભાવતા જોયા.

આ રાજાઓ અને આ પ્રજાને જોઈને પંકજને ઘણું દુઃખ થયું. પોતાના વતનની આ દશા! પોરબંદર આવતાં એને ગાંધીજી સાંભર્યા. એમણે વતનને માટે ફકીરી લીધી, અને હું શું આ સ્થિતિ જોઈને માત્ર બેસી જ રહું? આ દશા પર માત્ર આંસુ સાર્યે શો અર્થ છે? એણે નિશ્ચય કર્યો માતાનું— ભારત માતાનું ઋણ ચૂકવવાનો, વતનને ખાતર જીવવાનો અને વતનને ખાતર મરવાનો.

વિનાયકનો પત્ર ન આવે, ત્યાં સુધી એને પોરબંદરમાં રોકાવાનું હતું. દસ–બાર દિવસ રાહ જોઈ, પણ પત્ર ન આવ્યો. પત્ર ન આવ્યા સિવાય ત્યાંથી આગળ ન વધવાની વિનાયકની સૂચના હતી. એનો વિચાર પોરબંદરથી મુંબઈ જવાનો હતો. એ માટે એણે વિનાયકને પૂછાવ્યું હતું. વિનાયકે ઉત્તરમાં જણાવ્યું હતું કે, મારો પત્ર ન મળે ત્યાં સુધી મુંબઈ જવું નહિ.

વિનાયકનો પત્ર ક્યારે આવશે, એ કંઈ ચોક્કસ નહોતું. તેણે અહીં અચોક્કસ મુદત સુધી રોકાવાનું હતું. એ સમય ગાળવા માટે એણે વિચાર્યું કે, એણે હવે મજૂરી કરવી. શરીરશ્રમને એ જીવનનું આવશ્યક અંગ સમજતો હતો. શરમ

તો એને કોઈની નહોતી. એને કોઈ ઓળખતું પણ નહોતું. મજૂરોની સ્થિતિનો સાચો ખ્યાલ મેળવવો હોય, તો એણે મજૂર જ બનવું જોઈએ, મજૂરોમાંના એક થઈને રહેવું જોઈએ, અને મજૂરોનો વિશ્વાસ સંપાદન કરવો જોઈએ.

પોરબંદરમાં એક કાપડની મિલ હતી, એમાં એ જોડાયો. કંઈ ખાસ કામ તો એને આવડતું નહોતું, એટલે પગાર બહુ ઓછો મળ્યો. પણ એણે કંઈ પગાર માટે ઓછી જ મજૂરી સ્વીકારી હતી! એણે ઉત્સાહપૂર્વક કામ શીખવા માંડ્યું.

એ અઢી મહિને વિનાયકનો પત્ર આવ્યો. તેમાં તેણે જણાવ્યું હતું કે, 'પોરબંદરથી સ્ટીમરમાં મુંબઈ જવું; વેશ પલટો ચાલુ રાખવો; મુંબઈના પરામાં રહેવું. સરોજ તેના ઘર સિવાય બીજી કોઈ જગ્યાએ મળી શકે એમ હોય, તો બનતાં સુધી ઘેર ન જવું. જવું જ પડે, તો સાવચેતીપૂર્વક જવું.'

તરત જ એ મુંબઈ જવા ઊપડયો. મહાસાગરની ઊર્મિઓ એના અંતરની ઊર્મિઓને બમણા વેગથી ઉછાળતી હતી. કાઠિયાવાડના કિનારા તરફ વિદાય દ્રષ્ટિ ફેંકતાં, જાણે એને એના કોઈ પ્રિયજનથી વિયોગ થતો હોય, એવું લાગ્યું. અત્યાર સુધી એ એકલો, અટૂલો રખડતો હતો. એ રખડપાટમાં એને કોઈ સાથી કે સોબતી નહોતો. કોઈ શહેર કે ગામમાં એનું કોઈ સ્વજન નહોતું. પરંતુ કાઠિયાવાડની શોષિત અને પીડિત જનતામાં એને સ્વજનતા લાગી હતી. એ એનાં બહેન-બાંધવ હતાં. એ એના વતનનાં સંતાન હતાં. એની મુક્તિ માટે એણે શપથ લીધા હતા; એની મુક્તિમાં એને ભારતમાતાની મુક્તિ દેખાતી હતી. ભારતમાતાની પુણ્યભૂમિમાં એણે જન્મ લીધો હતો, એ

ભૂમિનાં અન્નજળથી એનો દેહ પોષાયો હતો, એ માતાનું એના પર ભારે ઋણ હતું. એ ઋણનો ભાર ઉતારવા માટે એણે કાઠિયાવાડ પાછું ફરવાનું હતું. 'માતા ! તારી સેવા માટે તારા ચરણોમાં હું વહેલો હાજર થઈશ, હોં !' એવો મૂક સંદેશ એણે કિનારો છોડતાં પાઠવ્યો.

પોરબંદરથી એ મજૂરવેષે જ મુંબઈ આવ્યો હતો, અને એ વેષે જ મુંબઈમાં એ રહેવા માગતો હતો. સમગ્ર મુંબઈનું કંગાળ જીવન એને જોવું હતું, અનુભવવું હતું. અને તે માટે આ વેષ બહુ અનુકૂળ હતો. એણે એનું નિવાસસ્થાન પણ 'પરેલ'ના મજૂર લત્તામાં શોધી લીધું.

પોરબંદરમાં એણે બે–અઢી મહિના મિલમાં કામ કર્યું હતું; અને વણાટનો થોડો અનુભવ મેળવ્યો હતો. આ અનુભવ જો ઉપયોગમાં આવે, તો મિલમાં થોડો વખત મજૂરી કરવાનો પ્રયોગ કરવાનું એને મન થયું. એટલે તે એક મિલના જોબરને મળ્યો, અને કામ અપાવવાની માગણી કરી.

'છેલ્લે ક્યાં કામ કરતો હતો ?' જોબરે એની તપાસ શરૂ કરી.

'કાઠિયાવાડમાં.'

'ક્યા ખાતામાં ?'

'શાળ ખાતામાં.'

'ભણેલો છે ?'

'હા. ગુજરાતી જાણું છું.'

'નામું આવડે ?'

'થોડું ઘણું આવડે.'

'અંગ્રેજી ?'

'ના.'

'બિલકુલ નહિ ?'

'બિલકુલ નહિ.'

'શાળખાતામાં હમણાં જગ્યા નથી. ઑફિસમાં એક જગ્યા ખાલી થઈ છે. કારકુની કરી શકીશ ?'

'હા.' પંકજની ઇચ્છા મજૂરી કરવાની હતી, પણ એને અભાવે કારકુની મળે તોયે કંઈ ખોટું નહોતું, અને તેમાં મિલ ઉદ્યોગ વિષે કંઈ જાણવાનું મળશે, એમ ધારી એણે હા પાડી.

'નોકરી હું અપાવી દઉં, પણ પહેલો પગાર મને આપી દેવો પડશે.' જોબરે પોતાનું કમિશન માગ્યું.

કેટલીક રકઝક પછી તેને અર્ધો પગાર આપવાનું નક્કી થયું.

બીજે દિવસે જોબર તેને મેનેજરની કચેરીમાં લઈ ગયો, અને કચેરીની જગ્યા માટે એની ભલામણ કરી.

'અંગ્રેજી આવડે છે ?' મેનેજરે પૂછ્યું.

'ના સાહેબ !' જોબરે કહ્યું, 'પણ નામું ઠામું જાણે છે.'

'જરા પણ અંગ્રેજી નથી આવડતું ?' મેનેજરે પંકજને સીધો પ્રશ્ન કર્યો. એક વાર તે જૂઠું બોલ્યો હતો, એટલે તે નભાવ્યે જ છૂટકો હતો, તેથી તેણે સાફ ના પાડી.

મેનેજરના પ્રશ્ન ઉપરથી પંકજને લાગ્યું કે, જો તેણે પ્રથમથી જ અંગ્રેજી જાણતો હોવાનું કબૂલ કર્યું હોત, તો જરા વધુ સારી જગ્યા મળત. પણ એની એ માન્યતા ભૂલ ભરેલી હતી, એમ એને ભવિષ્યમાં જણાયું. મેનેજર અને તેને મળવા આવનારાઓ વચ્ચે કેટલીક અગત્યની વાતચીતો અંગ્રેજીમાં જ થાય છે; અને તે વાતચીતનું રહસ્ય કારકુનો જાણી ન શકે, માટે અંગ્રેજી નહિ જાણનારને જ મેનેજરની કચેરીમાં કામ મળે છે. એટલે પંકજે દર્શાવેલી અનાવડત એને નોકરી મેળવવામાં ઉપયોગી થઈ પડી.

છ–સાત કલાક એને કચેરીમાં કામ કરવાનું હતું. બાકીના વખતમાં એ મજૂરોની ચાલીઓમાં ફરતો અને તેમની હાલત તપાસતો. મજૂરસંઘની કચેરીએ પણ એ જતો આવતો થયો હતો. તે મિલની કચેરીમાં કામ કરતો, એટલે શરૂઆતમાં તેના તરફ શંકાની દૃષ્ટિએ જોવામાં આવતું; કારણ કે, મિલોના મેનેજરો બાતમી મેળવવા માટે કારકુનોને મજૂર-પ્રવૃત્તિમાં ભાગ લેવા મોકલતા. પણ પાછળથી પોરબંદરથી આવેલા બે મજૂરોએ એના વિષે ખાતરી આપી, ત્યારથી એ શંકા દૂર થઈ; અને તેને મજૂરલત્તાઓમાં ફરીને કેટલીક વિગતો એકઠી કરવાનું કામ સોંપવામાં આવ્યું.

ઇંદોર, રાજકોટ, કે પોરબંદર કરતાં મુંબઈના મજૂરોની હાલત કંઈ વધુ સારી નહોતી. અહીંના મજૂરોમાં વધુ જાગૃતિ હતી. એમનું સંગઠન સારું હતું. કામના કલાકો ઓછા હતા.

અને બીજા પણ કેટલાક હક્કો તેમણે લડતો લડીને મેળવ્યા હતા. તેઓ હડતાળનું શસ્ત્ર અજમાવતા થઈ ગયા હતા. ધારાસભામાં તેમને માટે મોટી હિલચાલ થતી. એટલે તેમને ઠીક પગારો, મોંઘવારી ભથ્થું અને બીજા લાભો મળતા, જેમાંનું કંઈ દેશી રાજ્યોનાં કારખાનાંમાં મજૂરી કરનારને મળતું નહિ. પરંતુ મુંબઈનું જીવન ખર્ચાળ હતું; એમનાં રહેઠાણ સાંકડાં, અંધારાં અને હવા વિનાનાં હતાં. રોગચાળો અને દુર્ગુણો પુષ્કળ હતાં. દારૂની લત પણ વધુ પ્રમાણમાં હતી.

મજૂરોનાં રહેઠાણની હાલત, એમની આર્થિક સ્થિતિ, પઠાણ અને મારવાડીનાં લેણાં, માંદગી, સામાજિક અવદશા કલેશથી ઊભા થતા મુકદ્દમાઓ—એ બધું પંકજે જોયું; એની નોંધ એણે મજૂરસંઘ માટે તૈયાર કરી.

એ કામમાંથી એને જરા નિવૃત્તિ મળી, એટલે એણે મજૂરજીવનને વાર્તામાં ઊતારવાનું શરૂ કર્યું. વિદ્યાર્થી અવસ્થામાં એને વાર્તાઓ લખવાનો સારો શોખ હતો. શાળાના 'મૅગેઝિન'માં પણ એ ટૂંકી વાર્તાઓ લખતો, અને તે વખણાતી પણ ખરી. એને ભાષા ઉપર સારો કાબૂ આવી ગયો હતો. પણ વાર્તા લખવા માટે ત્યારે જોઈતા વિષયો કે અનુભવો એની પાસે નહોતા. એ હવે એને અહીં મળી ગયા. રાત્રે એણે વાર્તાઓ લખવાનું શરૂ કર્યું.

સરોજને મળવાની એને તીવ્ર ઈચ્છા હતી; પણ વિનાયકની ચેતવણી મુજબ એને ઘેર જવામાં એને ભય લાગતો. એક માસ થયાં એ પરેલ છોડીને બહાર નીકળી શક્યો નહોતો. એની અનેકવિધ પ્રવૃત્તિમાંથી એને નિવૃત્તિ મળી શકતી નહોતી.

વાર્તાઓ પૂરી કરીને એણે પ્રકાશકને આપી. એણે એને કંઈ સારું વળતર તો ન જ આપ્યું. નવા અને મજૂર જેવા લેખકની વાર્તા કોણ સંઘરે! પણ વાર્તાઓ સરસ હતી, એટલે એણે સસ્તામાં 'સર્વ હકક સ્વાધીન' કરી લીધા, અને તે પ્રગટ કરી.

આ કામમાંથી જે વખત બચ્યો, તે તેણે સરોજ તથા કીર્તિને શોધવા માટે ગાળવાનું શરૂ કરી દીધું.

પ્રકરણ બાવીસમું.............દુઃખદ પ્રસંગનો સાક્ષી

આજે મુંબઈની ઘણીખરી શાળા કોલેજો બંધ હતી. મુંબઈ સરકારની 'કાયદો અને વ્યવસ્થા' જાળવવા માટે રોકાયેલી પોલીસે પરેલના કામદાર મેદાનમાં હડતાળ પર ઊતરેલા મિલકામદારોની સભાને 'બળ' વાપરીને વિખેરી નાખવાની કોશિશ કરી હતી. બળ વાપરવામાં એમને બંદૂકની ગોળીઓનો ઉપયોગ કરવો પડયો હતો. નિઃશસ્ત્ર મજૂરો પર શસ્ત્રબળનો પ્રયોગ અજમાવવામાં આવ્યો હતો. મજૂરોની ન્યાયી માગણીને નકારનારા મૂડીવાદે શાહીવાદની સહાય માગી હતી, અને શાહીવાદના રક્ષકદળે મૂડીવાદનું રક્ષણ કરવા માટે મજૂરોના દેહ ઉપર કારતૂસોની ભેટ ધરી હતી.

મુંબઈના વર્ગજાગૃત કામદારોએ, વાટાઘાટોથી કંઈ પરિણામ ન આવ્યું, ત્યારે તેમનું કાયદેસરનું છેલ્લું હથિયાર ઉગામ્યું હતું. તેમણે કામ કરવાની 'ના' પાડી દીધી હતી. સંગઠિત બનીને હડતાળ પાડી હતી. મુંબઈની પિસ્તાળીસ મિલોના કામદારો હડતાળ ઉપર ઊતર્યા હતા.

હડતાળની તૈયારીમાં પંકજે અનેક રાત્રિના ઉજાગરા વેઠી, અત્યંત શ્રમ વેઠયો હતો. બહેનને મળવાની ઇચ્છા તીવ્રતર બનતી જતી હતી, અને છતાં, કામના અસહ્ય બોજા તળે, એ ઇચ્છા દબાઈ જતી હતી.

હડતાળમાં પંકજનો મુખ્ય હાથ હોવાની અને એ હડતાળિયાઓનો આગેવાન બન્યાની વાત, એના મેનેજરથી છૂપી રહી શકી નહિ. એથી હડતાળ પહેલાં બે દિવસે એને નોકરીમાંથી છૂટો કરવામાં આવ્યો હતો. આથી હડતાળને વધુ વ્યવસ્થિત બનાવવાના કાર્યમાં એ વધુ વખત આપી શક્યો હતો. ચાલીએ ચાલીએ ઘૂમીને એ મજૂરોને ઉત્સાહ આપી રહ્યો હતો, આગેવાન મજૂરોને સૂચના—સંદેશ પહોંચાડી રહ્યો હતો અને કામદાર આગેવાનો સાથે મસલતોમાં ભાગ લઈ રહ્યો હતો. આઠ દિવસ થયાં એણે પોતાની કોટડીનાં દર્શન કર્યાં નહોતાં; પૂરી ઊંઘ લીધી નહોતી; અને માત્ર ચા તથા પાઉં ખાઈને આખું અઠવાડિયું વીતાવ્યું હતું. એના અથાક પરિશ્રમે મિલેમિલ સાફ થઈ ગઈ હતી; ચાલીએ ચાલીએ જુસ્સો અને તાકાત પ્રગટી રહ્યાં હતાં.

હડતાળને છઠ્ઠે દિવસે કામદાર મેદાનમાં જંગી સભા મળી હતી. મૂડીવાદની આંખ કતરાતી હતી, શાહીવાદ થરથરતો—કાંપતો હતો. એણે ૧૪૪ મી કલમ જાહેર કરી હતી; અને છતાં, એનો ભંગ કરીને કામદારોએ પરેલના 'કામદાર મેદાન' માં સભા ભરી હતી. સભાને વિખેરવા સરકારે ગોળીઓને સસ્તી કરી હતી, અને કામદારોએ પોતાના લોહીને એથીયે સસ્તું કર્યું હતું.

શહેરભરમાં આ બનાવથી સનસનાટી ફેલાઈ ગઈ હતી. જુવાનો જાગ્યા હતા અને વિદ્યાર્થીઓનાં લોહી તપી ગયાં

હતાં. એમણે શાળા–કોલેજોમાં સખ્ત હડતાળ પાડી હતી, સરઘસો કાઢ્યાં હતાં. ગવર્નરને બંગલે વિરોધકૂચ લઈ ગયા હતા, અને ચાલીએ ચાલીએ ફરીને મજૂરોને વધુ ઉત્સાહિત કર્યા હતા.

કીર્તિ આજે ઘેર હતો. સરોજ પણ શાળાએ જઈને તરત જ પાછી આવી હતી. છોકરીઓ સુદ્ધાં આજે હડતાળ પર ગઈ હતી.

આજ સુધીમાં સરોજે પંકજને શોધવા ઘણા પ્રયાસ કર્યા હતા. જ્યારે જ્યારે એ બહાર જતી, ત્યારે ત્યારે પંકજની ઉંમરના જુવાનોમાં પંકજ છે કે નહિ એની તપાસ એની આંખ કર્યા કરતી. કોઈવાર કીર્તિ સાથે, તો કોઈવાર એકલી તે જાણીતાં ફરવાનાં સ્થળોએ, જાહેર સભાઓમાં અને પ્રદર્શનોમાં જતી; પણ ક્યાંય એને પંકજનો પત્તો ન લાગ્યો. આજે તેણે મજૂરોમાં એને શોધવાની કોશિશ કરી.

કીર્તિ આજે ઘેર હતો. ઘેર જ રહેવાનો હતો. સરોજ ઘણીવાર એકલી બહાર જતી, તેમ આજે પણ એકલી નીકળી. કીર્તિ તરફથી એને કોઈ બંધન નહોતાં. એ રીતે કીર્તિના વિચાર બહુ ઉદાર હતા. કેટલાક કહેવાતા સુધારાવાદીઓ જાહેરમાં સ્ત્રી–સ્વાતંત્ર્યનાં ભાષણો આપે છે, તેમ જ સામયિકોમાં લેખો લખી સ્ત્રી–સ્વાતંત્ર્યની હિમાયત કરે છે; પરંતુ તેમના ઘરમાં સ્ત્રીનું સ્થાન રસોયણ કે આયાથી ચડિયાતું હોતું નથી. કેટલાકને ત્યાં 'યત્ર નાર્યસ્તુ પૂજ્યન્તે, રમન્તે તત્ર દેવતાઃ' વાળું સૂત્ર દીવાલ પર ટીંગાડેલું હોય છે; પણ એ ઘરમાં નારીની પૂજા લાકડી વડે જ થતી હોય છે. પરંતુ કીર્તિના વિચારો ખરેખર ઉદાર હતા; અને તેથી એ બનતાં સુધી સરોજની કોઈ પ્રવૃત્તિમાં અંકુશ મૂકવા ઇચ્છતો નહિ.

આજે બહાર જતાં સરોજે કીર્તિને કહ્યું: 'હું મારી સખીને મળવા પરામાં જાઉં છું. કદાચ મને પાછા ફરવામાં મોડું થાય, તો ચિત્રાને કહેજો કે, એ ઘેર જાય. આજે ભણાવી નહિ શકાય.'

'હું એ કંઈ ન જાણું! તારે જે કહેવું હોય, તે ચિઠ્ઠીમાં લખીને ટેબલ પર મૂકતી જા. એ વાંચી લેશે.' કીર્તિએ કહ્યું.

'ઓહો! આટલા શરમાળ ક્યાંથી? કોલેજમાં તો છોકરીઓ જોડે વાત કરતા નહિ હો. કાં? ઇન્દોરમાં પુષ્પા અને મનોરમા સાથે સિનેમા જોવા જતા, ત્યારે મોઢું બંધ રાખતા, નહિ?' સરોજે ટોણો માર્યો.

'પરિચયની વાત જુદી છે! અહીં અપરિચિત છોકરીઓ સાથે વાત કરતાં સંકોચ લાગે.'

'ઠીક, હવે! હું કંઈ ચિઠ્ઠી પટ્ટી નથી મૂકતી! ચિત્રાને નહિ, તો માલતીને કહી દેજો; હું તો આ ચાલી.' કહી ઉત્તરની રાહ જોયા વિના તે ચાલી નીકળી.

કીર્તિનો સ્વભાવ ઘણો મિલનસાર હતો. તદ્દન અજ્ઞાત અને ગમે તે વર્ણ, વર્ગ કે જાતિની વ્યક્તિ સાથે તે બહુ સહેલાઈથી ભળી જઈ શકતો. ત્રણ-ચાર પ્રાન્તિક ભાષાઓ તે બોલી જાણતો. દરેક દેશ અને પ્રાન્તના ઇતિહાસ, ભૂગોળ અને વર્તમાન બનાવોની તેને માહિતી હતી. કદાચ તે કોઈ વિષયમાં નિષ્ણાત નહિ હોય, પણ એકકે વિષય એવો નહોતો, જેનું ઉપરછલ્લું જ્ઞાન તે ધરાવતો ન હોય.

આથી તે કોઈ પણ વ્યક્તિ સાથે સંસર્ગમાં આવતાં, ટૂંક વખતમાં ગાઢ પરિચિત બની જતો. રેલવેમાં તે પ્રવાસ કરતો

હોય, ત્યારે ચા કે સિગારેટથી બાજુના પેસેન્જરનું સન્માન કરીને વાતચીત શરૂ કરવાની કળા તેને હસ્તગત થઈ ગઈ હતી. 'આ બાબો તમારો છે કે? શું એનું નામ? ભારે તોફાની લાગે છે હોં!' કહી ગમે તે માતા પાસેથી એના બાળકને ઉપાડી લઈ, 'એય! એક આનાની પીપરમીટ દે!' કહી ફેરિયા પાસેથી પીપરમીટ ખરીદી પોતે ખાતો જાય અને બાળકને આપતો જાય; અને એ રીતે એક સ્ત્રીની સંપૂર્ણ સહાનુભૂતિ એ આકર્ષી શકતો. અનેક જૂનવાણી પતિઓનાં દિલ કોચવીને પણ, તે તેમની પત્નીઓ સાથે વાતે વળગી જતો. નાટક-સિનેમામાં પાસે બેઠેલી કોઈપણ હિંદુ, પારસી કે ક્રિશ્ચિયન તરુણી સાથે એ ચર્ચામાં ઊતરી, એના પતિ કે પિતાના રોષનું કારણ બનતો; પરંતુ એની વાતચીત અને દેખાવમાં એટલી સભ્યતા હતી કે, કોઈ એને અટકાવવાની હિંમત કરી ન શકે. 'આય એક્ટ્રેસ કોન ચે?' એવા પુછાયેલા પ્રશ્નનો જવાબ આપવામાં એની સાથેની વ્યક્તિ નિષ્ફળ નીવડે, ત્યારે કીર્તિ એનો ઉત્તર આપી દેતો: 'એ તો લીલા ચિટનીસ, 'બોમ્બે ટોકીઝ' વાળા! વાહ! કેવો સુંદર અભિનય!' અને પછી ધીમે ધીમે ચર્ચા આગળ ચાલે: મિલિટરી પોલીસને પૂછે: 'આપ ક્વૉર્ટરસે આતે હૈં? આપને બહુત સુખ દેખે હોંગે! ક્યા તનખ્વાહ મિલતી હૈ? તીસ રુપયે? બહુત કમ? યે અંગરેજ સોલ્જરકો તીનસૌ મિલતે હૈં, મગર આપલોગ જૈસી બહાદરી નહીં દીખા સકતે. યે હૈ ગોરે-કાલે કા ભેદ!'

આવા મિલનસાર સ્વભાવના કીર્તિએ સરોજનો સંદેશ ચિત્રાને કહેવામાં સંકોચનું બહાનું કાઢ્યું હતું. ચિત્રા સાથે આજ સુધી તે ઇરાદાપૂર્વક સંસર્ગમાં નહોતો આવ્યો, કારણ કે, તેને ચિત્રા પ્રત્યે ઉત્પન્ન થયેલું આકર્ષણ એ સરોજથી

છુપાવવા માગતો હતો. જેમ કીર્તિ, તેમ સરોજ પણ ઉદારહૃદયા હતી. એના દિલમાં કદી કીર્તિના વર્તન કે વિચાર સુદ્ધાં પ્રત્યે વહેમ વસ્યો ન હતો. છતાં કીર્તિનું કંપતું હૃદય, એના વિચારોને છુપાવવા માટે, શરમાળપણાનો દંભ કરતું થયું હતું.

ઘેરથી નીકળી સરોજ ચોપાટી પર ગઈ. ત્યાં મજૂરોની સભા મળી હતી. હજારો મજૂરો ત્યાં એકઠા થયા હતા. સરોજની દૃષ્ટિ પંકજને શોધવા ફરી રહી; પણ એ નિરાશ થઈ પાછી ફરી. ત્યાંથી તે ટ્રામમાં બેસી પરેલ ગઈ. મજૂરોનાં ટોળાં આમ તેમ ભમી રહ્યાં હતાં; પણ તેમાં પંકજ નહોતો. પછી તે 'ગિરણી કામદાર યુનિયન'ની કચેરીએ ગઈ; ત્યાં પૂછપરછ કરી; પણ પંકજનું નામ કોઈને પરિચિત નહોતું. એક મજૂરે રમૂજમાં કહ્યું: 'પંકજ તો નથી, પણ સિરાજ છે!'

'સિરાજ! પ્રકાશકે કહેલું નામ! એ સિરાજ પંકજને ઓળખતો હોવો જોઈએ; એ વિના તે પંકજની વાતને કેમ આલેખી શકે?' એના સુંદર વાર્તાસંગ્રહને એણે વાંચ્યો હતો, વખાણ્યો હતો. એને મળવાનું સરોજને મન થયું. એણે કહ્યું: 'સિરાજને પણ મારે મળવું છે.' એક બાઈ એને સિરાજની કોટડી તરફ લઈ ગઈ; પણ કોટડી બંધ હતી. બાઈએ કહ્યું: 'અહીં એ નહિ મળે. ચોપાટીની સભામાં ગયા હશે. હવે તો મોડી રાત્રે આવે.'

રાત સુધી એ રોકાઈ શકે, એમ નહોતું, એટલે એ ઘર તરફ પાછી વળી. તરત જ એને 'મરીન ડ્રાઇવ'ની બસ મળી ગઈ.

પરેલની સભા ઉપર થયેલ ગોળીબારના બનાવ પછી પંકજને લાગ્યું કે, કોઈપણ નવી આફત આવી પડવાના પૂરેપૂરા

સંજોગો છે; માટે હવે સરોજને મળવામાં ઢીલ કરવી નહિ. ચોપાટીની સભામાં એ હાજર હતો, પણ સરોજ એને જોઈ શકી નહોતી. એનું પણ સરોજ તરફ ધ્યાન ગયું નહોતું. સભા પૂરી થયા પછી, એ 'મરીન ડ્રાઈવ' તરફ ચાલી નીકળ્યો.

દરિયાકિનારે એ લહેરથી ચાલ્યો જતો હતો. વિશાળ રાજમાર્ગની વચ્ચે ફૂલ-પર્ણના છોડવાની સુંદર હાર રચવામાં આવી હતી, એની નજીક એ ચાલતો હતો. સરોજના લગ્ન પછી લગભગ બે વર્ષનો ગાળો પસાર થઈ ગયો હતો. તે દરમ્યાન એણે દૂરનાં સ્ટેશનોએથી કીર્તિ-સરોજ પર ત્રણ-ચાર પત્રો મોકલ્યા હતા; પણ એનો ઉત્તર એ મેળવી શક્યો નહોતો. તેઓ હજુ 'મરીન ડ્રાઈવ' પર જ રહેતાં હશે કે કેમ, તેની પણ કંઈ ખાતરી નહોતી. છતાં ત્યાં જ તપાસ કર્યા વિના એમનો પત્તો મેળવવાનો બીજો કોઈ માર્ગ પણ નહોતો. એટલે ઇન્દોરની બે વર્ષ પહેલાંની દુનિયા, વિનાયકને ત્યાં થયેલાં કીર્તિ-સરોજનાં લગ્ન, અને પોતાના વેશપલટાનો ચિતાર મનમાં ખડો કરતો, એ આરામથી ચાલ્યો જતો હતો. બહેનને મળવા એનું દિલ ઊછળી રહ્યું હતું.

આજે એનું મન પ્રફુલ્લ હતું. ગોળીબાર પછી મજૂરોનો જુસ્સો ઓર વધ્યો હતો. વિદ્યાર્થીઓની હડતાળથી એનું મન ખુશ થયું હતું. આવી જાગૃતિનો જુવાળ એના વતનમાં ફેલાવવાની એની ઇચ્છા પ્રબળ થતી જતી હતી. ઉલ્લાસપૂર્વક ડગ ભરતો, એ ચાલ્યો જતો હતો.

કીર્તિ આજે ઘેર જ હતો. સાંજના ૭ વાગ્યા હતા. ચિત્રાને ભણવા આવવાનો સમય થયો હતો. કીર્તિ ઝરૂખામાં ઊભો રહી, ઘડીમાં સાગર તરફ, તો ઘડીમાં ચોપાટી તરફ જતા માર્ગ પર નજર ફેંકી રહ્યો હતો. એવામાં મંજરીની

મોટર આવી પહોંચી. તેમાંથી ચિત્રા અને માલતી ઊતર્યાં, અને કીર્તિના 'ફ્લેટ' પર આવ્યાં. કીર્તિ અંદર આવ્યો, અને તેમનો સત્કાર કરી, તેમને સરોજના ખંડમાં લઈ ગયો.

'સરોજ બહાર ગઈ છે.' એણે માલતીને કહ્યું. 'કદાચ તમારે ત્યાં જ આવેલ હશે. તમે સીધાં 'સ્વપ્નવિહાર' થી આવો છો?'

'ના, જી.' માલતીએ કહ્યું. 'અમે ફરવા ગયાં હતાં, ત્યાંથી પરબારાં આવીએ છીએ.'

'તો, સરોજ તમારે ત્યાં જ હશે! મોટર ઊભી હોય, તો જરા તપાસ કરી આવો, અને એને બોલાવી લાવો.' કીર્તિએ કહ્યું. ચિત્રાબહેન અહીં ભલે રોકાય.' કહી કીર્તિ પોતાના ખંડમાં ચાલ્યો ગયો.

દીર્ઘ કાળના આ ઘર સાથેના પરિચયને લીધે ચિત્રાને અહીં રોકવામાં વાંધો નહોતો; એટલે તેને અહીં છોડી, માલતી નીચે ઊતરી. મોટર ઊભી હતી.

માલતીને મોટરમાં બેસી જતી જોઈને, કીર્તિ સરોજવાળા ખંડમાં પાછો ફર્યો, અને ચિત્રાની સામેના ટેબલનો ખૂણો ટેકવીને ઊભો રહ્યો. ચિત્રા પાઠ્યપુસ્તક વાંચી રહી હતી, તેને પૂછ્યું: 'તમે તો મંજરીબહેનનાં દીકરી ને?'

'હા, જી.' પુસ્તક તરફ જ મોં રાખી, આંખનાં પોપચાં ઊંચાં કરી, ચિત્રાએ ઉત્તર આપ્યો.

'તમે આટલાં શરમાળ કેમ છો? તમારાં મા તો ભલભલા મર્દોનું પાણી ઉતારી નાખે એવાં છે!'

ચિત્રાએ જવાબ ન આપ્યો. કીર્તિએ આગળ ચલાવ્યું: 'તમારું રૂપલાવણ્ય તો એમના જેટલું જ મોહક છે!'

ચિત્રા નિરુત્તર રહી. એનો સંકોચ પારખીને કીર્તિએ વાત બદલી: 'તમારે કઈ રીડર ચાલે છે?'

'ચોથી.'

'આ પુસ્તક ને?' કહી એના હાથમાંનું પુસ્તક કીર્તિએ લીધું. પુસ્તક લેતી વખતે ચિત્રાનાં આંગળાંને ઇરાદાપૂર્વક સ્પર્શ પણ કર્યો. કોમળ વિજાતીય સ્પર્શથી ઉત્તેજિત બનતો કીર્તિ બોલ્યો: તેમાં 'love-sickness*' નો પાઠ આવે છે કે?'

'ના, જી.'

'Love-sickness નો અર્થ તમે જાણો છો?'

ચિત્રાએ ડોકું ધુણાવી 'ના' કહી.

'પ્રેમની બીમારી!' કીર્તિએ નજીક આવી કહ્યું. 'તમારાં મા સિનેમામાં રોજ પ્રેમનો અભિનય કરે છે, અને તમે તો આટલુંયે નથી જાણતાં!'

ચિત્રાએ શરમથી નીચે જોયું. કીર્તિ સમજી શક્યો કે, ચિત્રા પ્રેમના શાસ્ત્રથી અજ્ઞાત તો નથી જ; પણ અપરિચિતા હોવાથી જરા શરમાય છે. એટલે વળી કેટલીક સામાન્ય વાતો શરૂ કરી, અને ચિત્રા એ વાતચીતમાં ગૂંથાઈ.

થોડીવાર પછી કીર્તિએ તેની બાજુમાં આવી કહ્યું: 'તમે તો બહુ શરમાળ છો, હોં! સામે આરસીમાં જુઓ! તમારા ગાલ ઉપર શરમના કેવા શેરડા પડે છે!' અને તેણે હળવેથી ચિત્રાના ખભા પર હાથ મૂક્યો. ચિત્રાથી આરસીમાં જોવાઈ ગયું; તેમાં સુંદર યુગલનું ચિત્ર પ્રતિબિંબિત થઈ રહ્યું હતું.

---

* લવ-સિકનેસ

ચિત્રા ખુરશી પર બેઠી હતી, કીર્તિ ખુરશી પાસે ઊભો રહી, ચિત્રાના ખભા પર હાથ મૂકી, એના કપોલ તરફ દૃષ્ટિ માંડી ઊભો હતો!

પણ......આ શું! કીર્તિની નજર આરસી તરફ વળતાં એક ત્રીજી આકૃતિ પણ એમાં દેખાઈ! 'સરોજ!' એના હોઠે ધીમે સ્વરે ઉચ્ચાર કર્યો એણે પાછળ જોયું. સરોજ ઓરડામાં દાખલ થતી હતી! એ બહુ છોભીલો પડી ગયો. એનો હાથ ચિત્રાના ખભા પરથી ખસી ગયો. ચિત્રા મૂંઝવણમાં ઊભી થઈ ગઈ. કીર્તિ પોતાના ખંડમાં ચાલ્યો ગયો.

એવામાં માલતી પાછી ફરી. સરોજે એને કહ્યું: 'આજે તો હું બહાર ગઈ હતી, એટલે મોડું થયું છે. હવે કાલે જ આવજે.' 'કેમ, ચિત્રા! આજે નહિ ભણાય, તો ચાલશે ને?' કહી તેણે ચિત્રાનો હાથ પકડી પ્રેમાળ સ્વરે કહ્યું. ચિત્રાનો કંપ ઓછો થયો. આ બધા અતિ ત્વરાથી બની ગયેલા બનાવોથી એ ગભરાઈ ગઈ હતી. પણ સરોજના પ્રેમાળ સ્પર્શથી, સૌમ્ય મુખમુદ્રાથી, અને મધુર સ્વરથી એનો ગભરાટ ઓછો થયો. મુખ પર હાસ્ય લાવી સરોજે કહ્યું: 'કાલે જરા વહેલી આવજે, હોં! હું ઘેર જ હોઈશ.' અને તેને તથા માલતીને વિદાય આપી.

તેમના ગયા પછી સરોજ કીર્તિના ઓરડામાં આવી. કીર્તિ કપડાં પહેરી, બહાર જવાની તૈયારી કરી રહ્યો હતો, તેને કટાક્ષભાવે કહ્યું: 'આ તમારો સંકોચ કે?'

જે છુપાવવાને કીર્તિએ કોશિશ કરી હતી, તે દંભ ખુલ્લો પડી ગયો. પોતાની જે વૃત્તિથી તે સરોજને અજાણ રાખવા મથતો હતો, તે આજ પકડાઈ ગઈ. એની નિર્બળતા સરોજે જાણી લીધી. એનો ગર્વ ગળી જતો લાગ્યો.

પણ એના ગર્વને ટકાવવાની વૃત્તિએ જોર કર્યું. એનું પુરુષત્વ ઊછળ્યું. એનો અહંભાવ જોર કરીને ટકવા મથતો હતો.

સરોજે ફરી પ્રશ્ન કર્યો: 'કહો ને ? શો જવાબ છો ?'

કીર્તિનું સ્વમાન ઘવાયું. એક સ્ત્રી, એની પત્ની, પતિ પાસે જવાબ માગે ! એનાથી સહન ન થયું. તે બે ડગલાં આગળ વધ્યો, અને 'આ જવાબ !' કહી જોરથી એક તમાચો સરોજના ગોરા ગાલ ઉપર ચોડી દીધો.

સરોજ કંપી ઊઠી. એનું મુખ લાલચોળ બની ગયું. એનો ગાલ તમતમવા લાગ્યો. એની આંખમાંથી જાણે તણખા ખરવા લાગ્યા. કીર્તિએ તમાચો તો માર્યો, પણ સરોજની ઉગ્ર પ્રતિમા જોઈને એ મૂંઝાયો. એ શું કહે છે, શું કરે છે, એની વાટ જોતો ઊભો.

'બસ ! અંતે પશુબળ વાપર્યું ને ! આજ દિવસ સુધી તમારા પ્રેમનું અને ઊંચા આદર્શોનું મને અભિમાન હતું. સ્ત્રી–સન્માનની વાતો તમારા મુખે અનેકવાર સાંભળી હતી; અને એને તમે વર્તનમાં ઉતારી હતી, એના અનુભવથી હું ગર્વ લેતી. પણ આજે એનો અંત આવી ગયો. અનેક સ્નેહભર્યા મૃદુ સ્પર્શ પછી, આજના આ કઠોર સ્પર્શનો પ્રથમ અનુભવ મને સળગાવી મૂકે છે ! પશ્ચાત્તાપને બદલે તમે વધુ પાપ ઉમેર્યું ! ધિક્કાર છે તમારા પુરુષત્વને !'

કીર્તિ માથાથી પગ સુધી સળગી રહ્યો. એનો રોષ શાન્ત થવાને બદલે ઉત્તેજિત થયો. એનુ પુરુષત્વ હણાઈ જતું લાગ્યું. મગજ પરનો કાબૂ સંપૂર્ણ ગુમાવી એણે જોસથી બૂમ પાડી: 'ચૂપ !' અને બીજો તમાચો એ જ ગાલ પર ધરી દીધો.

એ જ વખતે પંકજે ઉંબરમાં પગ મૂક્યો. આંખ આગળનો બનાવ એ સમજી શક્યો નહિ. એ કોઈ બીજાના ઘરમાં તો નહોતો આવી ચડયો ને, એવો એને ભ્રમ થયો! એની આંખોએ બરાબર ખાતરી કરી : એ કીર્તિ અને સરોજ જ હતાં.

અહીં આવી તેણે એક સુમધુર દૃશ્ય જોવાની આશા રાખી હતી. હોંસભર્યો, ઉલ્લાસભર્યો, કીર્તિ અને સરોજના સુખી સંસારનું દૃશ્ય નિહાળીને આંખ ઠારવા એ અહીં આવ્યો હતો. અને તેણે ન ધારેલું, ન કલ્પેલું, વિષાદી ચિત્ર જોયું.

સરોજે પાછળ જોયું. ભાઈને એણે ઓળખ્યો. એને જોઈ એ હર્ષઘેલી થઈ વર્તમાન પ્રસંગ એના ચિત્ત પરથી પળવાર ખસી ગયો. એનો રોષ ઊડી ગયો. 'કોણ, પંકજ! ભાઈ!' કહી દોડી જઈ, એ એને ગળે વળગી પડી.

એ જ વખતે, રોષ અને શરમ વચ્ચે ઝોલાં ખાતો કીર્તિ, તકનો લાભ લઈને, ચુપચુપ બહાર નીકળી ગયો.

પ્રકરણ ત્રેવીસમું.........................કીર્તિનો પત્ર

આખરે ભાઈબહેન મળ્યાં; પણ, કેવા વિચિત્ર સંજોગો વચ્ચે! કીર્તિ અને સરોજના જીવનની આ એક જ દુઃખદ પળ હતી. આ પ્રસંગ ન બન્યો હોત, તો કેવા સુખદ વાતાવરણ વચ્ચે ભાઈબહેનનો મેળાપ થયો હોત! કેટલા ગર્વથી સરોજ પંકજને એના સુખી ગૃહસંસારની વાત કરત! અને અંતરમાં કેટલો આનંદ ભરીને પંકજ અહીંથી વિદાય લઈ શકત!

ભાઈબહેન મોડી રાત સુધી વાતો કરતાં બેઠાં. સરોજે એના સુખી ગૃહજીવનનું અથેતિ વર્ણન કર્યું; પણ એ વર્ણનમાં ગર્વ નહોતો; ઉત્સાહ નહોતો. એક જ પ્રસંગે આખા વર્ણનને કટુ બનાવી મૂક્યું હતું, સ્વાદિષ્ટ દૂધના કટોરામાં એક જ ટીપું વિષ પડી ગયું હોય, એમ.

અનેક આફતો વચ્ચે અત્યાર સુધીનું પંકજનું જીવન અટવાયું હતું. બેકારી, નોકરીની ગુલામી, આર્થિક મુશ્કેલી, અને નાસભાગ: અને છેવટે એ કર્તવ્ય પંથે વળ્યો. અહીં

આવી સરોજના સુખનું જે મનોહર ચિત્ર એણે કલ્પ્યું હતું, તેનો સાક્ષાત્કાર થવાને બદલે આ કરુણ પ્રસંગનો એ સાક્ષી બન્યો.

બન્નેએ આખી રાત્રી વાતો કરવામાં ગાળી. બન્નેએ પરસ્પરના અનુભવો વિગતથી વર્ણવ્યા. પણ છેલ્લા પ્રસંગની વાત કરતાં સરોજ રોઈ પડી : 'ભાઈ! આ પ્રસંગથી કદાચ મને બહુ દુ:ખ ન થાત; પણ એ તારી હાજરીમાં બન્યો, એનું વધુ દુ:ખ થાય છે. આ પ્રસંગ કદાચ બીજે જ દિવસે હું ભૂલી શકી હોત, પણ એની તારા હૃદય પર જે છાપ પડી છે, એનું દુ:ખ હું કદી નહિ ભૂલી શકું !'

'બહેન ! તારા સુખી જીવનના ખોટા ખ્યાલોથી હર્ષિત બનું, એથી મને ખરો સંતોષ ન થાય. જેનાં વાસણ ખખડતાં ન હોય, એવું ઘર મેં જોયું નથી. પ્રકૃતિએ જેમ ચંદ્રને કલંક અને ગુલાબને કાંટા આપ્યા છે, તેમ દંપતીના ગૃહજીવનમાં ક્લેશના પ્રસંગો બને છે. આપણે એથી અજ્ઞાત હોઈએ, એ જુદી વાત છે; પણ વસ્તુતઃ ક્લેશ વિનાનું ગૃહજીવન હોતું નથી. આ ક્લેશ જ્યાં ઊગીને આથમી જાય છે, ત્યાં સંસાર સુખી છે; પણ એ ક્લેશ જ્યાં ઊંડાં મૂળ રોપે છે, ત્યાં સંસાર દુ:ખી છે. એટલે આ પ્રસંગથી મને કશું દુ:ખ નથી થતું; કારણ કે, એનાં મૂળ ઊંડાં નથી. તમારો પરસ્પરનો સ્નેહ તમારા જીવનને મજબૂત સૂત્રથી બાંધી રહ્યો છે. કોઈ મામૂલી પ્રસંગ એને છિન્નભિન્ન કરી શકશે નહિ.'

'પણ હું તને એટલું કહું' પંકજે ચાલુ રાખ્યું, 'કે, આટલા વિશ્વાસ પછી, આ એક જ પ્રસંગથી તારે ઉશ્કેરાઈ જવું નહોતું જોઈતું. હું જાણું છું, ત્યાં સુધી કીર્તિ વિલાસી સ્વભાવનો કે અપવિત્ર વૃત્તિનો નથી; અને તે તું પણ કબૂલ

કરશે. કદાચ એ ભૂલ કરવાની અણી ઉપર હતો, ત્યાંથી તું એને વધુ વિશ્વાસ અને ધૈર્યવડે પાછો વાળી શકત. મને ખાતરી છે કે, એને ભારે પશ્ચાત્તાપ થવાનો છે. અને એ થાય, તે પહેલાં તેં એને શબ્દપ્રહારથી ઉશ્કેર્યો, અને એ પોતાના દોષને ઓળખી ન શક્યો. આ પ્રસંગને ઉઘાડી આંખે જોઈને, તેં માત્ર મૌન સેવ્યું હોત, તો એના હૃદય પર એની ભારે અસર થાત, એને ખૂબ પસ્તાવો થાત, એનું અંતર એને ડંખ મારત, અને એનો પ્રશ્ચાત્તાપ એની વૃત્તિઓને પલટાવી નાખત.'

'મારી ભૂલ થઈ, ભાઈ!' કરુણાપૂર્વક સ્વરે સરોજે કહ્યું. 'એણે મને આજ સુધી ફૂલની પેઠે જાળવી છે. મારો પડતો બોલ ઝીલી લીધો છે. મને યથેચ્છ વિહરવા દીધી છે. મારા પ્રત્યે સંપૂર્ણ સ્નેહ અને વિશ્વાસ રાખ્યાં છે. આજે જ એણે ભૂલ કરી, અને હું ઉશ્કેરાઈ ગઈ.'

પંકજને આ પ્રસંગ બહુ ગંભીર ન લાગ્યો. પણ સરોજના દિલ ઉપર એની ઊંડી અસર પડી હતી; એને દૂર કરવાને પંકજે પોતાના વેશ-પલટાના પ્રયોગો દરમ્યાન બનેલા કેટલાક હાસ્યજનક બનાવો કહી બતાવ્યા. કાઠિયાવાડના રાજા-દરબારોની કથા સંભળાવી; અને પોતે વતનની સેવાનો જે આદર્શ વિચાર્યો હતો, તે પણ કહ્યો.

આખી રાત વીતી ગઈ, પણ કીર્તિ પાછો ન ફર્યો. સવારે ચા પીધા પછી પંકજે કહ્યું, 'હવે હું જાઉં છું. કીર્તિ આજે ઘેર આવી જશે. એને કહેજે, મારી હાજરીથી સંકોચ ન પામે. મારા મનમાં એને માટે હતું, એ માન લેશ પણ ઘટ્યું નથી. થયેલી ભૂલને તમે બન્ને ભૂલી જજો.'

'હવે પછી ક્યારે મળીશ?' ભાઈને વળાવતાં સરોજે પૂછ્યું.

'આજે રાત્રે જ. તે દરમ્યાન કીર્તિ આવી ગયો હશે. રાત્રે અહીં જ રોકાઈશ. કાલે સવારે મંજરીબહેનને ત્યાં જઈશું. તું બહુ વખાણે છે, તે જોઉં તો ખરો! બહુ પૈસાદાર છે, તે અમારા મજૂરફાળામાં કંઈ આપશે તો ખરાં ને?' પંકજે પૂછ્યું.

'હા જરૂર આપશે. મને ખાતરી છે, તારો આંટો નિષ્ફળ નહિ જાય!'

'તો જરૂર આવીશ. કીર્તિને કહેજે, રાત્રે ઘેર જ રહે. પછી મેળાપ થવો મુશ્કેલ છે.' કહી, નમસ્કાર કરી, ચારે પાસ દૃષ્ટિ ફેંકતો, તે ઝડપથી ચાલી નીકળ્યો.

સરોજ એને જતો જોઈ રહી. કેટલાં સંકટ વચ્ચે અને છતાં સંતોષથી એ જીવી રહ્યો હતો! બબ્બે વરસ થયાં, એ રખડતો હતો! આરામ એણે જોયો નહોતો. સુખને એણે વહાલું ગણ્યું નહોતું. ભૂખતરસ એને પીડી શકયાં નહોતાં. શ્રમથી એ કંટાળ્યો નહોતો. મજૂર—કિસાનને એણે પ્યારા ગણ્યા હતા. એમના હિત માટે એણે મહાન યજ્ઞ આરંભ્યો હતો.

'શાન્ત, સુખી જીવન ગાળવાની એને ઇચ્છા નહિ થતી હોય? મધુર ગૃહજીવનનાં સ્વપ્ન એને નહિ આવતાં હોય? મોહ—મમતા એની તમન્નાને નહિ આવરી શકતાં હોય? જાણે કોઈ તપસ્વી—યોગી!' સરોજ વિચાર કરતી ઝરૂખામાં જ ઊભી રહી. એની વાતો સાંભળી એ મુગ્ધ બની હતી; એનું તેજ જોઈને એ અંજાઈ ગઈ હતી. એને 'ઘર બાંધીને' બેસી જવાની સલાહ આપવાની હિંમત એ કરી શકી નહિ.

આખો દિવસ સરોજે કીર્તિની રાહ જોયા કરી; પણ એ ન આવ્યો. એની ચિંતા વધવા લાગી. એને અમંગળ શંકાઓ

થવા લાગી. આખો દિવસ એને ચેન ન પડયું. સાંજે ચિત્રાને એણે વ્યગ્ર ચિત્તે ભણાવ્યું.

ચિત્રાના ગયા પછી, ટપાલી એક પત્ર ફેંકી ગયો. પરબીડિયા પર કીર્તિના જ અક્ષરો હતા. ઉતાવળે તેણે પત્ર ફોડયો. પત્ર કીર્તિનો જ હતો. એક શ્વાસે એ વાંચવા લાગી:

'પ્રિય સરોજ !

'ગઈકાલનો પ્રસંગ હું જીવનભર નહિ ભૂલી શકું. એણે આપણા સુખી જીવનમાં વિક્ષેપ નાખ્યો છે. જે અનુપમ આનંદ આપણે ભોગવી રહ્યાં હતાં, એને તે પ્રસંગે છીનવી લીધો છે. એનું દુઃખ હું ક્ષણભર પણ ભૂલી શકતો નથી.

'આખી રાત્રી મેં વિચાર્યું છે; ખૂબ વિચાર્યું છે. હું જ્યાં છું, ત્યાં આખી રાત્રી બેસી જ રહ્યો છું. આ પ્રસંગે મારા હૃદયમાં કોલાહલ જગાડયો છે. પ્રતિક્ષણ એ પ્રસંગ મારી આંખ સામે આવીને ખડો થયો છે. જીવનની શાન્તિ એણે હરી લીધી છે.

'આજ દિવસ સુધી તારાથી મેં કંઈ છુપાવ્યું નહોતું. તારાથી કદી ભિન્નતા રાખી નહોતી. જો એક જ વાત છુપાવવા કોશિશ કરી, તે છુપાવી શકયો નહિ.

'મારે કબૂલ કરવું જ જોઈએ—અંતરમાં થતા ડંખને સહન કરીને પણ, મારે કહેવું જોઈએ—કે, ગઈ સાંજે મેં ભૂલ કરી છે. ભૂલ શા માટે ? દોષ જ કર્યો છે. આ પત્રથી એનો હું એકરાર કરું છું.

'મેં દોષ કર્યો. કેમ કર્યો, એનો ઉત્તર હું આપી શકતો નથી. મને લાગે છે કે, મારી પ્રકૃતિ જ મને દોષ કરવા તરફ ખેંચી ગઈ છે. એ મારી નિર્બળતા છે. મારા મનને નબળું

પડતાં મેં રોકયું નહિ, કારણ કે, હું પામર હતો. વૃત્તિઓ મને જ્યાં ઘસડી જાય, ત્યાં હું ઘસડાતો હતો. એ ભૂલ નહોતી, ક્ષણિક ઉશ્કેરાટ નહોતો, એ દોષ જ હતો.

'પણ એટલો હું ભાગ્યશાળી કે, અંતિમ પતનમાંથી હું બચી શક્યો. તેં મને ઉગારી લીધો. તું ન આવી પહોંચી હોત, તો મારું શું થાત, એ કોને ખબર! તારું આગમન એ વખતે તો મને રુચ્યું નહિ, પણ અત્યારે એ મને ઇશ્વરપ્રેષિત લાગે છે. તારું આગમન અમૃતતુલ્ય બન્યું. એણે મારા જીવનને કલુષિત થતું બચાવ્યું.

'પરંતુ એ સમયે આ વિચારો મને ન આવ્યા. હું ઉશ્કેરાઈ ગયો. મારા દોષને ન જોતાં, તારો દોષ જોયો. તારી માફી માગવાને બદલે, તારા પર પ્રહાર કર્યા. હું માનવી મટી પશુ બન્યો.

'અત્યારે મને એનો પશ્ચાત્તાપ થાય છે. એ તાપમાં મારું અંતર બળીને ભસ્મ થઈ જાય છે. એનું નિવારણ કરવા માટે, મારે તારી પાસે આવીને, તારી ક્ષમા યાચવી જોઈએ. મારાં અશ્રુઓથી તારાં પુનિત ચરણો ધોઈને, મારે શુદ્ધ થવું જોઈએ.

'પણ, મારામાં એટલી હિંમત નથી. તારા પવિત્ર સાન્નિધ્યમાં પગ મૂકવાને લાયક હું રહ્યો નથી. તારી સમક્ષ મારું શ્યામ મુખ લઈને હું આવી શકું એમ નથી.

'ઘણુંયે થાય છે કે, હું તારી પાસે દોડી આવું. તું મને માફ કરશે જ, એવી મને ખાતરી છે. તું બધું ભૂલી જઈ શકે એટલી ઉદાર છે. પણ મારા હૃદયને વધુ આઘાત......ની હાજરીથી લાગ્યો છે. મારા માટે એણે શું ધાર્યું હશે! તારો હાથ મારા હાથમાં સોંપીને એણે આ દિવસ જોવાની આશા

નહિ રાખી હોય ! મારી માગણીને સંતોષવા ખાતર એણે અનેક સંકટો વેઠયાં. કલંક વહોર્યું. એનો મેં આ બદલો આપ્યો ?

'એ પ્રથમ જ મારે ત્યાં આવ્યો, અને હું એને સત્કારી ન શક્યો, મળી ન શક્યો, વાત સુદ્ધાં ન કરી શક્યો. શું મોઢું લઈને એને મળું ! એની આંખ સામે જ મેં તારું અપમાન કર્યું, એનો શો બચાવ કરી શકું એમ છું ! નાસી છૂટવા સિવાય એ વખતે મારા માટે બીજો માર્ગ નહોતો.

'એ મને કેમ માફ કરી શકે ? એ કદાચ મોડો આવ્યો હોત, તો આ પ્રસંગ હું તેનાથી છુપાવી શકત. એ છુપાવવાને હું તને સમજાવી શકત. પણ એમ બની શકયું નહિ. એની સન્મુખ આવવાની મારામાં જરાયે હિંમત નથી.

'હું પાછો નથી આવતો, એથી તને દુઃખ થશે; પણ હું લાચાર છું. મારી એ નબળાઈ છે. મારા વતી એની પાસે ક્ષમા માગજે. હવે હું અહીં રહી શકું એમ નથી.

'કાલે હું મુંબઈ છોડી જાઉં છું. કયાં જઈશ એ નક્કી કર્યું નથી. સુરત, વડોદરા, અમદાવાદ—જ્યાં ઠીક પડશે ત્યાં જઈશ; અને કરેલા પાપનું પ્રાયશ્ચિત્ત કરીશ. ત્યાં પહોંચીને બીજો પત્ર લખીશ.

'મને તું પત્ર ન લખજે. તારો પત્ર મેળવવાનો હવે મને અધિકાર નથી રહ્યો. હું તો પત્રો લખ્યાં કરીશ, મારો દોષ ધોવા માટે. એ દોષ નહિ ધોઈ શકું, ત્યાં સુધી હું તને મોઢું બતાવી શકીશ નહિ.

'આ પત્ર તને મળે, તે પહેલાં મેં મુંબઈ છોડયું હશે. મને ક્ષમા કરજે......ને મારા સ્મરણ કહેજે.'

તારો કીર્તિ.

રાત્રે પંકજ આવ્યો, ત્યારે તેણે કીર્તિના સમાચાર પૂછ્યા. સરોજે તેનો ઉત્તર ન આપતાં, કીર્તિનો પત્ર તેના હાથમાં મૂક્યો.

પત્ર વાંચી પંકજે કહ્યું: "કેટલો સાફદિલ એ માણસ છે! મળે, તો કહેજે. 'હું એને માફ ન કરું એટલો કઠોર નથી. એનો દોષ મારા દિલમાં વસ્યો નથી. મારાથી મુખ છુપાવવાની જરૂર નથી.' "

ભાઈબહેન સાથે બેસીને જમ્યાં. જમતાં જમતાં સરોજે કહ્યું: 'પત્ર ઉપરથી લાગે છે કે, હવે એ તુરતમાં પાછા નહિ ફરે.'

'એનું દુઃખ મંદ પડવા ઉપર એનો આધાર છે.' પંકજે કહ્યું. 'ગઈ કાલના પ્રસંગની અસર ટૂંક વખતમાં ભુલાઈ જશે, એ ચોક્કસ છે; અને ત્યારે એ આવશે જ.'

જમ્યા પછી પંકજે કહ્યું: 'બહેન! આજે હું અહીં રાત રોકાઈ શકીશ નહિ. મારા પર વૉરંટ નીકળી ચૂક્યું છે, એટલે તને છેલ્લી વાર મળી લેવા આવ્યો છું.'

'ઇન્દોરનું વૉરંટ?' ગભરાઈને સરોજે પૂછ્યું.

'ના. એ તો ઊભું હશે. ગઈ કાલના ભાષણને અંગે સરકાર મને ગિરફતાર કરવા માગે છે.'

'તો અહીં છુપાઈ રહો.'

'છુપાવાની જરૂર નથી. પકડાવા માટે હું તૈયાર છું. એથી મજૂરોનો જુસ્સો વધશે.'

'રાત અહીં રોકાઈ જાઓ. સવારે મંજરીબહેનને મળવા જવાનું નક્કી થયું છે ને!'

'હજુ મારે પકડાયા પહેલાં કેટલુંક કામ પતાવવાનું બાકી છે; એ રાત્રે જ પતાવી શકાશે.'

'તો અત્યારે જ મંજરીબહેનને ત્યાં જઈએ.'

'કસમયે ?'

'એમની સાથે હવે તો ઘર જેવો સંબંધ બંધાઈ ગયો છે. ગમે ત્યારે જઈ શકાય. એમણે તમને ખાસ મળવાની ઇચ્છા બતાવી છે.'

'સાધારણ રીતે એમને મળવાની મને બહુ જરૂર લાગતી નથી; પણ ફંડની અમારે બહુ જરૂર છે, એટલે મળી લઉં. ચાલ ત્યારે, તૈયાર થા.'

સરોજ તરત જ તૈયાર થઈ ગઈ. ભાઈબહેન મંજરીને મળવા ગયાં.

પ્રકરણ ચોવીસમું.......................જૂનો પરિચય

'સ્વપ્નવિહાર'ના ડ્રોઇંગરૂમમાં પંકજને બેસારીને સરોજ 'વ્યોમવિહાર'માં ગઈ. મંજરી એ વખતે ચિત્રાને સંગીતનું શિક્ષણ આપી રહી હતી.

સરોજને રાત્રિને વખતે અચાનક આવેલી જોઈને મંજરીને જરા નવાઈ લાગી. શિક્ષણકાર્ય પડતું મૂકીને એણે સરોજનો સત્કાર કર્યો, અને પૂછ્યું: 'કેમ, બહેન! અત્યારે!'

'હું કાલે સવારે તમારે ત્યાં મારા ભાઈ સાથે આવવાની હતી, એમ મેં તમને કાલે કહેવરાવ્યું હતું.' સરોજે કહ્યું: 'પણ, તેને કાલે અગત્યનું કામ છે, એટલે અત્યારે મળવા લઈ આવી છું. તમને હરકત ન હોય તો......'

'અરે! હરકત શાની? અત્યારે તો વધુ નિરાંત હોય છે. અને, તારે માટે તો આ દરવાજા રાતદિવસ ખુલ્લા જ છે. 'હાં, ક્યાં છે તારો ભાઈ?' મંજરીએ પૂછ્યું.

'નીચે ડ્રોઈંગરૂમમાં બેઠો છે.' સરોજે કહ્યું. 'તમે નીચે દીવાનખાનામાં આવો છો, ને?'

'દીવાનખાનામાં શા માટે? અહીં જ લઈ આવ ને! વધુ આનંદ પડશે.' મંજરીએ કહ્યું. 'અરે, માલતી! નીચે એક ભાઈ બેઠા છે, તેમને અહીં તેડી લાવ.'

'અહીં?' માલતીએ સ્પષ્ટતા કરવાને પૂછ્યું; કારણ કે, આજ સુધી કોઈને 'વ્યોમવિહાર'માં આવવાની છૂટ નહોતી.

'હા, અહીં જ. એ તો સરોજના ભાઈ છે!' મંજરીએ કહ્યું. માલતી નીચે ગઈ.

માલતી બિચારી એને અહીં લાવતાં ગભરાતી હતી. મંજરીએ સરોજને કહ્યું; 'અહીં તારા સિવાય બીજી કોઈ સ્ત્રી પણ કદી આવી નથી, એટલે પંકજભાઈને અહીં લાવવામાં એને મુઝવણ થઈ.'

ચિત્રા હજુ શાન્ત બેઠી હતી. માલતી નીચે જતાં, એ બીજા કમરામાં જવા લાગી. તેને અટકાવીને મંજરીએ કહ્યું: 'અરે! તું વળી ક્યાં જાય છે? તારે અહીં જ બેસવાનું છે. મેં કહ્યું ને, એ તારી સરોજબહેનના ભાઈ છે!' ચિત્રા પાછી ફરીને દૂરની ખુરશી પર બેઠી.

'અહીં આવ! શરમાળ ક્યાંની?' મંજરીએ એને પોતાની પાસે બોલાવી; અને સરોજ બેઠી હતી, તે સોફા પર બેસવા કહ્યું. ચિત્રા બેઠી.

તરત જ પંકજને લઈને માલતી ત્યાં આવી પહોંચી. મંજરીએ એનો સત્કાર કરીને એક સોફા પર બેસાર્યો અને માલતીને ચા લાવવા કહ્યું.

'ચિત્રા! પંકજભાઈને નમસ્કાર કર!' મંજરીએ આજ્ઞા કરી. ચિત્રાએ બે હાથ જોડીને કહ્યું: 'નમસ્તે!'

પંકજે સામા નમસ્કાર કરી મંજરીને પૂછ્યું: 'આપની પુત્રી કે?'

'હા. સરોજ એનો અભ્યાસ સંભાળે છે.' મંજરીએ ખુલાસો કર્યો, અને કહ્યું: 'પંકજભાઈ! તમે અત્યારે આવ્યા, તે બહુ સારું કર્યું. સવારે આટલી નિરાંત ન મળી શકત.'

મંજરીએ આ શબ્દો પંકજને ઉદ્દેશીને કહ્યા હતા, પણ તે પ્રત્યે પંકજનું લક્ષ નહોતું. એ ઘડીક ચિત્રા સામે અને ઘડીક મંજરી સામે જોયા કરતો હતો.

સરોજને પંકજનું આ વર્તન, અને મંજરીના પ્રશ્ન પ્રત્યેનું એનું દુર્લક્ષ ન ગમ્યું. પંકજ એને જરા અસભ્ય લાગ્યો.

એનું ધ્યાન ખેંચવા સરોજે કહ્યું: 'ભાઈ! મુંબઈમાં બે વર્ષના મારા વસવાટ દરમ્યાન હું જે કોઈના સંસર્ગમાં આવી છું, તેમાં મંજરીબહેનનું સ્થાન સૌથી આગળ આવે. હું જાણે એમની નાની બહેન હોઉં, એટલો સ્નેહ અને મમતા તે મારા પ્રત્યે રાખે છે.'

'એમ કે?' પંકજે કહ્યું. 'આપ અહીં મુંબઈમાં કેટલાં વર્ષથી રહો છો?'

'પાંચેક વર્ષ થયાં.' મંજરીએ કહ્યું. વાત આગળ ન ચાલી. પંકજનું લક્ષ વાતમાં બેસી શકતું નહોતું. બત્તી સામે સ્થિર દૃષ્ટિ કરી એ વિચારતો હતો: 'આ બાઈને ક્યાંક જોયેલ છે.' પોતે એના ઠીક પરિચયમાં આવેલો હતો. પણ એને પૂછાય કેમ? 'એ જ ચહેરો; એ જ મધુરતા; એ જ સ્વર! પણ એ અભિનેત્રી ન હોય!'

એની મુઝવણ કળી જઈને મંજરીએ પૂછ્યું: 'પંકજભાઈ! આપણે અગાઉ ક્યાંય મળેલાં ખરાં?'

'એવું કંઈ યાદ આવે છે.' પંકજે એના મુખ સામે જોઈને કહ્યું.

'ક્યાં, ઇન્દોરમાં?'

'હા, હા. તમે......?'

'નવાઈ ન પામશો. હું એ જ છું.'

'કોણ! જમનાબહેન?'

'હા. ભાઈ! હું એ જ જમના છું. આજ ચાર-પાંચ વર્ષે આપણે મળ્યાં, ખરું કે?'

'હા. પાંચ વર્ષ થઈ ગયાં. પણ તમે અહીં, આ સ્થિતિમાં ક્યાંથી?'

માલતી ચા-બિસ્કિટ લઈને આવી.

મંજરીએ કહ્યું: 'ચા પી લઈએ. પછી હું વાત કહું.' પંકજે પ્યાલો હાથમાં લઈ સરોજ સામે જોયું અને પૂછ્યું: 'બહેન! તેં ઓળખ્યાં કે?'

સરોજ અત્યાર સુધી ચૂપ બેઠી હતી, અને મંજરી તથા પંકજ વચ્ચેની વાત સાંભળી આશ્ચર્ય પામતી હતી. પંકજે જ્યારે જમનાનું નામ આપ્યું, ત્યારે એને ખ્યાલ આવ્યો કે, તેના માસા ગોપાળદાસને ત્યાં એક બાઈ કામ કરતી હતી, તે જમના હતી. એક વાર એ પોતાને ઘેર પણ આવી હતી. સરોજનો મંજરી સાથે પ્રથમ પરિચય થયો, ત્યારે પણ એને એ ખ્યાલ આવ્યો હતો કે, એણે એને ક્યાંક જોયેલ હતી;

પણ જમનાનો એને ખ્યાલ આવ્યો નહોતો. પંકજના પ્રશ્નના ઉત્તરમાં એણે કહ્યું: 'આપણે ત્યાં એકવાર આવેલાં, એ જ કે?'

'હા.' મંજરીએ કહ્યું: 'તે જ હું, બહેન! તને આજે જ ખ્યાલ આવે છે, ખરું કે?'

'હા. મારા ભાઈએ તમારું નામ આપ્યું, ત્યારે જ મને ખ્યાલ આવ્યો.' સરોજે કહ્યું, અને પૂછ્યું: 'તમે મને ઓળખી શક્યાં હતાં?'

'હાસ્તો! નહિતર વિના પરિચયે હું તને તુંકારે બોલાવું ખરી? આ મકાનમાં અવિનય કે અસભ્યતાને લેશ પણ સ્થાન નથી, એ તો તું જાણે જ છે!'

બધાંએ ચા—બિસ્કિટને ન્યાય આપ્યા પછી, મંજરીએ માલતીને કહ્યું: 'આ લઈ જા. અને હવે નીચે ડ્રોઈંગરૂમમાં બેસ. કોઈ આવે તો કહેજે, હું કામમાં છું. અત્યારે નહિ મળી શકું.'

'વારુ' કહી ચાનો સામાન લઈ માલતી ગઈ, એટલે પાન બનાવતાં મંજરીએ બોલવાની શરૂઆત કરી.

'મને ઓળખનાર આ શહેરમાં એક જ વ્યક્તિ છે; અને તે કવિ હરિરામ. હરિરામ સિનેમાની વાર્તા અને ગાયનો લખવાનું કામ કરતો; અત્યારે પણ એ જ કામ કરે છે. અગાઉ એ ખંડવામાં અમારા મકાન સામે રહેતો. એ મારા પૂર્વ-જીવનનો સાક્ષી છે. અમે બન્ને સંગીતનાં શોખીન હતાં, એટલો અમારો સંબંધ. હું એને, ત્યારે ઓળખતી નહિ. એ એના ઘરમાં રહી ગ્રામોફોનની 'રેકર્ડ' વગાડતો, અને હું મારા ઘરમાં રહી એ સાંભળતી. હું મારા ઘરમાં બેસીને ગીત

ગાતી હોઉં, એ હરિરામ સાંભળે. અમે ત્યાં સુધીમાં એક બીજાનું મોઢું પણ જોયેલું નહિ. એક દિવસ મેં ઘરની બારીમાંથી નજર કરી, ત્યારે હરિરામ તેની મેડીના ઝરૂખામાં ઊભો હતો. મેં એના સામે જોયું, નિર્દોષ ભાવે જોવાઈ ગયું, એ મારો ગુનો. તે દિવસથી પતિએ મને ત્યજી દીધી. આ છોકરી ત્યારે નવ-દસ વર્ષની હતી, એને લઈને હું ઇન્દોર આવી. મને આશા હતી કે, સમાજ મને ઓટલો અને રોટલો આપી રહેશે; અને આપ્યો પણ ખરો. પણ, પંકજભાઈ! તમે જાણો છો, પાછળથી સમાજે મારી શી દશા કરી! સમાજને મેં વહેમનું એક પણ કારણ આપ્યું નહોતું. મારા ચારિત્ર્ય પર શંકા લાવવાને સમાજને કંઈ કારણ નહોતું. મારી નિર્મળતાને સમાજ ઓળખી ન શક્યો. એણે નિંદાનો મારો શરૂ કર્યો, અને તે સહન ન થઇ શકવાથી મેં ઇન્દોર છોડયું. એક પવિત્ર નારી પર વૃથા કલંક ચડાવવાનું સમાજને કેમ ગમ્યું હશે, તેની મને હજુ સુધી ખબર પડી નથી!'

'પંકજભાઈ!' મંજરીએ ચાલુ રાખ્યું. 'આજે તો હું સિનેમાની નટી છું. સમાજની મને આજે કશી પરવા નથી. હું સ્વતંત્ર છું. મને અહીં કોઇ પૂછનાર નથી. વિલાસી વાતાવરણ વચ્ચે ધંધો કરું છું; છતાં, આજે પણ હું મારી પવિત્રતા જાળવી રહી છું, એની ખાતરી તમને સરોજ આપશે. ત્યારે તો હું પામર હતી, નિરાધાર હતી; સમાજને આશરે પડી હતી, અને સમાજથી ડરીને ચાલતી હતી. મારા પતિના દિલમાં મારી પવિત્રતા ફરી વસે, તો એ મારો સ્વીકાર કરે, એવી આશા પણ હતી; અને તેથી નિર્મળ જીવન ગાળી રહી હતી. છતાં, સમાજ મારા પર તૂટી પડયો. એના પ્રહાર સામે મારું અબળાનું શું ગજું? હું શહેર છોડીને ચાલી

નીકળી. હું નિરાધાર હતી; નિષ્કિંચન હતી. આ છોકરીની જવાબદારીનો મારા પર બોજો હતો. મારે પેટ ભરવું હતું, અને મારી પવિત્રતા જાળવી રાખીને ભરવું હતું. મારે માટે એ અશક્ય હતું. આ વિટંબણામાંથી ઉગરવાનો, ત્યારે મને એક જ માર્ગ સૂઝ્યો હતો: આ છોકરીને સાથે લઈને 'પિપલ્યાપાલા' માં જળસમાધી લેવી.'

'પણ હરિરામના મેળાપે મને બચાવી લીધી.' મંજરીએ જરા વિસામો લઈ કહ્યું. 'એ મને અહીં લઈ આવ્યો; મારી પવિત્રતા હું જાળવી શકીશ, એવી ખાતરી આપીને લઈ આવ્યો. એની લાગવગથી હું નટી બની છું. આજ પાંચ વર્ષમાં હું ઠીક પ્રતિષ્ઠા અને ધન મેળવી શકી છું, શાન્ત અને સુખી જીવન જીવી રહી છું.'

'તમારા પતિને તમે કદી પત્ર લખો છો, ખરાં?' પંકજે વચમાં પૂછ્યું.

'ના. એક વાર ઇંદોરથી, અને એક વાર અહીંથી માત્ર સરનામું મોકલ્યું હતું. એણે પત્ર લખ્યો હોત, તો હું એને ઉત્તર આપત. પણ હવે એની લાચારી કરીને એને શરણે જવા હું ઇચ્છતી નથી. એના શરણની આજ મારે જરૂર પણ નથી. મારાં પુસ્તકો મારાં ઉત્તમ સાથી છે. એકલી જીવવાને હું હવે ટેવાઈ ગઈ છું. નટીનું જીવન કંઈ ઊંચા પ્રકારનું જીવન છે, એમ પણ હું માનતી નથી; પણ હવે એ રીતે જ જીવન ગાળ્યે છૂટકો છે. માણસને કંઈ પ્રવૃત્તિ તો જોઈએ જ ને? પ્રવૃત્તિ તરીકે આ ધંધો કરું છું. પણ આ છોકરીને હું આ ધંધામાં પાડવા ઇચ્છતી નથી. આ ધંધામાં રહીને પવિત્રતા જાળવી રાખવાનું કાર્ય મહા મુશ્કેલ છે. સમાજે મને તરછોડી

છે, છતાં તે સમાજ પ્રત્યે મારા હૃદયના ઊંડાણમાં માન છે. એમાં રહેનારને પવિત્ર જીવન ગાળવાની તક મળે છે. તેથી એ સમાજ વચ્ચે હું ચિત્રાને મૂકવા માગું છું. એટલા માટે જ મેં એને સરોજને સોંપી છે. હું ખૂબ ભાગ્યશાળી છું કે, તમારી બહેન મને મળી ગઈ! મેં કંઈ આંખો મીચીને ઝુકાવ્યું નથી. હું એને ઓળખી ગઈ હતી. એના સદ્‌ગુણો અને સુસંસ્કારની મને માહિતી હતી. અને તેથી જ મારી દીકરીને મેં એના વિશ્વાસે મૂકી છે. મને આશા છે કે, ચિત્રાનું ભવિષ્ય એ સુધારશે.'

'હજુ બે દિવસ પહેલાં જ મેં સરોજને કહ્યું હતું કે, એ નોકરી છોડી દઈને ચિત્રાને જ સંભાળે. જ્યાં જાય, ત્યાં એને સાથે લઈ જાય, અને દુનિયાનો અનુભવ કરાવે. આ સમાજમાં સરળ અને ભોળાં માણસનું કંઈ સ્થાન નથી. માથું મારીને જીવતાં આવડવું જોઈએ.'

મંજરીની વાત પૂરી થઈ. પંકજે કહ્યું: 'તમારો મેળાપ થવાથી મને આનંદ થાય છે. મારો પણ નાનો એવો ઇતિહાસ રચાઈ ગયો છે, પણ એ વિષે તમને સરોજ પાછળથી કહેશે. હાલ તો હું એવી પ્રવૃત્તિમાં પડ્યો છું કે, અહીં લાંબો વખત સ્થિરતાપૂર્વક રહી શકું એમ નથી. સરોજને તમે નાની બહેન સમજીને સંભાળજો. ચિત્રાની બધી જવાબદારી એ સંભાળી લેશે જ. એની કશી ભલામણ કરવાની હવે જરૂર રહેતી નથી.'

'હું તો એમ જ કહું છું કે, સરોજ ચિત્રાને એની સાથે જ રાખે, અને એને ઠીક પડે ત્યારે સારું ઠેકાણું જોઈને પરણાવી દે. એ કામ એનું જ છે. એણે પણ એને નાની બહેન

સમજવાની છે. એની બધી જવાબદારી હું એને સોંપીને નિશ્ચિંત થવા ઇચ્છું છું.' મંજરીએ કહ્યું.

'એ જવાબદારી સરોજ ઉપાડી લેશે, જમનાબહેન!' પંકજે કહ્યું: 'આ પરિચય પછી હવે એની ચિંતા તમારે કરવાની નથી.'

'હમણાં તો તમે મુંબઈમાં જ રહેવાના છો, ને?' મંજરીએ પંકજને પૂછ્યું.

'હા. પણ મને લાગે છે કે, હું કાલે જ પકડાઈ જઈશ. મજૂરપ્રવૃત્તિ તરફ સરકારની આંખ બહુ જ કરડાઈ છે.'

'મજૂરોની સેવા, એ સાચી સેવા છે. એમની સ્થિતિ બહુ કફોડી છે. હજુ હમણાં જ એક પુસ્તક મેં વાંચ્યું હતું: 'મૂડીવાદના ઓળા નીચે.' એમાં કિસાનો અને મજૂરોની સ્થિતિનો આબેહૂબ ચિતાર હતો.' મંજરીએ કહ્યું.

'એ પુસ્તક, મંજરીબહેન! મારા ભાઈએ જ લખેલું છે.' સરોજે તરત જ કહ્યું.

'એમ?'

'હા.'

'એમાં લેખક તરીકે તો કોઈ બીજું નામ છે!'

'મઝદૂર, ખરું ને?' પંકજે કહ્યું 'એ મારું ઉપનામ છે. અમસ્તો પણ જુઓને મજૂર જેવો જ લાગું છું ને!'

'ભાઈ! સેવાનો માર્ગ બહુ આકરો છે. તમે જે સંકટ

ગરીબોને માટે વેઠી રહ્યા છો, એનું ફળ તો ઈશ્વર જ આપી શકે. હું તો આ સ્થિતિમાં કોઈની સેવા કરી શકું એમ નથી. પણ તમને પૈસા આપી ઉપયોગી થઈ શકું. તમારી પ્રવૃત્તિ માટે જરૂર પડે, ત્યારે કોઈ પણ રકમ મારી પાસેથી લઈ જજો. આ મિલકતનો બીજો સદ્વ્યય શો હોઈ શકે ?'

'જમનાબ્હેન ! હું તમને કાલે મળવા આવવાનો હતો, ત્યારે એ હેતુ હતો કે, તમારી પાસેથી આ પ્રવૃત્તિ માટે કંઈ રકમની માગણી કરવી. ત્યારે હું કે સરોજ તમને જમનાબ્હેન તરીકે નહોતાં ઓળખતાં. આજે તમે વગર માગ્યે પૈસા આપવાનું કહ્યું, તેથી હું ઘણો ખુશી થાઉં છું.'

મંજરીએ ચિત્રા પાસે ચેકબુક માગી. ચિત્રાએ તે કબાટમાંથી કાઢી મંજરીને આપી. મંજરીએ સહી કરીને, તે પંકજ પાસે મૂકી, અને કહ્યું: 'આમાં ઠીક પડે તે રકમ લખી લેજો.'

'ના, ના. તમે જ લખો.'

'શું લખું ?'

'તમને યોગ્ય લાગે તે.'

'તમે જુદાઈ માનો છો ? તમે જ કહો. તમારી જરૂરનો મને શો ખ્યાલ આવે ?'

'બની શકે તો......' પંકજે અચકાતાં કહ્યું, 'બસો-ચારસો આપો. ઓછા આપશો, તોયે ચાલશે. પછી જરૂર પડશે ત્યારે ફરીને આવીશ.'

'વારુ' કહી ચેકમાં રકમ ભરીને તેણે તે પંકજને આપ્યો. એમાં 'હજાર રૂપિયા' લખ્યા હતા.

પંકજ ચેક વાંચીને ખુશી થયો. એણે તે સરોજને બતાવ્યો. સરોજને આનંદ થયો કે, ભાઈનો આંટો સફળ થયો.

પાન ખાઈને પંકજે રજા લીધી. ચિત્રાએ નમસ્કાર કર્યા. મંજરીએ કહ્યું: 'ફરી વખત મળે ત્યારે આવજો.'

નમસ્કાર કરી, ચેક ખિસ્સામાં મૂકી, હસીને પંકજ ઝડપથી ચાલી નીકળ્યો. સરોજ તે રાત્રે મંજરીના આગ્રહથી ત્યાં જ સૂઈ રહી.

પ્રકરણ પચીસમું..................જેલમાં મુલાકાત

બીજી સવારે પંકજની ધરપકડ થઈ, તે પહેલાં તેણે ધારેલું કાર્ય આખી રાત જાગીને સમાપ્ત કર્યું હતું. મિત્રોને મળીને દરેક પ્રકારની સૂચના આપી દીધી. ચેકમાં સહી કરીને તે વટાવવા માટે એક વેપારી જુવાનને આપી દીધો. સૌને મળીને પોતાની જવાબદારી વહેંચી દીધી, અને મળસ્કું થતાં પોલીસ આવે, તે પહેલાં ખેંચાય તેટલી ઊંઘ ખેંચી કાઢવા, તે પોતાની કોટડીએ જઈને સૂતો.

બે—અઢી કલાક તે માંડ ઊંઘ્યો હશે, એટલામાં પોલીસ આવી પહોંચી. તે જાગ્યો, ચા પીધી, બેડીંગ બાંધ્યું અને જવા તૈયાર થયો. મજૂરોનાં ટોળાં ચારે બાજુથી ત્યાં એકઠાં થઈ ગયાં હતાં. 'ઇન્કિલાબ ઝિંદાબાદ—લાલઝન્ડા ઝિંદાબાદ'ના પોકારો વચ્ચે તેણે વિદાય લીધી.

બે વર્ષના અથાક પરિશ્રમ અને રખડપાટ પછી તેને આરામ લેવાની સંપૂર્ણ તક મળી. ચાર માસની સાદી કેદની તેને સજા થઈ હતી. તે મજૂરોમાં કામ કરતો હતો; કિસાનોની

દુર્દશા તેણે જોઈ હતી. એમનાં દુઃખ પ્રત્યે એને સહાનુભૂતિ પ્રગટી હતી; અને તેથી તેણે ગરીબોની સેવા કરવાનું વ્રત લીધું હતું. હિન્દની નેવું ટકા વસ્તી આ ગરીબ મજૂર કિસાનોની છે. એમની મુક્તિ માટે ભારતની આઝાદી આવશ્યક છે. આ ભાવનાથી એ દેશની મુક્તિના યજ્ઞમાં હોમાવા તૈયાર થયો હતો.

પરંતુ એ હજુ સુધી રાજકીય અને આર્થિક પ્રશ્નોનો ઊંડો અભ્યાસ કરી શક્યો નહોતો. દેશના જુવાનોમાં જે અનેક વિચારસરણીઓ વહેતી હતી, તેનો અભ્યાસ કરીને દેશમાં ચાલી રહેલા શોષણને અટકાવવાનો ટૂંકો અને વૈજ્ઞાનિક માર્ગ કયો છે, એ તે નક્કી કરી શક્યો નહોતો. કામદાર આગેવાનો ગાંધીવાદ, સમાજવાદ અને સામ્યવાદની વાતો કરતા હતા, એ વિષે ચર્ચાઓ ચાલતી હતી; પરંતુ એ સંબંધમાં જરૂરી અભ્યાસ એ કરી શક્યો નહોતો; એટલે જેલજીવનના ચાર માસ આ વિષયોના અભ્યાસમાં ગાળવાનો એણે નિર્ણય કર્યો હતો; અને તે માટે જરૂરી પુસ્તકો તે પોતાની સાથે જેલમાં લઈ ગયો હતો.

બહાર હડતાળ વ્યવસ્થિત ચાલતી હતી; એટલે એ સંબંધમાં કશી ચિંતા કરવાનું એને કારણ નહોતું. પૂરતો શ્રમ લઈને એ એનાથી બનતું કાર્ય કરી છૂટયો હતો. સરોજને પણ મળી લેવાયું હતું મંજરી સાથેનો પરિચય મજૂરો માટે આર્થિક સહાય મેળવવામાં ઉપયોગી નીવડયો હતો. સંપૂર્ણ સંતોષ અને આનંદ સાથે એણે જેલના દરવાજામાં પગ મૂકયો હતો.

બે માસ પછી સરોજે એની જેલમાં મુલાકાત લીધી. સાથે ચિત્રા પણ હતી. પંકજે પહેલો જ પ્રશ્ન પૂછયો : 'કીર્તિના શા સમાચાર છે?'

'તમે પકડાયા, તે જ દિવસે ઘેર આવી ગયા.' સરોજે કહ્યું.

'એમ ? બહુ સારું. આ સમાચારથી હવે મને પૂરેપૂરો સંતોષ થાય છે. તે આટલી સરળતાથી પાછો આવે, એમ તેના પત્ર પરથી તો નહોતું જણાતું !' પંકજને આશ્ચર્ય થયું.

સરોજે કહ્યું: 'એમની મેળે એ ઓછા જ આવ્યા છે! એ તો બહારગામ જવા ઊપડી જતા હતા. તે રાત્રે તો હું મંજરી બહેનને ત્યાં જ સૂતી હતી. બીજી સવારે ત્યાંથી નીકળી તારી ધરપકડ સંબંધમાં તપાસ કરવા માટે હું બહાર નીકળી. પરેલ તરફ આવવા વિચાર કરતી હતી, ત્યાં ખબર મળ્યા કે તું પકડાઈ ગયો. પછી નજીકમાં જ 'સેન્ટ્રલ' સ્ટેશન હતું, એટલે મનમાં થયું કે, ત્યાં તપાસ કરું અને જો મેળાપ થઈ જાય, તો ઘેર આવવા સમજાવવાની કોશિશ કરું. એટલે સ્ટેશને ગઈ. આખું પ્લેટફોર્મ ફરી વળી. અમદાવાદ તરફ જતી ગાડી પણ તપાસી. પણ પત્તો ન લાગ્યો. છેવટે ગાડી ઊપડતી હતી, ત્યારે એક ડબામાં છેક ખૂણામાં લપાઈને બેઠેલા દેખાયા ! ચાલતી ગાડીએ હું બાજુના ડબામાં મહામુસીબતે ચડી શકી. દાદર સ્ટેશને ગાડી ઊભી રહી, ત્યારે એમને મળી. ખૂબ સમજાવ્યા, અને ટ્રેનમાંથી ઉતાર્યા. અર્ધો દિવસ અમે દાદરમાં રહ્યાં. છેક સાંજે ઘેર પાછા આવવા કબૂલ થયા.

'ચલો એ પણ સારું થયું.' પંકજે કહ્યું. 'મારી ધરપકડના સમાચાર એને કહ્યા હતા ?'

'હા. દાદર સ્ટેશને જ કહ્યા; એટલે તો એ ગાડીમાંથી ઊતર્યા ! એમને તારી બહુ શરમ લાગે છે.'

'મારો સંદેશો કહ્યો ?'

'હા. પણ હજુ એ પ્રસંગની છાપ એમના મન પરથી ભુસાઈ નથી. તારી મુલાકાતે આવવા મેં અને ચિત્રાએ ઘણા સમજાવ્યા, પણ એમણે હા ન પાડી.'

'પરીક્ષા પતી ગઈ?'

'ના. ચાલુ છે. પ્રિલિમિનરીમાં સારા ગુણ મેળવ્યા હતા. હમણાં ખૂબ વાંચે છે. ઘણું કરીને પહેલા વર્ગમાં પાસ થઈ જશે.'

'બીજા શા સમાચાર છે? તારે વેકેશન પડયું હશે!'

'મેં નોકરી છોડી દીધી.' સરોજે કહ્યું.

'કેમ?'

'હવે અમે તારું કામ ઉપાડી લીધું છે. હું અને ચિત્રા મજૂર લત્તાઓમાં ફરીએ છીએ. મંજરીબહેને ચિત્રાને મારી સાથે બધી પ્રવૃત્તિઓમાં ભાગ લેવાની છૂટ આપી છે. અમે પ્રૌઢશિક્ષણનું કામ હમણાં ઉપાડયું છે. નિરક્ષર બહેનોને ભણાવીએ છીએ. કોંગ્રેસ સરકાર તરફથી અમને વ્યવસ્થિત કામ સોંપાયું છે; અને બધી સગવડતા આપવામાં આવી છે.'

'અને આ ચિત્રા પણ એ બધું કામ કરે છે, એમ!'

'હા. આજ સુધી 'સ્વપ્નવિહાર'ની બહાર ભાગ્યે જ પગ મૂકયો હતો તે, રાતદિવસ મજૂરોની ચાલીઓમાં રખડે છે.'

'નોકરી છોડી દીધી, તો હવે તમારું પૂરું શી રીતે કરો છો?'

'ચિત્રાને સાથે રાખીને એને વધુ વખત શિક્ષણ આપવાનું કામ મંજરીબહેને મને સોંપ્યું છે. માસિક ચાળીસને બદલે હવે એંસી રૂપિયા આપે છે. પરીક્ષા પછી કાન્ત પણ નોકરી શોધી લેવાના છે, એટલે એ વિષે હવે કશી ચિંતા રહી નથી.'

'જમના...મંજરીબહેનની તારા ઉપર સારી લાગણી છે, ખરું!' પંકજ હજુ મંજરીનું મૂળ નામ ભૂલી શકતો નહોતો.

'હા. હવે ઓળખાણ નીકળ્યે વિશેષ. વળી આપણી પ્રવૃત્તિઓ માટે તેમણે કાલે પાંચસોનો બીજો ચેક આપ્યો. હવે હડતાલ પૂરી થઈ છે, એટલે આ રકમ અમે પ્રૌઢશિક્ષણના કાર્યમાં વાપરીશું.'

'સરસ!' પંકજે ખુશી થઈને કહ્યું.

'હવે તમને બીજી યોજના કહું.' ચિત્રાએ પંકજને કહ્યું.

'એ શું વળી?' પંકજે પૂછયું.

ચિત્રાએ સરોજ સામે દ્રષ્ટિ ફેંકી, મંદ હાસ્ય કરી, કહ્યું: 'પરીક્ષા પછી કીર્તિભાઈ કોંગ્રેસ તરફથી રાષ્ટ્રભાષાપ્રચારનું કામ શરૂ કરવાના છે. ચાર દિવસ પછી વર્ગો શરૂ થશે. બહેનોના વર્ગ સરોજબહેન લેવાનાં છે.'

'વાહ! આ બધું સાંભળીને મને બહુ આનંદ થાય છે.'

'અને...' ચિત્રાએ ચાલુ રાખ્યું. 'કદાચ કીર્તિભાઈ કોંગ્રેસ સરકારના દારૂનિષેધખાતામાં જોડાશે. પાર્લાની હાઈસ્કૂલમાં એમને સો રૂપિયા મળનાર હતા; પણ એમણે સાઠ રૂપિયામાં દારૂનિષેધનું કામ સ્વીકાર્યું છે. એ કહે છે કે, આ કાર્યમાં સેવા કરવાની વધુ તક મળશે. સેવા પ્રત્યે એમની ધગશ ખૂબ વધી છે!'

'ચિત્રા!' સરોજે કહ્યું. 'આપણે આપણી જ બધી વાતો કર્યા કરીશું, કે કંઈ એનું સાંભળીશું?'

'મારે તો શું કહેવાનું હોય?' પંકજે કહ્યું. 'અહીં તો ખૂબ આનંદ છે. વાંચું છું અને આરામ લઉં છું. હડતાળ

પતી ગઈ, એટલે હવે એ વિષેની કશી ચિંતા નથી રહેતી. તમારી ચિંતા રહેતી હતી, પણ આ બધું સાંભળીને મને ખૂબ જ સંતોષ થયો છે.'

મુલાકાતનો સમય પૂરો થયો. છૂટા પડતાં પંકજે કહ્યું: 'હવે તમને બીજી મુલાકાત નહિ મળે. બે માસ પછી બહાર જ મળીશું.'

સરોજ અને ચિત્રા તેને નમસ્કાર કરી. ચાલતાં થયાં. પંકજ અંદર ગયો. જતાં જતાં મનમાં બોલ્યો: 'કેવી નમ્ર અને સરલ છોકરી છે!'

પંકજના જેલમાં ગયા પછી સરોજ અને મંજરીનો સહવાસ ખૂબ વધ્યો હતો. સરોજ ઘણીવાર મંજરીને ત્યાં જ રહેતી અને જમતી. મંજરી પણ સરોજને ત્યાં કોઈવાર જતી. બન્ને જાણે એક જ કુટુંબની વ્યક્તિઓ હોય, બે બહેનો જ હોય, એમ રહેતી. કીર્તિ હવે એમાં વાંધો લેતો નહિ.

મંજરીને જોઈતું હતું, તે મળી ગયું. તેની ઇચ્છા ચિત્રાને ભદ્રસમાજમાં હરતી ફરતી કરવાની હતી, તે સરોજના પરિચયથી બર આવી. સરોજ જ્યાં જતી—સખીઓને ત્યાં, શિક્ષિકાઓને ત્યાં, મેળાવડાઓમાં, સંમેલનોમાં, સભા—સરઘસોમાં—ત્યાં ચિત્રાને સાથે લઈ જતી. સરોજ અને ચિત્રા એ બન્ને બહેનો જ છે, એવી માન્યતા લગભગ સર્વત્ર પ્રસરી ગઈ હતી. સરોજ ચિત્રા પ્રત્યે સ્નેહ અને મમતા દર્શાવતી; ચિત્રા સરોજની દરેક આજ્ઞા ઉઠાવતી.

મંજરીનો સરોજ પ્રત્યેનો પ્રેમ અને વિશ્વાસ વધતાં જતાં હતાં. હવે તો બન્ને ચિરપરિચિત સખીઓ હોય, એમ જ વર્તતી. મંજરીએ સરોજને પોતાના પૂર્વજીવનનો ઇતિહાસ

વિગતથી કહ્યો હતો. એક પણ પ્રસંગ એનાથી છુપાવ્યો નહિ. સરોજે પોતાના ઇન્દોરના વસવાટની, લગ્નની અને પંકજના છૂપા ફરવાની વાત પણ કહી હતી. પરસ્પર વિશ્વાસ વધતો ગયો, તેમ અંતરનાં દ્વાર ઊઘડતાં ગયાં. સરોજે માત્ર કીર્તિ અને ચિત્રા વચ્ચેનો પ્રસંગ એનાથી છુપાવ્યો !

એક દિવસ કીર્તિ બહાર ગયો હતો, ત્યારે મંજરી સરોજને ત્યાં આવી હતી. ફરતાં ફરતાં તે કીર્તિના કમરામાં જઈ એના કબાટનાં પુસ્તકો જોવા લાગી. સરોજે કહ્યું : 'પુસ્તકોનો અહીં પાર નથી. કાન્તને વાચનનો બહુ શોખ છે ઉપરના ખાનામાં બધી ઉત્તમ નવલકથાઓ છે. બીજા ખાનામાં સાહિત્ય, સંગીત, નૃત્ય, સમાજશાસ્ત્ર, શિલ્પ, નાટ્યશાસ્ત્ર વગેરેને લગતાં પુસ્તકો છે. કેટલાંક ગૂજરાતીમાં પણ છે. તમને વાંચવાં ગમશે.'

મંજરીએ પુસ્તકો જોયાં. આમાંનાં ઘણાં એણે વાંચેલાં હતાં; જાણે એણે વાંચેલાં પુસ્તકો જ અહીં સંગ્રહાયાં ન હોય ! કોઈ કોઈ પુસ્તક પર 'K. N MEHTA' × નું નામ હતું ! મંજરીને વહેમ પડ્યો કે, આ મહેતા, પોતાને ત્યાં ઘણીવાર આવતો કોલજિયન, એ જ સરોજનો પતિ કીર્તિ ન હોય !

મંજરીએ પૂછ્યું: 'સરોજ ! કીર્તિકાન્તનો એકકે ફોટો નથી શું ?'

'એક શું, અનેક છે !' સરોજે જવાબ આપ્યો. 'જુદા જુદા 'પોઝ' * નું આખું આલ્બમ છે.'

'દીવાલ પર તો એકકે ફોટો દેખાતો નથી ! અહીં તો મારા જેવી નટીઓના જ ફોટાઓ લટકે છે !' મંજરી હસી.

× કે. એન. મહેતા. × ઢબ.

'એમને સિનેમા, કળા, સૌંદર્ય, નૃત્ય વગેરેનો ભારે શોખ છે. અહીં તો તમારા પણ એક-બે ફોટા આ ઓરડામાં છે. જુઓ, આ રહ્યો!' મંજરીનો ફોટો દેખાડીને સરોજે કહ્યું. 'એમના આલ્બમમાં બીજા વધુ છે.'

'એમનો પોતાનો ફોટો દીવાલે કેમ નથી ટાંગ્યો?'

'એનો બહુ સ્પષ્ટ જવાબ એમની પાસે છે.' સરોજે ઉત્તર આપ્યો. 'એ કહે છે કે, "મારા ઘરમાં હું પોતે હરતો ફરતો હોઉં, પછી મારા ફોટાની શી જરૂર? અહીં આવનાર મારાથી અપરિચિત હોય, એવું તો ભાગ્યે જ બને!" એ એમ માને છે કે, કોઈનો પોતાનો ફોટો પોતાના ઘરમાં ટાંગવાની જરૂર નથી. પોતાનો ફોટો બીજાના ઘરમાં હોય, તો તેને પરિચય આપવા માટે કામ લાગે કે, આ મારો મિત્ર, કે કાકો, કે ભત્રીજો!'

મંજરી હસી પડી: 'વાહ! એ વાત તો સાચી છે; છતાં, આપણે સૌ એવી ભૂલ કરીએ જ છીએ ને!'

'જુઓ, આ રહ્યું આલ્બમ.' સરોજે એના હાથમાં આલ્બમ મૂક્યું. 'એમના, મારા અને અમારા ફોટાઓ છે. એકેક નકલ આલ્બમમાં રાખી, બાકીની એ મિત્રોને આપી દે છે.'

આલ્બમ જોઈ, મંજરીને ખાતરી થઈ, કે, K. N. MEHTA એ જ કીર્તિ હતો! એણે કહ્યું: 'સરોજ! કીર્તિકાન્તને તો હું સારી પેઠે ઓળખું છું!'

'એમ!' આશ્ચર્ય પામતાં સરોજે પૂછ્યું. 'તમે ક્યાંથી ઓળખો?'

'કોઈ કોઈ વાર મારે ત્યાં આવે છે. કવિ હરિરામ એમનો મિત્ર છે. એણે મને પરિચય કરાવ્યો. કેવા વિવેકી અને

બુદ્ધિશાળી! કોઈ વિષય એવો નથી, જેનું એમને જ્ઞાન ન હોય! સરોજ! આ બધાં પુસ્તકો એમની પાસેથી જ મેં વાંચ્યાં છે! હરિરામે કહેલું કે, એ કૉલેજમાં ભણે છે!'

'ભણતા હતા. આ વર્ષે બી. એ. ની પરીક્ષા આપી.' સરોજે કહ્યું. કીર્તિએ આ વાત સરોજને કદી કહી નહોતી. પળવાર એમના મનમાં દુઃખ થયું. પણ પછી 'આવશે ત્યારે એને વઢવું પડશે' એમ મનમાં બોલી, હસતું મોં કરી બોલી: 'એમનું વાંચન એટલું વિશાળ છે કે, કોઈ પણ પ્રશ્ન ઉપર એ ચર્ચા કરી શકે.'

મંજરીએ આલ્બમ જોયું. એમાં કીર્તિ અને સરોજના સાથે પડાવેલા ફોટાઓ પણ હતા. મંજરીએ હસીને કહ્યું: 'સરોજ! ચિત્રા માટે પણ આવો જ કોઈ જુવાન શોધજે. એમનો પણ આવા જ પોઝનો ફોટો હું દીવાલે ટાંગીશ.' મંજરીના હૃદયમાં ચિત્રાના ભાવી ગૃહજીવનનું ચિત્ર ખડું થતું હતું.

'તમારી ચિત્રાને એથીયે સારો વર હું ખોળી આપીશ, મંજરીબહેન!' સરોજે હસીને કહ્યું. 'પણ મને ઇનામ શું આપશો?'

'તું માગે, તે.'

'ચોક્કસ!'

'હા. ચોક્કસ.'

'ચાલો, ત્યારે ઇનામ લાગ્યું. હવે ચાર-છ મહિનામાં જ શોધી કાઢીશ. કાન્તને કહું, એટલી જ વાર છે. આટલી બધી કૉલેજો છે, એમાંથી એકાદ છોકરો પકડી લાવશે.'

'કૉલેજિયનનું મારે કામ નથી! સમજુ ને સંસ્કારી જોઈએ,' મંજરીએ કહ્યું. 'એટલી ચીવટ બરાબર રાખવાની છે. કોઈ મૂરખ કે વહેમી ન નીકળી પડે, એ તો તારે જ જોવાનું છે, કે જેથી એની દશા મારા જેવી ન થાય.' મંજરીને એનો પતિ યાદ આવ્યો.

કેટલીક વિનોદી ચર્ચા પછી, મંજરી ઘેર ગઈ. ત્યારે આલ્બમમાંથી કીર્તિ અને સરોજનો એક ફોટો લેતી ગઈ.

પંકજની સજાના ચાર માસ પૂરા થયા, ત્યારે એનું સ્વાગત કરવા મજૂરોનાં ટોળાં જેલ ઉપર આવી પહોંચ્યાં હતાં. તે દિવસે મજૂરોમાં ભારે ઉત્સાહ ફેલાયો હતો. બીજા મજૂર આગેવાનો બે અને ત્રણ માસની સજા ભોગવીને છૂટયા હતા. પંકજ સૌથી છેલ્લો છૂટતો હતો.

સરોજ અને ચિત્રા સૌથી પહેલાં મોટર લઈને આવી પહોંચ્યાં હતાં. એમનો આનંદ હૈયામાં સમાતો નહોતો. પંકજને પોતાને ત્યાં લઈ આવવા મંજરીએ સરોજને કહ્યું હતું.

જેલ સુપરીન્ટેન્ડેન્ટે સરોજ અને ચિત્રાને પોતાની ઑફિસમાં બોલાવી પૂછ્યું: 'કોને લેવા આવ્યાં છો?'

'મારા ભાઈને.' સરોજે કહ્યું.

'એમનું નામ શું?'

'સિરાજ.'

'મૂળ નામ?' અમલદારે ફરી પ્રશ્ન કર્યો.

સરોજને ભય પેઠો. પંકજ ખુલ્લો પડી ગયો કે શું! તેણે કહ્યું: 'સિરાજ સ્તો!'

'નહિ, એમનું મૂળ નામ પંકજ છે, એ હવે છુપાવવાની જરૂર નથી.'

સરોજનું મોં ઊતરી ગયું.

'મારે એ સાથે કંઈ સંબંધ નથી. હું તો તમને ખબર આપવા માગું છું કે, એમની સજા પૂરી થાય છે, એટલે તે મારા બંધનમાંથી છૂટા થશે, પણ પોલીસ એમનો કબજો લેશે. એમના પર ઇંદોરની પોલીસનું તહોમત છે. એની પ્રાથમિક તપાસ થઈ ચૂકી છે. હવે એમને ઇંદોર લઈ જશે. મારે તમને આ સમાચાર આપવા જોઈએ. મજૂરોનાં ટોળાં અહીં આવી રહ્યાં છે. જેલની સજા પૂરી થાય છે, એટલે અમે એમને છોડી દઈએ છીએ. તમે એમનો મુલાકાત લઈ શકશો. પણ મજૂરોમાં ગેરસમજને લીધે ઉશ્કેરાટ ન ફેલાય, એ તમારે સંભાળવાનું છે.'

સરોજના શિર પર જાણે વીજળીનો પ્રહાર થયો. જે વૉરંટથી બચવા પંકજ બે વર્ષથી પ્રયાસ કરી રહ્યો હતો, તે બજવાની ઘડી આવી પહોંચી. હવે છટકી શકાય એમ નહોતું. ફોજદારી ગુનો, એટલે એની પ્રતિષ્ઠાને પૂરો ધક્કો લાગવા સંભવ હતો.

એ પંકજને મળી. પંકજે પૂછ્યું: 'બહેન! તને સમાચાર મળ્યા કે?'

'હા.' નીચું જોઈ સરોજે કહ્યું. એના તથા ચિત્રાના મુખ પર વિષાદની છાયા પથરાઈ ગઈ હતી.

'સરોજ! ચિત્રા! પહેલી અને બીજી મુલાકાત વચ્ચે આ શો ભેદ?' પંકજે કહ્યું. 'હું જાણું છું, આ સમાચારથી તમારા અંતરમાં દુઃખ થતું હશે; પણ મને એથી કંઈ દુઃખ થતું નથી. એક કર્તવ્ય બજાવતાં હું આ જેલમાં આવ્યો

હતો, ત્યારે તમે ખુશી થયાં હતાં. બીજું કર્ત્તવ્ય બજાવવા હું હવે બીજી જેલમાં જઈશ. એથી તમે નાખુશ થાઓ છો. આ જેલમાં હું આવ્યો ત્યારબાદ મારા પ્રયત્નને સફળતા મળી છે; મજૂરોનો વિજય થયો છે. બીજી જેલમાં હું જાઉં છું, તે પહેલાં જ મને સફળતા મળી ગઈ છે. બહેનના સુખી જીવનને ખાતર એ ગુનો કર્યો હતો. બહેનને સુખી જોઈ શકયો છું. માતાનું ઋણ ચૂકવવાનું હતું; એ ચૂકવી દીધું છે. એ પ્રયત્નમાં પણ સફળતા મળી ચૂકી છે. મેં ગુનો કર્યો હતો, એની શિક્ષા મને મળવી જ જોઈએ. એ ચોરીનો ગુનો હતો. એ પાપ હતું. નહોતું કરવા યોગ્ય, તે પ્રસંગવશાત્ મારે કરવું પડયું. સજા ભોગવતાં એ પાપનો અંશ ધોવાશે. જીવનમાં એ એક જ દુષ્કર્તવ્ય મેં કરીને મારા શુદ્ધ જીવનમાં કાળો ડાઘ કર્યો છે, એ મારે ધોવો જ જોઈએ. એથી મને ખરેખર આનંદ થશે. મારા મનમાં અઢી વર્ષથી જે કાંટો પેઠો છે, એની પીડા હવે નાશ પામશે; અને શુદ્ધ થઈને હું બહાર આવીશ. થોડા મહિના ભોગવી હું પાછો ફરીશ. પણ હવે છૂપા વેશે ભટકવું નહિ પડે. હવે હું પંકજ સ્વરૂપે બહાર આવી દેશની સેવા મુકત મનથી કરી શકીશ; એનો મને આનંદ છે. હા, તને મારી પ્રતિષ્ઠા ગઈ લાગશે; પણ પ્રતિષ્ઠાનો હું ભૂખ્યો નથી. સમાજમાં મારી પ્રતિષ્ઠા હશે કે નહિ, તોયે આ મજૂરો અને કિસાનો મને તેમની સેવા કરવા દેશે. એમની સેવા એ જ મારે મન સુખ છે. જે આનંદથી તમે પહેલી મુલાકાતે આવ્યાં હતાં, એવો જ આનંદ તમારે આ મુલાકાતમાંથી મેળવવો જોઈએ.'

સરોજ અને ચિત્રા પંકજને ઉત્સાહ પૂર્વક બોલતો, અવનત મુખે સાંભળી રહ્યાં.

'ચિંતા છોડી દો. તમે મારું કામ સંભાળ્યું, એ મારે મન

આનંદનો વિષય છે. બહારનાં ટોળાંનો અવાજ હું સાંભળું છું. મજૂરો એકઠા થયા હશે. એમને શાન્ત પાડજો, અને કહેજો કે, હું બીજી જેલ ભોગવવા ઈદોર જાઉં છું. ત્યાંથી છૂટીને સીધો અહીં જ આવીશ. એમને મળ્યા વિના બીજે કોઈ સ્થળે નહિ જાઉં!' પંકજે કહ્યું.

સરોજ રડી રહી હતી. ચિત્રાની આંખમાં પણ આંસુ ભરાઈ આવ્યાં હતાં. પંકજે કહ્યું: 'હવે જાઓ! હિંમત રાખીને તમારું કર્ત્તવ્ય બજાવજો.'

સરોજે આંસુ લૂછ્યાં. 'ભાઈ! હવે કયારે મળીશું?' સરોજે ઉદ્વિગ્ન ચહેરે પૂછ્યું.

'આ વખતે મળ્યો, એમ બે વર્ષે તો નહિ જ. છ–બાર મહિનામાં ચોક્કસ.' તેણે હસીને કહ્યું.

સરોજ અને ચિત્રાએ નમસ્કાર કર્યા. પંકજ પ્રફુલ્લ ચિત્તે નમસ્કાર ઝીલી, અંદર ચાલ્યો ગયો.

સરોજ અને ચિત્રા બહાર આવ્યાં. મજૂરોને સમજાવી શાન્ત પાડયા, અને પંકજનો સંદેશો આપ્યો. નિરાશ થઈને મજૂરોનાં ટોળાં પાછાં વળ્યાં.

મંજરી પંકજના આવવાની રાહ જોઈ રહી હતી. એણે મોટરને આવતી જોઈ. એમાં સરોજ અને ચિત્રા હતાં, પંકજ નહોતો.

'પંકજભાઈ કયાં? અહીં કેમ ન લાવ્યાં?' એણે સરોજ ઉપર આવતાં એને પૂછ્યું.

સરોજ ઉત્તર આપવાને બદલે રોઈ પડી. ચિત્રાએ મંજરીને

વિગતવાર સમાચાર આપ્યા. એણે પૂછ્યું: ' બા ! આપણે પંકજભાઈને છોડાવી ન શકીએ ? '

સરોજને શાન્ત રાખી, મંજરીએ કહ્યું: ' હું કોશિશ કરું છું. '

થોડીવાર વિચાર કરી, એણે કંપનીના સોલિસિટરને ટેલિફોન કર્યો.

સોલિસિટર ટેલિફોન ઉપર આવ્યા. મંજરીએ વાત કરી : ' હેલાઉ ! નમસ્તે. હું મંજરી. મારા એક સંબંધી છે. મજૂર પ્રવૃત્તિ અંગે જેલમાં ગયેલા. એમનું નામ પંકજભાઈ. હવે તેમના પર એક ફોજદારી ગુનાનું તહોમત છે. તેમની સજા આજ પૂરી થાય છે, પણ આ તહોમતને કારણે એમને છોડવામાં આવ્યા નથી. આપ જરા તપાસ કરી આપો કે, એ જામીન પર છૂટી શકે કે કેમ ?......હા, જી. પોલીસને ટેલિફોનથી પૂછી શકશો, અને જામીન પર છૂટી શકે એમ હોય, તો છોડાવીને મારે ત્યાં લાવજો......હા......ના... અને હાં, બીજું એ કે, તેઓ મજૂર પ્રવૃત્તિમાં સિરાજ નામથી પકડાયેલા, પણ તેમનું મૂળ નામ પંકજભાઈ છે...... ટેલિફોન કરશો ?...હા. ભલે. ' વાત પૂરી કરી મંજરીએ કહ્યું: ' ચાલો આપણે હમણાં જમી લઈએ. પછી કદાચ બહાર જવું પડે ! '

બધાં જમવા બેઠાં. સરોજનું મન હજુ વિષાદપૂર્ણ હતું, એટલે એને જમવાનું ન ભાવ્યું. જેમ તેમ બે કોળિયા ખાઈ, ઊભી થઈ. મંજરીએ તેને વિશેષ આગ્રહ ન કર્યો.

તેઓ જમીને પાન ખાતાં હતાં, તેવામાં સોલિસિટરનો ટેલિફોન આવ્યો. તેમણે જણાવ્યું કે, ' પંકજ જામીન

ઉપર છૂટી શકશે, એમ પોલીસ કહે છે. જામીન સંબંધમાં વાતચીત કરવા હું હમણાં જ તમારે ત્યાં આવું છું.' આ સાંભળી સરોજનો વિષાદ ઓછો થયો.

થોડીવારે સૉલિસિટર આવ્યા, અને મંજરી તેમની સાથે બહાર ગઈ.

'બહેન! હવે તમે ચિંતા ન કરો. પંકજભાઈને બા છોડાવી લાવશે.'

'જામીન ઉપર તો છૂટશે; પણ આખરે કેસ તો ચાલશે ને?'

'મારી બા વકીલો રોકીને એમને છોડાવશે.'

'ચિત્રા! પંકજ ગુનો કબૂલી લેશે, એવી મને ખાતરી છે. પછી વકીલો શું કરી શકે?'

'અમારા સૉલિસિટર બહુ બાહોશ છે. એ કંઈક રસ્તો જરૂર કાઢશે.'

'જોઈશું.' સરોજે કહ્યું. એને આશા નહોતી.

વખત પસાર કરવા તેઓ બન્ને કેરમ રમવા બેઠાં. એકાદ કલાક થયો હશે, ત્યારે માલતીએ આવી ખબર આપ્યા :

'પંકજભાઈને લઈને મંજરીબહેન આવી ગયાં!'

પ્રકરણ છવીસમું.......................કર્તવ્યપંથે

પંકજને સાથે લઇને મંજરી ઉપર આવી. સરોજને આનંદ તો થયો જ; પણ ભાવિની ચિંતા એના મનને ઘેરી વળી હતી પંકજને વહેલા-મોડું ઈંદોર જવું પડશે, ત્યાં કેસ ચાલશે અને એને શિક્ષા થશે: આ અનિવાર્ય ભાવિને અટકાવવાનો હવે કોઇ માર્ગ નહોતો, એમ સરોજ જાણતી હતી.

પંકજ જેલમાંથી જમીને જ નીકળ્યો હતો; એટલે તે જમવા બેઠો નહિ, પણ થોડાં ફળો ખાઇને સરોજ સાથે એને ત્યાં જવા તૈયાર થયો. મંજરીએ તેને પોતાને ત્યાં રહેવા આગ્રહ કર્યો: 'હાલ તમે અહીં જ રહો તો સારું. વકીલ-સોલિસિટરને મળવાનું રહેશે, મુકદ્દમા અંગે કેટલીક વાતચીત પણ કરવાની રહેશે; એટલે અહીં રહેવું સગવડકર્તા થઇ પડશે. સરોજને ત્યાં નહિ જાઓ, તો ભાઇબહેનનો સંબંધ કંઈ જુદાઈ નથી જવાનો! મારે ત્યાં તમે ક્યાંથી?'

'અહીં રહેવામાંયે મારે કશી હરકત નથી.' પંકજે કહ્યું. 'પણ જરા કીર્તિને મળી આવું. એકાદ દિવસ ત્યાં રોકાઇને પછી અહીં જરૂર આવીશ.'

'જરૂર આવશો, કે પછી બહાનું કાઢી છટકી જશો? કહો જોઈએ, સાચી દાનત છે ને?' ચિત્રાએ પૂછ્યું.

'હું અહીં જ છું, એમ માની લેવામાં શી હરકત છે!' પંકજે ડગલો પહેરતાં કહ્યું. 'અહીં રહેતો હોઉં, તોયે બહાર જવાની છૂટ હોય જ ને? એમ જ જાઉં છું. કાલે જરૂર આવી જઈશ.'

'કીર્તિભાઈ આગ્રહ કરશે તો?'

'તોયે નહિ રોકાઉં.'

'વચન આપો છો, ને?'

'હા. વચન આપું છું; બસ?'

ચિત્રા ખુશી થઈ. જતાં જતાં સરોજને તેણે કહ્યું: 'પંકજભાઈને કાલે જ મોકલી દેજો.'

'મારે પણ વચન આપવું પડશે?' સરોજે હસીને પૂછ્યું.

'ના. તમે હા પાડો એટલે તમારો વિશ્વાસ છે.' ચિત્રાએ કહ્યું. 'અજાણ્યા મહેમાનનો ભરોંસો નહિ.'

મંજરી અને ચિત્રાએ પંકજને બીજે જ દિવસે પાછા ફરવાનો આમ આગ્રહ કરીને વિદાય આપી. પંકજ અને સરોજ મંજરીની ગાડીમાં ઘેર જવા ઊપડયાં.

ગાડી 'મરીન ડ્રાઈવ'ને બદલે 'સૅન્ડહર્સ્ટ રોડ' તરફ જતી જોઈને પંકજે પૂછ્યું: 'કઈ તરફ જવું છે?'

'ઘેર જ જઈએ છીએ.' સરોજે જવાબ આપ્યો. 'ત્રણેક મહિનાથી ઘર બદલ્યું છે. અહીંનું ભાડું સસ્તું છે.'

'સેન્ડહર્સ્ટરોડ'થી 'ખેતીવાડી મેઈનરોડ' ઉપર ચાર મજલાના એક મકાન પાસે આવીને મોટર ઊભી રહી. પંકજ અને સરોજ ત્યાં ઊતર્યાં અને મોટરને જવા દીધી.

આ નવું મકાન એટલું સુઘડ નહોતું. 'મરીનડ્રાઈવ' જેવી સમુદ્રની લહરીઓ અહીં નહોતી આવતી. ત્યાંનું શાન્ત વાતાવરણ પણ અહીં નહોતું. છતાં મધ્યમ વર્ગના ગૃહસ્થ માણસો આ લત્તામાં રહેતા હતા. મકાનની બારીઓમાંથી પશ્ચિમનો શીતળ પવન આવતો હતો. આખા માળામાં મુખ્યત્વે ગુજરાતી કુટુંબો રહેતાં હતાં. કીર્તિ અને સરોજને મરીન-ડ્રાઇવના એકાંતવાસ કરતાં આ ગીચ વસ્તીવાળો લત્તો વધુ પસંદ પડયો. લોકોની અવરજવર, બાળકોનો કિલકિલાટ, ફેરિયાઓની બૂમો—વગેરેથી વાતાવરણ ભર્યું ભર્યું લાગતું.

કીર્તિ અને સરોજના જીવનવ્યવહારમાં આ ચાર માસમાં ઘણો ફેર પડી ગયો હતો. સરોજ કીર્તિને 'દાદર' સ્ટેશનેથી સમજાવીને પાછો લાવી શકી હતી, એટલું જ નહિ, પણ તે કીર્તિને સત્યના માર્ગ પર લાવવામાંયે ફળીભૂત થઈ હતી. કીર્તિનું હૃદય કરેલી ભૂલથી પાછું વળ્યું હતું. તેના પર પશ્ચાત્તાપનું જલ સિંચાયું હતું. અને તે જલસિંચનથી આર્દ્ર બનેલા હૃદયમાં સરોજે કર્તવ્યનું બીજ વાવ્યું હતું. બનેલા પ્રસંગને સરોજ સર્વથા ભૂલી જવા અને કીર્તિને ભુલાવવા કોશિશ કરતી હતી. સુરભીના શિક્ષણ અને સંસ્કારો સરોજમાં ઊતર્યા હતા, અને તેના પરિણામે એણે સત્ય અને કર્તવ્યના માર્ગને અનુસરવાનો અને કીર્તિને પણ તે માર્ગે ખેંચી જવાનો પ્રયત્ન કર્યો હતો. પંકજે આટલાં કષ્ટો સહન કર્યાં હતાં, અને મૃત માતાનું ઋણ નિવાર્યું હતું. એ જ માતાએ એને સાચું શિક્ષણ આપ્યું હતું અને એનું પણ ઋણ પોતાના

માથે ચડયું હતું. એ માટે મોજશોખને મોળાં પાડી, સેવાકાર્ય તરફ વધુ લક્ષ આપવા એ વિચારી રહી હતી. પંકજના જેલનિવાસથી એની સેવાભાવની વૃત્તિઓને વધુ ઉત્તેજન મળ્યું હતું. એણે પોતાના જીવનવ્યવહારનો વળાંક બદલાવ્યો. મોજશોખ છોડી, સાદું જીવન શરૂ કર્યું; ખર્ચાળ જીવનમાં કરકસરને સ્થાન આપ્યું; સ્વાર્થની પ્રવૃત્તિ ઘટાડીને સેવાની પ્રવૃત્તિને મહત્ત્વ આપ્યું; નીચલા થરની નિરક્ષર બહેનોને અક્ષરજ્ઞાન આપવાની પ્રવૃત્તિ શરૂ કરી; અને મજૂર પ્રવૃત્તિના પંકજના કાર્યને પણ ઉપાડી લીધું. શાળાની નોકરી છોડી દીધી; પરંતુ ઘરના ખર્ચ માટે આર્થિક આવકની જરૂર હતી, એટલે ચિત્રાની જવાબદારી ઉપાડેલી, તે ચાલુ રાખી.

પોતાની ભૂલ પછી, કીર્તિ જરા ઢીલો પડયો હતો, એટલે તે સરોજને એની કોઈ પણ પ્રવૃત્તિમાંથી રોકતો નહિ. સરોજનું વર્તન કીર્તિ પ્રત્યે એટલા જ સ્નેહ અને માનપૂર્વકનું હતું. બનેલા પ્રસંગની સરોજ કીર્તિને કદી યાદ આપતી નહિ; એટલું જ નહિ, પણ આવો કોઈ પ્રસંગ ન જ બન્યો હોય, તેમ વર્તતી. ચિત્રાનું આગમન ચાલુ હતું. હવે તો સરોજ ઘણીવાર ચિત્રાને લઈને કીર્તિના ઓરડામાં જતી અને બધાં સાથે બેસીને વાતો કરતાં. ચિત્રાને કીર્તિ સાથે વાત કરતાં ક્ષોભ થતો નહિ; અને કીર્તિ ચિત્રા સાથે વાત કરવામાં સંકોચનો દંભ સેવતો નહિ. કોઈ વાર સરોજને અચાનક બહાર જવાનું થાય, ત્યારે તે ચિત્રા અને કીર્તિને 'તમે બન્ને આટલું કાંતી નાખો, ત્યાં હું બહાર જઈ આવું' એમ કહી બહાર ચાલી જતી.

સરોજના કીર્તિ પ્રત્યેના વિશ્વાસભર્યા વર્તનથી કીર્તિનો ક્ષોભ દૂર થયો; એનું હૃદય વધુ પ્રફુલ્લ અને નિર્મળ બન્યું;

અને સરોજ પ્રત્યે વધુ માનબુદ્ધિ ઉત્પન્ન થઈ. સરોજના સેવાભાવે એની વૃત્તિઓને પણ આકર્ષી; અને એ પણ સરોજના પંથે ઘસડાયો. એની સામે પંકજ અને સરોજનાં પ્રતિક ખડાં થયાં. દેશસેવાની વૃત્તિ એના હૃદયમાં જાગૃત થઈ; અને એણે પોતાનો સેવામાર્ગ શોધી લીધો.

'તું આટલી સ્વાર્થી ક્યારથી થઈ ?'

'કેમ ? શું છે, વળી ?'

'આ એક જ ચરખો લઈ આવી તે !'

'બે ચરખાને શું કરવા ?'

'કેમ ! હું ન કાંતી શકું ?'

'તમે ?' સરોજે નવાઈથી પૂછ્યું.

'હા. હું.' કીર્તિએ જવાબ આપ્યો. 'મને કાંતવાનો અધિકાર નથી શું ?'

'તમે કાંતશો ?'

'કેમ નહિ ? જરૂર કાંતીશ.'

બીજે દિવસે કીર્તિ જાતે જઈને રેંટિયો ખરીદી લાવ્યો.

હવે તો ચિત્રા પણ તેમની વાતચીતમાં ભાગ લેતી હતી. ત્રણેએ મળીને સાદું જીવન ગાળવાનો અને બને તેટલી દેશ અને સમાજની સેવા કરવાનો નિર્ણય કર્યો.

પ્રથમ તો ખર્ચાળ લત્તામાંથી રહેઠાણ ખસેડ્યું. પછી જીવનના દરેક વ્યવહારમાં સત્ય અને સાદગી દાખલ કરી. સરોજ અને ચિત્રાએ જેમ નિરક્ષરતાનિવારણનું કામ શરૂ કર્યું હતું, તેમ કીર્તિએ પણ કેટલીક યોજનાઓ ઘડી, અને પરીક્ષા પતી ગયા પછી, એને અમલમાં મૂકી. રાષ્ટ્રભાષાપ્રચારનું કામ એણે હાથમાં લીધું.

કીર્તિ શિક્ષિત હતો; બુદ્ધિશાળી હતો; સ્વભાવે મળતાવડો હતો. આવો તેજસ્વી જુવાન દેશની સેવાનું કાર્ય તમન્નાપૂર્વક હાથમાં લે, તો શું બાકી રહે? રાતદિવસ યોજનાઓ, વિચારો, પ્રચારકાર્ય, ચર્ચા, દોડાદોડી, શ્રમ—એમ એણે કાર્ય કરવા માંડયું. મુંબઈના મહાસભાવાદી મંડળોમાં તેનું નામ અને કામ જાણીતું થઈ ગયું. કોંગ્રેસ સરકારના પ્રધાનોનું ધ્યાન પણ તેના તરફ ખેંચાયું. દારૂનિષેધની મહાન યોજના અમલમાં મૂકવાની હતી; તેમાં અગત્યના સ્થાને કીર્તિની નિમણૂક થઈ.

પંકજ અને સરોજ ઘેર આવ્યાં, ત્યારે કીર્તિ બહાર ગયો હતો. સરોજનું મકાન, એની સાદાઈ અને સ્વચ્છતા, ચારે બાજુ નટીઓના ફોટાને સ્થાને દેશનાયકોના ફોટા, ખાદી અને ચરખા—આ બધું પરિવર્તન જોઈને પંકજને આનંદ થયો. ચાર મહિનાની પ્રવૃત્તિઓનો હેવાલ આપવામાં અને, આ પરિવર્તનનો વિકાસક્રમ સમજાવવામાં લગભગ સાંજ પડી ગઈ, ત્યાં સુધીનો સમય સરોજે ગાળ્યો. પંકજ એની વાતો સાંભળતાં ધરાતો નહોતો. કીર્તિના પત્ર પછી, તે આટલો તરત પાછો આવશે, અને આટલું ત્વરિત એનું આવું સુંદર પરિવર્તન થશે, એમ તો એણે ધાર્યું નહોતું. પંકજને આ સાંભળીને ખૂબ સંતોષ થયો.

સાંજે જમવાનો વખત થતાં સુધી પણ, કીર્તિ પાછો ફર્યો નહિ. બહુ રાહ જોયા પછી ભાઈબહેને જમી લીધું. રાતના દસ થતાં સુધીમાં પણ એનો પત્તો નહોતો.

'હવે તું સૂઈ જા.' પંકજે કહ્યું. 'હું બહુ મોડો સૂવાની ટેવ રાખું છું. કંઈ પુસ્તક આપીશ, તો વાંચ્યા કરીશ.'

'હું પણ વાંચીશ. મને અત્યારથી ઊંઘ નહિ આવે.'

સરોજે કહ્યું. ' ઘણીવાર રાતની સભાઓ હોય છે, ત્યારે એમને આટલું મોડું થાય છે. '

સરોજ પુસ્તક લેવા કીર્તિના ટેબલ પાસે ગઈ. ટેબલ પર પડેલા કીર્તિના હસ્તાક્ષરવાળા કાગળ ઉપર તેની નજર જતાં વાર ન લાગી. ' પેપરવેઇટ ' ખસેડી તેણે પત્ર ઉપાડયો અને વાંચ્યો. એનું હૃદય વધુ જોસથી થડકવા લાગ્યું.

' શું વાંચે છે ? ' પુસ્તક લાવતાં વાર લાગવાથી પંકજે પૂછ્યું.

' એ તો ગયા ! '

' કોણ ? '

' કાન્ત. '

' કયાં ? '

' ઇંદોર. ' કહી સરોજે પત્ર પંકજના હાથમાં મૂકયો.

' કયારે ગયો ? '

' આજે સવારના. '

' કેમ ? '

' તમે છૂટવાના હતા માટે. વાંચોને, એમાં બધું લખ્યું છે.'

પંકજે પત્ર વાંચ્યો. કીર્તિએ લખ્યું હતુંઃ ' તું જાણે છે, મારા પિતા બીમાર છે. એમણે મને નથી ત્યજ્યો; હું જ ચાલ્યો આવ્યો છું. એમની સેવા કરવા મારે ઇન્દોર જવું જ જોઈએ; એટલે જાઉં છું. ' વગેરે.

' આજકાલ કંઈ વાત થઈ હતી ? ' પત્ર વાંચી પંકજે પૂછ્યું.

'ના. મારી સાસુનો ચાર દિવસ પહેલાં પત્ર હતો, તેમાં મારા સસરાની બીમારીના સમાચાર હતા.'

'એ જવાનું કહેતો હતો?'

'ના. એ તો કહેતા હતા કે, મારે જવું જોઈએ; પણ એમની બીમારી વખતે હું જાઉં, અને તેમને વધુ ગુસ્સો ચડે, તો તબિયતને નુકસાન થાય. એમના જવાનું કારણ હું જાણું છું. એમને અગાઉના પ્રસંગને લીધે તારી શરમ આવે છે; એટલે જ તારા આવવાને વખતે જ ચાલ્યા ગયા! નહિતર એક દિવસમાં શું વહેલું મોડું થઈ જવાનું હતું. એ સિવાય આમ અચાનક, વાતચીત કર્યા વિના ચાલ્યા ન જાય.'

'તો મને લાગે છે કે, હું ઇન્દોર જઈશ, ત્યારે એ અહીં આવશે.'

'તારે ઇંદોર ક્યારે જવું પડશે?'

'મુદત પડે ત્યારે. સૉલિસિટર કહેતા હતા કે, એક માસ પછીની મુદત નંખાવીશું. મંજરીબહેન મને છોડાવવા કેસ લડવાનાં છે. એમને તું કહેજે કે, ખોટો કેસ લડયે શું ફાયદો? ગુનો મેં કર્યો છે, ને તે હું કબૂલ કરવાનો છું. મારા એકરાર પછી વકીલો શી દલીલ કરવાના હતા!'

સરોજે ઉત્તર ન આપ્યો. પંકજ આ કેસમાંથી છૂટી જાય, એવી એની તીવ્ર ઇચ્છા હોવા છતાં, પંકજને અસત્ય માર્ગે ચાલવાનું કહેવાની, ગુનો છુપાવવા અસત્યનો આશરો લેવાની સલાહ આપવાની, એની હિંમત ન ચાલી.

થોડીવાર કેટલીક વાતચીત કરી, ભાઈ-બહેન સૂઈ ગયાં. બીજે દિવસે પંકજ મંજરીને ત્યાં ગયો અને કહ્યું: 'કીર્તિના

પિતા બીમાર હોવાથી તે કાલે ઈંદોરે ગયો છે. સરોજ ઘેર એકલી છે, એટલે તમારી રજા હોય, તો હું તેની સાથે રહું.'

મંજરીએ કહ્યું : 'એને હું એકલી નહિ રહેવા દઉં, અહીં તેડાવી લઈશ, પછી શું !' એણે પછી ચિત્રાને બોલાવી કહ્યું : 'કીર્તિભાઈ બહારગામ ગયા છે, અને સરોજ એકલી ઘેર છે, માટે એને ગાડી મોકલી અત્યારે જ અહીં બોલાવી લે.'

'હું ગાડી સાથે જાઉં ?' ચિત્રાએ પૂછ્યું.

'હા, ભલે. કહેજે કે, જોઈતી ચીજવસ્તુ સાથે લઈને આવે. હમણાં અહીં જ રોકાવાનું થશે.'

'જી.' કહી ચિત્રા નીચે ગઈ.

મંજરીએ કહ્યું : 'પંકજભાઈ ! હમણાં સોલિસિટરનો ટેલિફોન આવ્યો હતો. કેસની મુદત એક મહિના પછી નાખવા એમણે ઇન્દોર તાર કર્યો છે.'

'એટલું મોડું કરવાની શી જરૂર હતી ?'

'અહીંથી વકીલો મોકલવાના છે. એમને ત્યાં સુધી બીજા રોકાણો હશે.'

'મંજરીબહેન ! આ બધી તકલીફ લેવાની કંઈ જરૂર નથી. ગુનો મેં કર્યો છે, અને તે મારે કબૂલ કરવો જ જોઈએ. સોલિસિટરને તમે કહી દો...'

'જોઈશું.' કહી મંજરીએ વાત ઉડાવી.

પંકજના મુકદ્દમા સંબંધમાં જેમ અહીં મંજરી ચિંતા કરી રહી હતી, તેમ ઇન્દોરમાં વિનાયકરાવ પણ એવી જ ચિંતા કરી રહ્યો હતો. પંકજની ધરપકડ પછી ઇન્દોરના

ગુનાનો એ જ તહોમતદાર છે, એ હકીકત ઇન્દોર અને મુંબઈની પોલીસે મળીને શોધી કાઢી હતી; અને તે બાબત કાગળિયાં ચાલતાં હતાં, તે વાત વિનાયકની જાણ બહાર નહોતી. પોલીસ ઑફિસની કોઈપણ બાતમી એનાથી છૂપી તો શી રીતે હોય? પંકજને મુંબઈમાં જામીન ઉપર છોડવામાં આવ્યાની, અને તેના તરફથી રોકાયેલા સૉલિસિટરે એક માસ પછીની મુદત નક્કી કર્યાની પણ હકીકત તેણે જાણી હતી.

આ મુદત દરમ્યાન પંકજને શી રીતે બચાવી લેવો, તેની યોજના એ વિચારી રહ્યો હતો. દીનદયાળ શેઠે કરેલી ગુનાની જાહેરાત અને પોલીસે કરેલા પંચનામાના કાગળો એણે તપાસી જોયા, અને તેમાં બચાવનો કોઈ માર્ગ છે કે કેમ, એનો તેણે વિચાર કર્યો. સ્થાનિક વકીલ સાથે આ પ્રશ્ન ચર્ચવામાં, કે તેની સલાહ લેવામાં જોખમ હતું, કારણ કે, તે પોલીસ ખાતાનો માણસ હતો, અને તેથી તહોમતદારને છોડાવવા તે કચેરીના કાગળો તપાસરાવે અને બીજી કોશિશ કરે, એ માર્ગ બરાબર નહોતો.

એક બે અઠવાડિયામાં જરૂરી વિગતો એકઠી કરીને તે મુંબઈ આવ્યો. સૉલિસિટરનું સરનામું તેણે ઇન્દોરની અદાલતમાંથી મેળવી લીધું હતું; એટલે તેણે અહીં આવી સૉલિસિટરને મળી, તેની મારફત પંકજનું નિવાસસ્થાન શોધી લીધું, અને તે 'સ્વપ્ન વિહાર' માં આવી પંકજને મળ્યો.

પંકજ ઘણા વખતે વિનાયકને જોઈને ખુશી થયો. અત્યાર સુધી એને સહીસલામત રીતે છુપાવાની એણે સગવડો કરી હતી, અને કોટડીના પ્રસંગમાં જરૂરી સૂચનાઓ આપી હતી. એનામાં રહેલો કૃતજ્ઞતાનો એક જ ગુણ એને પંકજને સહાયભૂત થવા પ્રેરી રહ્યો હતો, અને તે માટે છેવટે તે મુંબઈ પણ

આવ્યો હતો. નિઃસ્વાર્થ વૃત્તિથી તે પોતાની ફરજ બજાવ્યે જતો હતો. એ પોતાની જાતને ભાગ્યશાળી માનતો હતો કે, એ પોલીસ ખાતામાં હોઈને પંકજને ઉપયોગી થવાની તક એને મળી હતી.

પંકજની સાથે એણે બે અઢી કલાક ચર્ચા કરી. એણે કહ્યું કે, 'ગુનાના મુખ્ય સાક્ષીઓ બે હતાઃ 'શેઠ દીનદયાળ અને ગોપાળ. શેઠ ગુજરી ગયા છે; અને ગોપાળ દેશ તરફ ચાલ્યો ગયો છે, તે સાક્ષી આપવા ઇન્દોર આવે નહિ, કારણ કે, હવે એમાં તેનું કશું હિત નથી. પંચનામું થયું છે, તેમાં શેઠની કેફિયત નોંધવામાં આવી છે કે, ચોપડાની સિલક કરતાં તિજોરીમાં બાવીસસો રૂપિયા ઓછા છે; પણ તે વખતે તિજોરીમાં કેટલા રૂપિયા છે, તથા ચોપડાની કેટલી સિલક છે, તે પંચ રૂબરૂ પોલીસે તપાસ્યાની કંઈ નોંધ નથી. તિજોરીની ચાવી શેઠ પાસે રહેતી; એટલે એની સંપૂર્ણ જવાબદારી તારી ગણાય નહિ. શેઠે તેમાંથી રૂપિયા લીધા હોય, અને કોઈને આપ્યા હોય, બીજે દિવસે ખાતે મંડાવતાં ભૂલી ગયા હોય; ઘરની બીજી કોઈ વ્યક્તિએ કૂંચી લઈને તિજોરી ઉઘાડી રૂપિયા કાઢી લીધા હોય, અને શેઠથી છુપાવ્યું હોય; એમ ઘણી બાબતો બનવાનો સંભવ છે. ગોપાળે તારી હાજરીમાં રૂપિયા ગણ્યા અને રકમ ઘટી છે, એમ લખાવ્યું છે, પણ એ ગણતરી પંચ રૂબરૂ કે પોલીસ રૂબરૂ થઈ નથી. તેં આ રકમ ઉચાપત કર્યાનું કબૂલ્યું છે, એવી હકીકત બન્નેની કેફિયતમાંથી નીકળે છે, પણ તે કબૂલત તારા હસ્તાક્ષરમાં તેં લખી આપેલ નથી. સાક્ષીની ઉલટતપાસ વિના માત્ર કેફિયતોને આધારભૂત ગણી શકાતી નથી; એટલે જો તું નામુકર જાય, તો કોઈ રીતે ગુનો સાબીત થઈ શકે એમ નથી.'

પણ આ બધી વિનાયકની દલીલો અને સમજાવટ ઉપર

પંકજે કંઈ લક્ષ આપ્યું નહિ. એણે તો ગુનાનો એકરાર કરવાનો મક્કમ નિર્ધાર કર્યો હતો. જ્યારે સોલિસિટરે વિનાયક પાસેથી માહિતી મેળવી, ત્યારે તેમને લાગ્યું કે, પંકજ નિર્દોષ છૂટી શકે એવી પૂરેપૂરી તક છે. મંજરીએ પણ પંકજને ઘણો શરમાવ્યો, પણ તે તેના નિર્ણયથી અંશમાત્ર ચલિત થયો નહિ. આખરે નિરાશ થઈને વિનાયક ઇંદોર પાછો ગયો.

મંજરીએ એને કહ્યું : 'પંકજભાઈ! તમારા જેલમાં જવાથી દેશની, કે સમાજની કંઈ સેવા થઈ જવાની નથી, એમાં કોઈને લાભ પણ થવાનો નથી. ઊલટું તમે જે સેવાકાર્ય અહીં ઉપાડેલું છે, એમાં વિઘ્ન આવશે.' પણ પંકજે કહ્યું : 'અસત્ય બોલવા જેવી કુસેવા બીજી કઈ છે, મંજરીબહેન! જીવનભર મારો અંતરાત્મા મને ડંખ્યા કરશે, અને પછી એનું નિવારણ મને નહિ મળે. કૃપા કરીને મને મારા માર્ગે જ જવા દો. એમાં જ શાન્તિ અને આનંદ મને મળવાનાં છે.'

સરોજ અને ચિત્રા પંકજના માર્ગને વાજબી માનતાં હતાં, છતાં તેઓ અંતરના ઊંડાણમાં એમ ઇચ્છતાં હતાં કે, પંકજ આ રીતે જેલમાં જવાથી બચી જાય, તો સારું. પણ પંકજને તેઓ કશી સલાહ આપી શક્યાં નહિ.

છતાં ચિત્રાએ કહ્યું: 'પંકજભાઈ! આપણે એ રકમ ભરી દઈએ, તો કેસ પાછો ન ખેંચાય ?'

'ફોજદારી ગુનામાં રકમ પાછી આપ્યે પતી શકતું નથી.' પંકજે જવાબ આપ્યો.

'પણ ફરિયાદી પોતે કેસ રાજીખુશીથી પાછો ખેંચી લે, તો ?'

'કાયદાની વધુ માહિતી મને નથી.' પંકજને હવે આ ચર્ચા બહુ ગમતી નહોતી એટલે એણે ટૂંકું પતાવ્યું.

ચિત્રાએ ચર્ચા બંધ કરી; પણ તે જ દિવસે કીર્તિને પત્ર લખ્યો કે, 'ગમે તેટલી રકમ આપીને કેસ પાછો ખેંચાય એવી કોશિશ કરજો.'

પંકજના છુટકારા માટે બહેન તરીકે સરોજને સૌથી વધુ ચિંતા હોય, એ સ્વાભાવિક હતું, પણ ચિત્રાને તેથી લેશ પણ ઓછી ચિંતા નહોતી. પંકજ વિષે સરોજ પાસેથી વાતો સાંભળ્યા પછી, અને તેને નજરે જોયા પછી, ચિત્રાને પંકજના જીવનમાં રસ પડવા લાગ્યો હતો. પંકજનું છૂપા વેશે ઇન્દોરથી નાસી જવું, વેશપલટો કરીને ગુપ્ત રીતે પ્રવાસ કરવો, મજૂરોની સેવા કરતાં જેલમાં જવું,—એ બધાંથી એને પંકજ પ્રત્યે જે આકર્ષણ થયું હતું, તે સત્ય ખાતર જેલમાં જવાનો અડગ નિશ્ચય જોઈને, વધ્યું હતું. વળી આ એક માસના સહવાસમાં બન્ને પરસ્પર વધુ નજીક આવ્યાં હતાં. પંકજનો આનંદી સ્વભાવ, સાહસિક મનોવૃત્તિ અને હૃદયની નિર્મળતાથી ચિત્રા એના પર મુગ્ધ બની હતી. એના બાળક જેવા કેટલાક પ્રશ્નોનો પણ પંકજ મિઠાશથી ઉત્તર આપતો અને શિક્ષક શિષ્યાને સમજાવે એમ સમજાવતો. ચિત્રાની સરળતા અને નમ્રતા પંકજને ગમી ગયાં હતાં. એની કિશોરાવસ્થામાં ગોપાળને ત્યાં, એને પંકજે જોઈ હતી, અને ત્યારે પણ, એ ગોપાળને ત્યાં જાય, ત્યારે કંઈ રમૂજ કરી હસાવ્યા વિના રહેતો નહિ.

આ નાના પ્રસંગો નાની ચિત્રા ભૂલી ગઈ હતી, પણ મંજરીએ એને પંકજનો પરિચય આપતાં આ બધી નાની મોટી વાતો કરી હતી. પ્રથમ પરિચયે પંકજ એને ઓળખી શક્યો નહિ, કારણ કે, પાંચ વર્ષ પહેલાંની કિશોરી હવે

યુવાવસ્થામાં પ્રવેશી ચૂકી હતી; પરંતુ કિશોરાવસ્થાના પ્રસંગોને એ ભૂલી શકયો નહોતો.

પાંચ વર્ષ પહેલાંનો સામાન્ય પરિચય આજે ગાઢ સ્નેહમાં પરિણમતો હતો. મંજરી અને સરોજને, ચિત્રા અને પંકજને, સૌ એક જ કુટુંબની વ્યક્તિઓ હોય, એમ લાગવા માંડયું હતું.

સૌનાં દિલ નિર્મળ હતાં, નિઃસ્વાર્થ હતાં. પંકજ અને સરોજ ઊંચા આદર્શ પ્રતિ પ્રગતિ કરતાં હતાં, અને ચિત્રા તથા મંજરી એ પ્રત્યે માનબુદ્ધિ દર્શાવતાં, એમને અનુસરવાની કોશિશ કરતાં હતાં. સૌને એક બીજાનો પરિચય ગમતો હતો, મિત્રવિહીન વ્યક્તિઓને ઇચ્છિત મિત્રતા પ્રાપ્ત થઈ હતી.

એ બધાંમાં સૌથી વધુ આનંદ ચિત્રાને થયો હતો. એણે ઘણાં વર્ષો માત્ર માતાની સોબતમાં લગભગ એકાકી દશામાં વિતાવ્યાં હતાં. આજે ઘણ્ વર્ષે એને સંગત મળી હતી. ગ્રામવિહારના સજાતીય વાતાવરણમાં આજે પ્રથમવાર વિજાતીય વ્યક્તિનો પ્રવેશ થયો હતો. એનું અંતર હર્ષથી, સ્નેહથી, મમતાથી નાચી ઊઠયું હતું.

પ્રકરણ સત્તાવીસમું................વાત્સલ્યનાં વહેણ

કીર્તિ ઇન્દોર પહોંચ્યો, ત્યારે એના પિતા નરેન્દ્રપ્રસાદની માંદગી ગંભીર હતી. સવા માસ થયાં તેમનો અવિરત તાવ ઊતર્યો નહોતો. 'ટાઇફોઇડ'ને કારણે ખોરાક તદ્દન બંધ હતો. નબળાઈ પાર વગરની હતી. શુદ્ધિ પણ નહોતી રહી. શરીર તદ્દન દુર્બલ બની ગયું હતું.

કીર્તિને જોઈ તેની માતા ઘણી ખુશી થઈ. કીર્તિનાં લગ્નથી એને પણ દુઃખ તો થયું જ હતું. પણ એના હૃદયમાં કીર્તિ પ્રત્યે રોષ નહોતો. માતાનું હૃદય પુત્રના વિયોગથી વધુ દુઃખી થયું હતું. રડી રડી એણે દિવસો વિતાવ્યા હતા. એણે કીર્તિને કરુણ પત્રો લખ્યા હતા. એ કરુણતાથી કીર્તિનું હૃદય હચમચી ગયું હતું; અને એ ઇન્દોર આવ્યો હતો.

માતાનું આકર્ષણ, પિતાની માંદગી અને પંકજથી દૂર નાસવાની એની ઇચ્છા: એ ત્રણ સામટા બળે કીર્તિ મુંબઈથી ઇન્દોર ખેંચાઈ આવ્યો હતો. એ એકત્ર બળ સિવાય, કદાચ, એ અહીં ન આવ્યો હોત.

માતાને મળીને કીર્તિ એના પિતાની શય્યા પાસે આવ્યો. પિતાનું કૃશ શરીર જોતાં એને દુઃખ થયું. પણ એમની સેવા કરવા માટે કટોકટીને વખતે ઇન્દોર આવી પહોંચવા માટે એ પોતાની જાતને ભાગ્યશાળી માનવા લાગ્યો. એની બે બહેનો ઠેઠ કલકત્તા અને રંગૂનથી અત્રે આવી પહોંચી હતી. માતા પણ ચિંતામગ્ન રહ્યાં કરતી હતી. નોકરો અને પરિચારિકાઓ સારવાર માટે રાતદિન ખડેપગે રહેતાં, છતાં, ઘરનાં માણસો શ્રમ અને ઉજાગરાથી લોથપોથ થઈ ગયાં હતાં અને એ સૌ થોડે ઘણે અંશે બીમાર થઈ ગયાં હતાં.

આ સમયે કીર્તિ આવ્યો, અને પિતાની સારવારની બધી જવાબદારી એણે પોતાને માથે ઉપાડી લીધી. તે આખો દિવસ પિતાની પથારી પાસે બેસી રહેતો, નોકરો અને પરિચારિકાઓને સૂચનાઓ આપ્યા કરતો, અને દાક્તરની સલાહ–સૂચનાનો અમલ કરાવતો. જરૂર પડ્યે તે જાતે બરફની થેલી મૂકતો કે પંખો નાખતો. રાત્રે બહુ વાર સુધી જાગતો. અને આંખો ઘેરાય, ત્યારે તે જ કમરામાં સૂઈ જતો. આમ સતત દસબાર દિવસ સુધી એણે પરિચર્યા ચાલુ રાખી.

ઓગણપચાસમે દિવસે તાવ ઊતર્યો. સૌને આશા આવી. દાક્તરો ઉત્સાહમાં આવી, સારવાર બરાબર ચાલુ રાખવા સૂચનાઓ આપવા લાગ્યા. ઘરમાં આશા અને ઉમંગનું વાતાવરણ ફેલાવા લાગ્યું.

ત્યાર બાદ સાતમે દિવસે નરેન્દ્રપ્રસાદે આંખનાં પોપચાં ઊંચાં કર્યાં અને આસપાસ દૃષ્ટિ ફેરવવા પ્રયાસ કર્યો. કીર્તિ તેમના ઓશીકા તરફ ઊભો હતો. પિતાની દૃષ્ટિએ ન આવવા માટે તે પાછલે બારણેથી બહાર ચાલ્યો ગયો.

પછી તે કોઈ વાર જ્યારે તેના પિતા નિદ્રિત હોય, ત્યારે જ આ કમરામાં આવતો, અને તેમની સુધરતી જતી તબિયત જોઈને ચાલ્યો જતો. પરિચારિકાને મળીને માહિતી પૂછી લેતો, અને સૂચનાઓ આપતો. દિવસે તે બહાર જતો અને રાત્રે પોતાના ઓરડામાં પુસ્તકો વાંચી સૂઈ રહેતો.

નરેન્દ્રપ્રસાદની તબિયત સુધરવા લાગી. ખોરાકની છૂટ મળ્યા પછી, તેઓ ઓરડામાં હરતા ફરતા થઈ ગયા હતા. શરીરમાં લોહી ચડવા લાગ્યું હતું, અને સ્ફૂર્તિ આવવા લાગી હતી.

એક સવારે તેઓ આરામખુરશીમાં પડયા રહી, ચિત્રોનું 'આલબમ' × નિહાળી રહ્યા હતા, ત્યારે તેમની દૃષ્ટિ સામેના બાગ ઉપર પડી. લતામંડપમાંથી કીર્તિને પસાર થતો, તેમણે જોયો. થોડી વારે નોકરને બોલાવી પૂછ્યું: 'હમણાં મંડપ પાસેથી કોણ પસાર થયું?'

'માલૂમ નથી, બાપુજી!' નોકરે નમ્રતાપૂર્વક ઉત્તર વાળ્યો. 'કહો, તો જોઈ આવું.'

નરેન્દ્રપ્રસાદે ના કહી.

બપોરે જમવાની થાળી લઈ, તેમનાં પત્ની આવ્યાં, ત્યારે તેને નરેન્દ્રપ્રસાદે પૂછ્યું: 'હમણાં કીર્તિ અહીં છે?'

'હા.'

'કેટલા દિવસ થયાં?'

'એકાદ મહિનો થયો હશે.'

'કેમ આવ્યો?'

× ચિત્રસંગ્રહ

'તમારી તબિયતના સમાચાર જાણીને...'

'કોણે સમાચાર લખ્યા હતા?'

'મેં લખ્યા હતા. આવવાનું નહોતું લખ્યું. એની મેળે આવ્યો.'

'પછી?'

'તમારી સારવારમાં રોકાયો. ઉજાગરા અને શ્રમથી નબળો પડી ગયો છે, એટલે હવે આરામ લે છે.'

નરેન્દ્રપ્રસાદ વધુ કંઈ બોલ્યા નહિ, એટલે તેમની પત્નીએ કહ્યું: 'છોકરાને હવે માફ કરો.' એની આંખમાંથી વાત્સલ્યનાં અશ્રુ ટપકવા લાગ્યાં.

નરેન્દ્રપ્રસાદે કંઈ ઉત્તર ન આપ્યો.

બીજે દિવસે ફરીથી એમણે પૂછ્યું: 'એની સ્ત્રી ક્યાં છે?'

'મુંબઈ છે.' ઉત્તર મળ્યો.

'અહીં નથી લાવ્યો?'

'ના.'

'કેમ?'

ઉત્તર ન મળ્યો.

'એને મારી પાસે મોકલજો.' નરેન્દ્રપ્રસાદે કહ્યું

'હમણાં તમારી તબિયત સુધારો. પછી મોકલીશ.'

'તને એમ લાગે છે કે, હું એના પર ચીડાઈશ? વારુ, એને કહેજે કે, એ પણ તબિયત સુધારે અને આનંદથી રહે.'

નરેન્દ્રપ્રસાદનાં નયનમાંથી વાત્સલ્યનાં વહેણુ વહી રહ્યાં હતાં.

કીર્તિની માતાનું હ્રદય હર્ષથી નાચી ઊઠયું.

એ ત્યાંથી કીર્તિના ઓરડામાં ગઈ. કીર્તિ પુસ્તક વાંચી રહ્યો હતો. 'કીર્તિ !' પુત્રને ખભે હાથ મૂકી માતાએ કહ્યું: "હમણાં તારે અહીં જ રોકાવાનું તારા બાપુજીએ કહેવડાવ્યું છે. એમનો રોષ નરમ પડયો છે. એ તો તને મળવા ઇચ્છતા હતા, પણ એમની તબિયત હજુ પૂરી સુધરી નથી; એટલે મેં મળવાની ના કહી છે. કદાચ ચીડાઈ જાય પછી મળી શકાશે. તારે જવાની ઉતાવળ તો નથી ને ?'

'ના. હું પરીક્ષા આપીને જ આવ્યો છું.'

'તારી વહુને પૈસા મોકલે છે ?'

'ક્યાંથી મોકલું !'

'ત્યારે એ પૈસા વિના શું કરે છે ?'

'છોકરીઓને ભણાવે છે.'

'એમાં શો દી' વળે ?'

'સોએક રૂપિયા કમાય છે.'

'એમ ?'

'હા. એના ભણતરની બહુ કીમત છે.'

થોડીવારે કીર્તિએ પૂછ્યું: 'એના વિષે મારા બાપુજી કંઈ કહેતા હતા ?'

'હા. એ પૂછતા હતા કે, તારી વહુને મુંબઈ રાખીને તું કેમ આવ્યો ? હું શો જવાબ આપું ? મને લાગે છે, કદાચ એને તેડાવી લેવાનું કહે.'

'તું ઉતાવળ ન કરતી. એની મેળે બધું સારું થઈ રહેશે.'

'તારી મરજી. હું કંઈ નહિ કહું.'

આ પ્રસંગ પછી કીર્તિ ઘણીવાર પિતાના કમરા પાસેથી પસાર થતો. એના પિતા એને જતો જોઇ રહેતા; પણ બોલાવતા નહિ. કીર્તિ પણ કંઈ બોલતો નહિ. એ પિતાની મૂક સહાનુભૂતિ નિહાળી શકતો હતો. પિતાનો રોષ શમ્યો હતો. એની આંખમાં પુત્ર પ્રત્યેનો સ્નેહ ડોકિયાં કરતો હતો; પરંતુ અગાઉની નિખાલસતા દેખાતી નહોતી.

એક દિવસ તુકોગંજથી બિરકોપાર્ક જતાં કીર્તિને ચિત્તરંજન મળેલો. ચિત્તરંજન કીર્તિનો જૂનો મિત્ર અને સહાધ્યાયી હતો.

'અરે ચિત્ત! તું અહીં જ છે, હજુ?'

'નહીંતો શું મુંબઈ નાસી જાઉં?'

'મશ્કરી કરતાં શીખ્યો ખરો! નાસી તો જો! એ કંઈ નાનીના ખેલ નથી!' ખભે હાથ મૂકી કીર્તિએ કહ્યું.

'ના, ભાઈ! એ ખેલ આપણને ન આવડે. પણ કહે તો ખરો, શું...ઘર માંડ્યું છે, મુંબઈમાં?'

'ના. વાશીમાં રહીએ છીએ, બે વર્ષથી.'

'સીધી વાત કર ને!'

'ત્યારે તું સીધા પ્રશ્ન જ પૂછ ને!'

'અભ્યાસ ચાલુ છે?'

'હા. બી. એ. ની પરીક્ષા આપી. તેં?'

'મેં પણ પરીક્ષા આપી.' ચિત્તે કહ્યું.

'હવે શું કરવા ધાર્યું છે?' કીર્તિએ પૂછ્યું.

'આગળ નથી ભણવું. પેઢીનો વહીવટ મારે સંભાળવો પડશે છે.'

'કોની, તારા કાકાની પેઢીનો? શેઠ સાથે તારે બનશે ખરું?'

'એ તો ગુજરી ગયા.'

'કોણ, દીનદયાળ?'

'હા.'

'ત્યારે એમ જ કહે ને કે, કાકાનો વારસો મળ્યો છે! હવે તારે ભણવાની શી જરૂર?'

તેઓ વાત કરતા ઊભા હતા, ત્યાં ચિત્તરંજનની મૉટર ધીમેથી પાસે આવી ઊભી રહી. ચિત્તે પૂછ્યું: 'ઘેર આવીશ ને?'

'બડા શરાફામાં?'

'ના. અહીં જ તુકોગંજમાં બંગલો લીધો છે.'

'કઈ જગ્યાએ?'

'તારા બંગલા પાછળ.'

'ચાલો, ત્યારે.' કહી કીર્તિ પણ ચિત્તરંજન સાથે મોટરમાં બેઠો. બન્ને ચિત્તને બંગલે આવ્યા.

અંદર ગયા પછી કીર્તિએ પૂછ્યું: 'કેમ, આ પાડશે ને!'

'ચા પીને સંતોષ માનવો છે?'

'ત્યારે?'

'જમીને જ છૂટા પડીશું. ઘણે દિવસે મળ્યા!'

'મારે ત્યાં રાહ જોવાશે.'

'રાહ જોનારને અહીં સાથે લાવ્યો છે?'

'તું બહુ મશ્કરો થઈ ગયો છે! પહેલાં તો આવો નહોતો.'

'પહેલાં એ ટેવ નહોતી. એક વાર, યાદ છે? વર્ગમાં કોશિશ કરી હતી! તું વચ્ચે ન પડયો હોત, તો એ મશ્કરી મને બહુ ભારે પડી જાત! ત્યારથી મશ્કરી કરવાનું છોડયું છે. એ વખતનો તારો ઉપકાર હજી હું ભૂલ્યો નથી.' ગંભીર બનીને ચિત્તે કહ્યું.

'વાહ! ચાર વર્ષ પહેલાંની વાત હજુ યાદ રાખીને બેઠો છે!' કહી કીર્તિ ખડખડ હસી પડયો.

'તું ભલે હસે! પણ એ પ્રસંગ મારા દિલની આરપાર ઊતરી ગયો છે, કીર્તિ! હું ઇચ્છું છું કે, ઈશ્વર મને એનો બદલો વાળવાની તક આપે!'

'રોજ ઊઠીને ઈશ્વરની પ્રાર્થના કરતો જા, તો કોઈ દિવસ એ તક આપશે!' કીર્તિએ મશ્કરીમાં કહ્યું. પછી બન્ને જમવા બેઠયા.

પ્રકરણ અઠ્ઠાવીસમું......ચાર વર્ષ પહેલાંની એક વાત

કીર્તિએ ચિત્તની વાત મશ્કરીમાં ઉડાવી દીધી હતી; પણ એ વાતનું મહત્ત્વ એને પાછળથી સમજ્યું. ચિત્ત એ પ્રસંગ ભૂલ્યો નહોતો, એટલું જ નહિ, પણ કીર્તિના ઉપકારનો એ બદલો વાળવા ઇચ્છતો હતો. આનો લાભ લેવાની કીર્તિને ઇચ્છા થઈ આવી.

આ પ્રસંગ એમના અભ્યાસકાળ દરમ્યાન બનેલો હતો. કીર્તિને મન એ પ્રસંગ નજીવો હતો; પણ એ પ્રસંગે ચિત્તના સ્વભાવ અને વર્તન પર ઊંડી અસર કરી હતી. ચિત્ત એ ભૂલી શક્યો નહોતો.

ઘણીવાર કેવળ નાના પ્રસંગો જીવનમાં અગત્યનો ભાગ ભજવે છે; એની અસર ઘણી ભવ્ય હોય છે; અને તે મનુષ્યના જીવનમાં મોટું પરિવર્તન કરી શકે છે.

એ વખતે ચિત્તરંજન અને કીર્તિકાન્ત એક જ વર્ગમાં અભ્યાસ કરતા. ખાસ મિત્રો તો નહોતા, પણ સહાધ્યાયી

તરીકે ચિરપરિચિત હતા. સાથે હરતા, ફરતા અને રમતા. કિશોરાવસ્થાના એ ગોઠિયા હતા.

એમના વર્ગશિક્ષક જાનકીવલ્લભ મહોપાધ્યાય જેવા શિક્ષણકાર્યમાં કુશળ હતા, તેવા જ તેઓ શિસ્તપાલનમાં કડક અને સ્વભાવે ક્રોધી હતા. કડક અને ક્રોધી શિક્ષકો પ્રત્યે વિદ્યાર્થીઓને સદ્‌ભાવ હોતો નથી. એમને ચીડવવામાં વિદ્યાર્થીઓને ભારે ગમ્મત પડે છે!

જાનકીવલ્લભ ઘણીવાર સામાન્ય પ્રસંગોમાં પણ ચીડાઈ જતા. કોઈ વિદ્યાર્થી રજા વિના વર્ગમાં દાખલ થાય, ચાલતે વર્ગે પેન્સીલ છોલવા બેસે, કે વચ્ચે પ્રશ્ન પૂછે, તો તે શિક્ષકના ક્રોધનો ભોગ બનતો.

એમનું મુખ હંમેશ ગંભીર અને ચીડાયેલું રહેતું. પોતે કોઈ દિવસ હસે નહિ, અને કોઈને હસવા દે નહિ. પણ એમના વિદ્યાર્થીઓ હાસ્યના પ્રસંગો શોધી કાઢી, એમને ચીડવ્યા વિના રહે નહિ.

એમને ચીડવવાની એક ચાવી વિદ્યાર્થીઓને હાથ લાગી હતી. તેઓનું શરીર દૂબળું હતું, અને ઊંચાઈ ઘણી વધારે હતી. ડોક સીધી રાખીને ટટ્ટાર ચાલવાની એમની ટેવને લીધે, એમને વિદ્યાર્થીઓ તાડની સાથે સરખાવતા, અને અંદર અંદરની વાતચીતમાં એમને 'તાડમાસ્તર' કહીને બોલાવવાનું પસંદ કરતા. એમનું નામ એમના શરીર જેટલું જ લાંબું હોવાથી 'જાનકીવલ્લભ માસ્તર' કે 'મહોપાધ્યાય માસ્તર'ને બદલે 'તાડમાસ્તર' કહેવાનું વિદ્યાર્થીઓને વિશેષ ફાવતું. કેટલાક નવા આવનાર વિદ્યાર્થીઓ આ ઉપનામનો ઉપયોગ એમની સમક્ષ કરી બેસતા, ત્યારે વિદ્યાર્થીઓમાં ભારે રમૂજ થતી.

કોઈ વિદ્યાર્થીઓ નવા વિદ્યાર્થીને ઇરાદાપૂર્વક એ નામ બતાવીને એમની પાસે મોકલતા, ત્યારે એ વિદ્યાર્થીને ભારે સજા થતી. સજા પામનારને ખબર પડતી નહિ કે, પોતાને શા કારણે સજા થઈ છે!

ચિત્તરંજન આવી મશ્કરીઓમાં ભાગ્યે જ ભાગ લેતો; અને કોઈ વાર અજાણ્યા વિદ્યાર્થીને ચેતવણી આપીને સજાનો ભોગ બનતો બચાવી લેતો. છતાં, કોઈ કોઈ વાર એને આ રમૂજમાં રસ પડતો પણ ખરો. એક દિવસ શિક્ષક વર્ગમાં દાખલ થયા પહેલાં એણે વર્ગના કાળા પાટિયામાં ચાક વડે તાડનું ચિત્ર દોર્યું. અને તે ચુપચુપ પોતાની જગ્યાએ બેસી ગયો. છોકરાઓને આજે ભારે આનંદનું કારણ મળી ગયું.

બનવાના બનાવની આગાહી કરતા વિદ્યાર્થીઓ, શિક્ષક વર્ગમાં દાખલ થયા પૂર્વે, ચૂપકીથી પોતપોતાની જગ્યાએ બેસી ગયા હતા, અને બનવાના બનાવની આતુરતાપૂર્વક રાહ જોતા, ધીમું ધીમું હસી રહ્યા હતા.

અસાધારણ ચૂપકીદી જોઈને વર્ગમાં દાખલ થતાં જ, શિક્ષકને શંકાનું કારણ મળ્યું. પરિસ્થિતિની તપાસ કરવા, વર્ગમાં ચારે બાજુએ નજર ફેંકતાં, તેમણે કાળા પાટિયા પર તાડ ચીતરેલો જોયો. 'હં' કહીને તેમણે હોઠ પીસ્યા, અને મોટેથી બૂમ મારી:

'ગુનેગાર આગળ આવે!'

કોઈ બોલ્યું નહિ. કોઈ હાલ્યું ચાલ્યું નહિ. 'હં' કરીને શિક્ષકે ટેબલના ખાનામાંથી સોટી બહાર કાઢી.

'ગુનેગાર ગુનો કબૂલશે, તો તેને ત્રણ સોટીની સજા, નહિ કબૂલે, ને પકડાશે, તો તેર સોટીની સજા અને હેડમાસ્તરને

રિપોર્ટ પણ થશે.' હંમેશની રીત મુજબ તેમણે જાહેર ધમકી આપી. પણ છોકરાઓ ચૂપ હતા. તેમનામાં કશો સળવળાટ નહોતો.

પછી તેઓ ચશ્માંના ખૂણા ઉપરથી ત્રાંસી દૃષ્ટિ ફેંકતા આગળ આવ્યા; અને વારાફરતી ત્રણ–ચાર નામીચા તોફાની છોકરાઓ પાસે જઈને પૂછ્યું: 'તેં ચીતર્યું આ ઝાડ?'

જવાબમાં દરેકે 'ના' કહી.

'હં' કહી, તેઓ પહેલા છોકરા પાસે ગયા. પહેલેથી છેલ્લે સુધી દરેકને પૂછતા ગયા: 'તેં ચીતર્યું? તેં ચીતર્યું?' પણ કોઈએ ગુનો કબૂલ ન કર્યો.

'હં' તેમણે કહ્યું: 'કોણે ચીતર્યું છે, તે દરેક છોકરો જાણે છે. દરેકને ત્રણ–ત્રણ સોટી પડશે, અને જે પકડાશે, તે બરતરફ થશે.'

તેમની ધમકીની કશી અસર થઈ નહિ. ચિત્તને પૂરી ખાતરી હતી કે, કોઈ છોકરો એની ચાડી કરશે નહિ.

ઉત્તરની બહુ વાટ જોયા વિના, શિક્ષકે શિક્ષાની શરૂઆત કરી. દરેક છોકરાની હથેળીમાં ત્રણ—ત્રણ સોટી પડવા લાગી.

કીર્તિની આંખ ચમકી. 'આ બધા નિર્દોષોને શા માટે સજા થવી જોઈએ? મારના ડરથી એક પણ છોકરો ડગી ગયો, તો ચિત્તને પૂરી સજા થવાની અને તે બરતરફ પણ થવાનો. ચિત્તથી એ સજા સહન થઈ શકવાની નથી. હું એમ નહિ બનવા દઉં!' એમ વિચારી પોતાની જગ્યાએથી ઊઠીને તે આગળ આવ્યો.

'કેમ વચ્ચે આવ્યો ?' શિક્ષકે બૂમ મારી પૂછ્યું. દુર્વાસાનું સ્વરૂપ એણે ધારણ કર્યું હતું. કીર્તિએ ઉત્તર ન આપ્યો. 'તેં ચીતર્યું છે ?' શિક્ષકે ફરી પૂછ્યું. એનો પણ ઉત્તર ન આપ્યો, અને હાથ લાંબો કર્યો. શિક્ષકે માની લીધું કે, તે જ ગુનેગાર છે. એના હાથમાં, એક જ હથેળીમાં ઉપરાઉપર તેર સોટીઓ પડી, અને તેના અઠવાડિયાના ગુણ× રદ કરવામાં આવ્યા.

જમવાની રજા પડી, ત્યારે બધા છોકરાઓ કીર્તિની આસપાસ ફરી વળ્યા. ચિત્તને બદલે તેણે બહાદુરીપૂર્વક સજા સહન કરી હતી ! વિદ્યાર્થીઓએ તેને ઉપાડીને શાળાની ઓસરીમાં ફેરવીને માન આપ્યું. ચિત્તની તો સામે પણ કોઈએ જોયું નહિ. એ ઝંખવાણો પડી જઈ એકલો, અટૂલો ઘેર ચાલ્યો ગયો. એને ભારે શરમ લાગી. પોતાને બદલે સજા સહન કરનાર કીર્તિ પ્રત્યે, તેને માન ઉત્પન્ન થયું. સાંજે એ કીર્તિને ઘેર ગયો, અને કહ્યું : 'કીર્તિ ! તેં મને બચાવી લઈને મારા પર ઉપકાર કર્યો છે. મને માફ કર.'

કીર્તિ હસ્યો. 'વાહ ! ઉપકાર શાનો ? મને તો બહુ લિજ્જત પડી !'

ચિત્ત કંઈ ઉત્તર આપી શક્યો નહિ. વીલે મોઢે, તે ઘેર પાછો ફર્યો.

પણ આ પ્રસંગ એના ચિત્ત પરથી કદી ભૂંસાયો નહિ. આજે પાંચ વર્ષે પણ એની યાદ તાજી હતી. કીર્તિનો મેળાપ થતાં આ વાતને સ્મરણમાં લાવી, એનો બદલો વાળવાની એને ઇચ્છા થઈ.

× Marks.

કીર્તિ તો આ પ્રસંગને નજીવો ગણીને ભૂલી ગયો હતો. ચિત્તે તેને એ પ્રસંગ યાદ દેવડાવ્યો. એનો ઉપયોગ કરવાની કલ્પના કીર્તિના મનમાં ઊગી આવી. હવે ચિત્તરંજન દીનદયાળની પેઢીનો માલિક બન્યો હતો. પંકજ ઉપર પેઢીનો મુકદ્દમો હજુ ઊભો હતો, અને પંકજની શોધખોળ પોલીસે ચાલુ રાખી હતી. પંકજે કરેલા ગુનાનું કારણ કીર્તિ પોતે જ હતો. પોતાને ખાતર એ અનેક સંકટો આજે વેઠી રહ્યો હતો. એના ઉપરનો મુકદ્દમો જો ખેંચી લેવાય, તો પંકજ ઉપરની આફત ટળે; પંકજનો કીર્તિ ઉપરનો ઉપકાર અને કીર્તિનો ચિત્ત ઉપરનો ઉપકાર પાછો વાળી શકાય! એણે ચિત્તરંજનને ફરીથી મળવાનો વિચાર કર્યો.

પ્રકરણ ઓગણત્રીસમું............પુત્રવધૂને નિમંત્રણ

કીર્તિને ચિત્રાનો પત્ર મળ્યો, ત્યારે કીર્તિ ચિત્તરંજનને ત્યાં જ જવાની તૈયારી કરી રહ્યો હતો. પંકજને આ ગુનો પોતાને જ કારણે કરવો પડયો હતો, અને તેથી, કીર્તિ પંકજને છોડાવવા વધુ ઉત્સુક હતો. એટલે ચિત્રાનો પત્ર વાંચી, એ સીધો ચિત્તને ત્યાં જ જવા ઊપડયો.

જે દિવસે એ ચિત્તરંજનને પ્રથમ મળેલો, તે દિવસે ચિત્તરંજને જૂનો પ્રસંગ અને કીર્તિનો ઉપકાર યાદ કરી એનો બદલો વાળવાની પોતાની ઇચ્છા તેને દર્શાવી, ત્યારે પંકજ ઉપરનો કેસ પાછો ખેંચાવી લેવામાં ચિત્તનો ઉપયોગ થઈ શકે, એવો વિચાર કીર્તિને આવ્યો હતો. ચિત્ત એની માગણી સહર્ષ સ્વીકારશે, એવી તેને ખાતરી પણ હતી.

કીર્તિને પોતાને ત્યાં આવેલો જોઈને ચિત્તરંજનને ઘણો આનંદ થયો.

'ફરી પાછો તું મળ્યો નહિ, એટલે મને લાગ્યું કે, તું પાછો મુંબઈ ચાલ્યો ગયો હશે.' ચિત્તરંજને કહ્યું. 'શું, પિતાની તબિયત હજુ બરાબર નથી?'

'હવે તો તદ્દન આરામ છે; પણ એક બીજા અગત્યના કામ માટે રોકાઈ ગયો છું.' કીર્તિએ કહ્યું. 'આ કામમાં તારી મદદની જરૂર પડશે.'

'હું કોને કદી ઉપયોગી થઈ શક્યો છું, કીર્તિ! એમાંયે તારું તો મારા ઉપર મોટું ઋણ છે. તાડના ચિત્રનો પ્રસંગ હજુ હું ભૂલ્યો નથી.' ચિત્તે કહ્યું. 'કહે, હું તને શી રીતે ઉપયોગી થઈ શકું?'

'પંકજને તું ઓળખે છે, ખરું?'

'જેની બહેનને તું...'

'હા.' કીર્તિએ એને વચ્ચેથી જ અટકાવીને કહ્યું. 'એ તારા કાકાને ત્યાં એ વખતે નોકરી કરતો. એ વખતનો એક મુકદ્દમો તેની સામે દાખલ થયેલો છે.'

'હા, મેં સાંભળ્યું હતું.' ચિત્તે કહ્યું. 'એ તો બહુ જૂની વાત છે.'

'હા. પણ એ મુકદ્દમો હજુ ઊભો છે. પંકજ મુંબઈમાં જમીન ઉપર છૂટ્યો છે. આજકાલ એની મુદત છે, એટલે એને અહીં લાવવામાં આવશે. મારે એને છોડાવવો જ જોઈએ. તને ખબર નહિ હોય, ચિત્ત! કે એણે એ ઉચાપત મને મદદ કરવા જ કરેલી. એનું પણ મારા ઉપર ઋણ છે, અને તે મારે ઉતારવું જોઈએ.'

'એને છોડાવવો છે, એટલું જ ને?'

'હા.'

'એમાં શું! હું કેસ પાછો ખેંચી લઈશ.'

'ફોજદારી કેસ પાછો ખેંચી શકાય ખરો?'

'એ તો મને ખબર નથી. આજે જ હું વકીલને મળીને પૂછી જોઇશ. નહિતર હું જાહેર કરીશ કે, એણે ગુનો કર્યો નથી; એ તો હિસાબની ભૂલ હતી.'

'ગમે તેમ કરીને કેસ જ પાછો ખેંચાવો જોઈએ. તું જૂઠું બોલીશ; પણ એ તો ગુનાનો એકરાર કરવાનો છે, એવા મને ખબર મળ્યા છે.'

'તું નિશ્ચિંત રહે.' ચિત્તે કહ્યું. 'એની બધી જવાબદારી મારા ઉપર છે.'

'બાવીસસો રૂપિયાનો પ્રશ્ન છે. એ રકમ તો હું જ આપી દઈશ.'

'વાહ! રૂપિયા કંઈ મારા તો નહોતા! આ તો જીભે જશ લેવાની વાત છે.'

'પણ, હવે મારી પાસે સગવડ ક્યાં નથી?'

'લે, રાખ હવે! પંકજ તારો સગો થાય છે, તો મારો શું મિત્ર નથી? હું વર્ગમાં એના ઠીક પરિચયમાં આવેલો. તારા પહેલાંનો સંબંધ એની સાથે છે.'

'પણ એ વાત જૂની થઈ; અને મારો સંબંધ તો તાજો છે.'

'હું એ ચર્ચામાં ઊતરવા નથી માગતો. ચાલ હવે જરા ફરવા જઈએ.' ચિત્તરંજને વાત બદલાવી. 'આજથી સાતમે દિવસે મારું પરિણામ છે. તારું પણ લગભગ એ દરમ્યાન હશે.'

'હા. એક દિવસ મોડું. મુંબઈ વિદ્યાપીઠ એટલી પછાત છે.'

'મુંબઈ વિદ્યાપીઠની પરીક્ષા અહીં કરતાં વધુ કડક ગણાય છે. ભાગ્યે જ પચાસ ટકા પરિણામ આપતી હશે!'

આવી કેટલીક સામાન્ય વાતચીત કરતા બન્ને મિત્રો ફરવા ગયા. ચિત્તને બીજા કોઈ મિત્રો નહોતા; એટલે કોઈ વાર આવો પરિચિત સહાધ્યાયી મળી જાય, ત્યારે તેની સાથે હરવા ફરવાનું તેને ગમતું.

રાત્રે છૂટા પડયા પછી કીર્તિએ ચિત્રાને લખ્યું: 'ત્યાંથી પંકજ માટે વકીલ રોકવાની જરૂર નથી. એના ઉપરનો કેસ પાછો ખેંચાવાનું નક્કી થઈ ગયું છે. કેસ પાછો ખેંચાઈ ગયે તારથી ખબર આપીશ.'

સરોજને લખ્યું: 'હું અચાનક ચાલ્યો આવ્યો, તેનું તને દુ:ખ થયું હશે; પણ પંકજને મોઢું દેખાડતાં મને શરમ આવે છે. જો કાલે કેસ પાછો ખેંચાઈ જશે, તો હું તાર કરીશ, જેથી પંકજને અહીં આવવું ન પડે; અને હું શરમમાં પડતો બચી જાઉં. બાપુજીની તબિયત હવે તદ્દન સારી છે. તેમનો રોષ નરમ પડતો જાય છે.' વગેરે.

સવારે સ્નાનાદિ પતાવીને પત્ર ટપાલમાં નાખવા અને ચિત્તને મળવા જવા, તે નીકળ્યો. તેને આજ આટલો વહેલો બહાર જતો જોઈને તેની માતાએ પૂછ્યું: 'આજે અત્યારમાં!'

'ટપાલ નાખવા જાઉં છું.'

'કોને ટપાલ લખી?'

'મુંબઈ.'

'ટપાલ સાંજે નાખજે. હું પણ ચિઠ્ઠી લખીશ, તે એમાં જ નાખી દેજે.'

'ભલે.' કહી કીર્તિ પાછો વળ્યો, અને કવર ટેબલના ખાનામાં મૂકી, ચિત્તને મળવા ચાલ્યો.

ચિત્તરંજન ઘેર નહોતો. કીર્તિ પેઢીએ ગયો. ત્યાં પણ ન મળ્યો. બપોરે જમીને આરામ લીધા વિના તે પાછો ચિત્તને શોધવા નીકળ્યો; પણ આજે ચિત્તનો પત્તો નહોતો.

સાંજે માતાનો પત્ર લઈ, કવરમાં નાખી, તે ટપાલમાં નાખ્યું. સાસુએ પુત્રવધૂને આશીર્વાદ પાઠવ્યા હતા.

પરંતુ આ પત્ર મુંબઈ પહોંચ્યો, તે પહેલાં પંકજ ત્યાંથી નીકળી છૂટયો હતો. તે જ રાત્રે ઇન્દોરની પોલીસ પંકજને લઈને ઇન્દોર આવી પહોંચી હતી.

ચિત્તરંજને આખો દિવસ અદાલત અને વકીલની કચેરી વચ્ચે દોડાદોડ કરી હતી. બીજે દિવસે કેસ ચાલવાનો હતો; અને તે પહેલાં એને છોડાવવાનો હતો. ઠેઠ સાંજે એણે હુકમમાં સહી મેળવી લીધી હતી.

પંકજે તે રાત જેલમાં ગાળી. બીજી સવારે દિવસ ઊગતાં જ એને મુક્ત કરવામાં આવ્યો. એને કહેવામાં આવ્યું કે, એના પરનો મુકદ્દમો ખેંચાઈ ગયો છે.

શું બન્યું, કેમ બન્યું, તે એને સમજાયું નહિ. તે જેલના દરવાજાની બહાર નીકળ્યો, ત્યારે ચિત્તરંજન તેનો સત્કાર કરવા હાજર હતો.

પંકજ પ્રથમ દૃષ્ટિએ ચિત્તરંજનને ઓળખી શકયો નહિ. પણ થોડી વારે એને ખ્યાલ આવ્યો કે, એ એનો સહાધ્યાયી હતો.

‘મૅટ્રિકમાં આપણે સાથે હતા, ખરું ?’

‘હા. મારું નામ ચિત્તરંજન. અત્યારે તારે મારે ત્યાં આવવાનું છે.’ કહી એ પંકજને લઈને મોટરમાં બેઠો. બન્ને ચિત્તને ઘેર આવ્યા.

ચા પીતાં ચિત્તરંજને પંકજને બધા સમાચાર કહ્યા : શેઠના અવસાનના, ગોપાલના દેશમાં ગયાના, પોતાને વારસો મળ્યાના અને પોતે પેઢીનો વહીવટ સંભાળ્યાના. વધુમાં તેણે કીર્તિની માગણીથી કેસ પાછો ખેંચી લીધાના સમાચાર પણ કહ્યા.

સવારે ઊઠતાં જ કીર્તિને સરોજનો તાર મળ્યો. તેમાં જણાવ્યું હતું કે, “પંકજ ત્યાં આવેલ છે. કામચલાઉ વકીલનો બંદોબસ્ત કરો. બે દિવસમાં અહીંથી બૅરિસ્ટર ત્યાં આવી પહોંચશે.”

આગલે દિવસે ઘણી શોધખોળ છતાં ચિત્તનો મેળાપ ન થવાથી, આજે વહેલી સવારમાં તેને મળવા કીર્તિ ઊપડતો હતો, ત્યાં એને તાર મળ્યો. ગાડી ભાડે કરી, પંકજને મળવા એ સીધો જેલ ઉપર આવ્યો.

જેલ ઉપર એને સમાચાર મળ્યા કે, કેસ પાછો ખેંચી લેવાયાથી એને મુક્ત કરવામાં આવ્યો હતો. તે ત્યાંથી ચિત્તને ત્યાં આવ્યો.

પંકજની મુક્તિથી એને હર્ષ થતો હતો; પરન્તુ એને મળતાં એને સંકોચ થવા લાગ્યો. પંકજ ઇન્દોરમાં આવે અને પોતે એને મળે નહિ, તે કેટલું ખોટું ? મુંબઈમાં બે વખત તો એ છટકી ગયો હતો, આજે છટકી શકાય એમ નહોતું.

પંકજને જોતાં જ કીર્તિનું હૃદય થડક્યું; એના પગ પાછા પડવા લાગ્યા; એણે નીચે જોયું. પણ પંકજ 'અરે, કીર્તિ !' કહેતો એને ભેટી જ પડયો; જાણે તેમની વચ્ચે લાંબા કાળ પછીની આ પહેલી જ મુલાકાત ન હોય !

છતાં કીર્તિની એ પ્રસંગની યાદ તાજી જ રહી, અને એના મુખ પરની શરમ ઓછી થઈ નહિ. પંકજ તો પોતે એ પ્રસંગનો સાક્ષી હતો, એ જાણે ભૂલી જ ગયો હોય, એમ વર્તતો હતો. એણે કહ્યું : 'તું તો, કીર્તિ જાણે બદલાઈ જ ગયો છે ! આ ખાદી, અને સાદાઈ તું ધારણ કરશે, એવું મેં કલ્પ્યું નહોતું. તારે ત્યાં રેંટિયો જોઈને મને તો પ્રથમ ભારે નવાઈ લાગી ! પણ પછી જ્યારે તારી મુંબઈની પ્રવૃત્તિઓનો મને સરોજે ખ્યાલ આપ્યો, ત્યારે મને બહુ આનંદ થયો.'

કીર્તિએ ઉત્તર ન આપ્યો. ત્રણેએ ચાપાણી પીધાં. ઇન્દોરના કેટલાક નવા જૂના સમાચારો વિષે ચર્ચા કરી. શાળાના જૂના પ્રસંગો પણ યાદ આવ્યા. છેવટે ચિત્તરંજન પેઢીએ જવા તૈયાર થયો, ત્યારે કીર્તિએ પંકજને પોતાની સાથે ઘેર આવવા આમંત્રણ આપ્યું.

પંકજ જરા મૂંઝાયો. ઇન્દોરમાં તો હવે પોતાનું ઘર નહોતું, એટલે કીર્તિને ત્યાં જવાની ના કેવી રીતે પાડી શકાય ! પોતાની બહેનને જ્યાં સુધી કીર્તિને ઘેર સ્થાન મળી શક્યું ન હોય, ત્યાં સુધી એને ત્યાં જવું પંકજને વાજબી ન લાગ્યું. એણે કહ્યું :

'આજે તો વિનાયકદાદાને ત્યાં જઈશ. પછી તારે ત્યાં આવી જઈશ.'

ચિત્તે કહ્યું. તમારે પરસ્પર કશો આગ્રહ કરવાનો નથી.

પંકજ મારો મહેમાન થઈ ચૂક્યો છે, અને તે એક અઠવાડિયા સુધી અહીં જ રહેશે. પછી, કીર્તિ ! તું એને ગમે ત્યાં લઈ જઈ શકે છે.'

કીર્તિને ચિત્તના આગ્રહને વશ થવું પડ્યું. પંકજને પણ એ ગમ્યું. ચિત્ત પંકજને પેઢીએ લઈ ગયો. પેઢી એ જ સ્થળે 'બડા શરાફ'માં હતી.

પંકજને ચિત્તરંજનની મોટરમાં આવેલો જોઈને જૂના ગુમાસ્તાઓને નવાઈ લાગી. સૌ એક બીજા પ્રત્યે આંખ ઝીણી કરી કહેવા લાગ્યા : 'આ તો પેલો પંકજ ! મોટી રકમ ઉચાપત કરી હતી એ ! નવા શેઠ એની જાળમાં ક્યાં ફસાયા !'

પંકજે પેઢી પર આવીને પરિચિત—અપરિચિત બધા ગુમાસ્તાઓને નમસ્કાર કર્યા, અને પૂછ્યું : 'કેમ ? આનંદમાં ને ?'

'હા, જી.' તિરસ્કારને છુપાવીને, શેઠની સાથે આવેલા પંકજને સૌએ કહ્યું, અને અનિચ્છાએ પણ સામા નમસ્કાર કર્યા.

ગાદી પર બેસતાં ચિત્તે કહ્યું : 'તારા માસાનું કામકાજ તો મારા મામાએ ઉપાડી લીધું છે, એટલે એ બાબતમાં કશી ચિંતા નથી; પણ શેઠનું કામકાજ મારાથી સંભાળી શકાતું નથી. મને એમાં બહુ રસ પણ નથી. જો તું અહીં રહેવાનું નક્કી કરે, તો એ બધું કામ તને સોંપી દઉં. તને એ કામનો ઠીક અનુભવ છે.'

ગુમાસ્તાઓ ચોપડામાં આંખ રાખી, કાન સરવા કરી, ચિત્તની વાત વિસ્મયપૂર્વક સાંભળી રહ્યા હતા.

'ભાઈ ! મારું મન હવે નોકરી–ધંધામાં લાગી શકે એવું નથી રહ્યું. ચારે બાજુ અપાર પ્રવૃત્તિઓ સાદ પાડી રહી છે.'

'પાછું મુંબઈ જવું છે?'

'ના. હવે તો વતનમાં પાછું ફરવું છે. ત્યાં પારનગરનું કામ પડયું છે. આંગણું સાફ કર્યા વિના શેરી વાળવા ઓછું જ જવાય છે!'

પછી ચિત્તે કામકાજમાં લક્ષ પરોવ્યું. પંકજને પેઢીના કામકાજ સાથે સંબંધ નહોતો; છતાં તેણે પેઢીનો વહીવટ ચલાવ્યો હતો, એટલે દરેક કામમાં એને રસ પડતો હતો.

ઘેર ગયા પહેલાં કીર્તિએ તારઑફિસે જઈને મુંબઈ તાર કર્યો કે, 'પંકજ ઉપરનો કેસ પાછો ખેંચાઈ ગયો છે. વકીલ બૅરિસ્ટરને મોકલવાની જરૂર નથી.'

ઘેર જઈને એણે પ્રથમ માતાને આ સમાચાર આપ્યા. માતાને પુત્રવધૂના કુળ ઉપરનું કલંક ખસી જવાથી ઘણો હર્ષ થયો. હવે કીર્તિના પિતા પુત્રવધૂને ઘેર લાવવામાં અસંમત નહિ થાય, એમ તેને લાગ્યું. તેણે પૂછ્યું: 'પંકજભાઈ અત્યારે ક્યાં છે?'

'શેઠના ભત્રીજા ચિત્તરંજનને ત્યાં. એણે એને પોતાના મહેમાન તરીકે રાખ્યો છે.' કીર્તિએ કહ્યું.

'કાલે તેને અહીં તેડી લાવજે.' માતાએ કહ્યું. 'આ ક્યાં પારકું ઘર છે!'

કીર્તિએ ઉત્તર ન આપ્યો, છતાં માતા એના નિરુત્તર રહેવાનું રહસ્ય સમજી ગઈ. બપોરે જમતી વખતે એણે કીર્તિના પિતાને પૂછ્યું:

'તમે કીર્તિને મળ્યા?'

'ના. તે અહીં આવે છે જ ક્યાં!'

'તમે એને બોલાવજો. એને ભય છે કે, તમારો રોષ હજુ ઊતર્યો નથી.'

'ભલે; હું બોલાવીશ.'

'અને...સાંભળ્યું? એનો સાળો નિર્દોષ છૂટી ગયો.'

'પુરાવા નહિ મળ્યા હોય?'

'ના કેસ જ પાછો ખેંચાઈ ગયો. શેઠે રકમ લીધી હશે, તે ખાતે માંડતાં ભૂલી ગયા—એવું કંઈક બન્યું છે. છોકરો કુળવાન છે. એવું પગલું એ ન ભરે!'

'એ છોકરાનું નામ તો પંકજ ને?'

'હા.'

'હમણાં તે ક્યાં છે?'

'અહીં ઇન્દોરમાં જ છે. શેઠના ભત્રીજાએ એને મહેમાન રાખ્યો છે.' કીર્તિની માએ સગર્વ કહ્યું.

'થોડા દિવસ ભલે અહીં રોકાય.'

'આપણે ત્યાં?' કીર્તિની માએ આશ્ચર્યપૂર્વક પૂછ્યું.

'હા. કીર્તિએ એને અહીં બોલાવી લાવવો જોઈને!'

'ભલે. પણ........' વાક્ય અધૂરું રહ્યું.

'કેમ શું છે?' નરેન્દ્રપ્રસાદે પૂછ્યું.

'એની બહેન અહીં ન આવી શકે, ત્યાં સુધી એ અહીં કેમ આવે!'

'એની બહેનને અહીં આવતાં કોણ અટકાવે છે? કીર્તિ એકલો કેમ આવ્યો?'

કીર્તિની માએ જવાબ ન આપ્યો. એના હૈયામાં હર્ષ ઊભરાઈ આવ્યો. એણે કહ્યું: 'હું પત્ર લખીને તેડાવી લઈશ.'

પુત્રવધૂને ઘેર લાવવા આતુર બનેલું સાસુનું હૃદય સંતોષ પામ્યું. એણે જઈને કીર્તિને બધી વાત કહી, અને કહ્યું: 'આજે જ તારા પિતાને મળી લેજે.'

સાંજે કીર્તિ પિતાને મળ્યો. નમસ્કાર કરી, સામે ઊભો રહ્યો. નરેન્દ્રપ્રસાદે કહ્યું: 'બેસ!' કીર્તિ સામેની ખુરશી પર બેઠો.

થોડી વારે નરેન્દ્રપ્રસાદ બોલ્યા: 'માબાપ કંઈ પુત્રનાં દુશ્મન નથી હોતાં. તેમ એમનામાં પુત્ર કરતાં ઓછી બુદ્ધિ હોય છે, એમ માની લેવું તે વાજબી નથી.'

'માણસે પોતાના કુટુંબની ખાનદાની જાળવવી જોઈએ. વડીલની આજ્ઞામાં રહેનારનું શિક્ષણ શોભે છે. ચોરીછૂપીથી લગ્ન કરી નાસી જનારની પ્રતિષ્ઠા વધે નહિ, પણ ઘટે.' નરેન્દ્રપ્રસાદે ચલાવ્યું.

કીર્તિ નીચું જોઈ સાંભળતો હતો. તેણે કશો ઉત્તર આપવાનું વાજબી ન ધાર્યું.

'તારો અભ્યાસ ચાલુ છે, કે બંધ કર્યો?'

'ચાલતો હતો. બી. એ. ની પરીક્ષા આપી છે.'

'પરિણામ નથી આવ્યું!'

'ના, જી. ચાર–પાંચ દિવસ પછી આવશે.'

'પાસ થવાશે?'

'હા.'

'પછી શું કરવાનું ધાર્યું છે? આગળ ભણવું છે, કે આપણા કોન્ટ્રાકટના કામમાં જોડાવું છે?'

'પરિણામ આવ્યા પછી વિચારી જોઈશ.' કીર્તિએ કહ્યું. હવે આગળ ભણવાનો કે પિતાના ધંધામાં જોડાવાનો એનો વિચાર નહોતો. મુંબઈ પાછા જઈને એણે આરંભેલું સેવાકાર્ય આગળ ધપાવવાની એની તીવ્ર ઇચ્છા હતી. પરંતુ અત્યારે એ વાત પિતાને પણ ઉતરાવી શકાય એમ નહોતું; એટલે એણે એ વાતની ચર્ચા ન કરી.

'તારી વહુને અહીં તેડાવવા મેં તારી માને કહ્યું છે. એનો ભાઈ અહીં છે, તો એને પણ અહીં રહેવા બોલાવી લાવજે.'

'જી.' કહી કીર્તિએ રજા લીધી.

રાત્રે તે ચિત્તને ત્યાં ગયો, ત્યારે પંકજ વિનાયકને મળવા ગયો હતો. તે પાછો આવ્યો, ત્યારે કીર્તિએ તેને પોતાના પિતાના બદલાયેલા વલણની જાણ કરી, અને કહ્યું: 'મારી માએ આજે સરોજને અહીં આવવા પત્ર લખ્યો છે.'

'પણ તે તારા પત્ર વિના નહિ આવે!' પંકજે કહ્યું.

'તો હું પણ કાલે પત્ર લખું.' કીર્તિએ કહ્યું.

'કાલે હું પેઢીએ જનાર નથી. અહીં જ રોકાવાનો છું. તું સવારે આવજે, એટલે આપણે બન્ને સાથે જ પત્ર લખીશું.'

બીજે દિવસે બન્નેએ સાથે જ પત્ર લખી, તુરત અહીં આવવા સરોજને જણાવ્યું. ચિત્રા જો આવવા ખુશી હોય, તો તેને પણ સાથે લાવવા લખ્યું હતું.

સરોજે બધા પત્રો મંજરીને બતાવ્યા. ચિત્રાએ પણ પંકજનું આમંત્રણ વાંચ્યું. પંકજના છુટકારાનો આનંદ વ્યાપેલો હતો, તેમાં આ આમંત્રણથી સૌને વધુ આનંદ થયો. મંજરીએ ચિત્રાને સરોજની સાથે મોકલવાની સંમતિ આપી કહ્યું: 'બહેન ! ચિત્રાને તારી સાથે મોકલવામાં મને કંઈ વાંધો નથી. તું એની મોટી બહેન છે, એમ માની મેં તો તેને, તને જ સોંપી દીધી છે. ખુશીથી લઈ જા. તારે પાછા ફરવાનું ન થાય, તો પંકજભાઈ સાથે એને મોકલી દેજે.

'અહીંનું કામ મને એટલું તો ગળે વળગેલું છે કે, હું બને ત્યાં સુધી પાછી આવવા કોશિશ કરીશ. કાન્તને પણ ત્યાં ગમવાનું નથી; પછી તો થાય તે ખરું !' સરોજે કહ્યું.

'સરોજ !' મંજરીએ કહ્યું. તું ન આવે, તો પણ મેં તને જે કામ સોંપ્યું છે, તે તો તારે જ કરવાનું છે, એ ન ભૂલતી. ચિત્રાને માટે હવે વર શોધવામાં બહુ ઢીલ ન કરતી.'

ચિત્રા અવનત મુખે સાંભળી રહી હતી. સરોજે કહ્યું: તને 'મંજરીબહેન ! એની ચિંતા ન કરશો. એ જવાબદારી મેં સ્વીકારી જ છે.'

સરોજના શબ્દોથી મંજરીને આનંદ થયો. એને સરોજના હાથમાં પુત્રી સલામત લાગી. એને સરોજ પર અસીમ વિશ્વાસ બેઠો હતો.

સરોજ અને ચિત્રા તે જ રાત્રે ઇન્દોર આવવા ઊપડયાં. અશ્રુભીનાં નયને મંજરી તેમને વિદાય આપી રહી.

પ્રકરણ ત્રીસમું........................પંકજની કૂચ

પંકજે ચિત્તરંજનને ત્યાં એક અઠવાડિયું આરામથી પસાર કર્યું. આ અઠવાડિયા દરમિયાન એણે પોતાનો ભાવિ કાર્યક્રમ વિચારી લીધો.

મુંબઈની મજૂર પ્રવૃત્તિમાં એને ઠીક રસ પડતો હતો. પરંતુ ત્યાં કાર્યકર્તાઓની ખાસ તંગી નહોતી. મુંબઈના સાથીઓ, તે પાછો એ જ ક્ષેત્રમાં આવીને રહે, એમ ઇચ્છતા હતા; પણ પંકજનું લક્ષ માદરે વતન કાઠિયાવાડ તરફ હતું. ત્યાં દેશી રાજ્યમાં જુલ્મ અને અન્યાયો પાર વગરના હતા, મજૂરો માટે કોઈ કાયદાઓ જ નહોતા, અને ખેડૂતો ચીંથરેહાલ દશામાં, અર્ધ ભૂખ્યા—અર્ધનગ્ન—ઢસરડો કરતા હતા. એમના ઉપર કરજના બોજ લદાયા હતા, અને એમની કોઠીમાંથી જાર ખેંચી જઈને રાજાઓ મોજ ઉડાવતા હતા. રાજકોટ-સત્યાગ્રહની નિષ્ફળતા પછી રાજાઓએ સખત દમનનીતિ આદરી હતી, અને જામનગર, જૂનાગઢ તથા લીંબડીમાં અત્યાચારનાં તાંડવ ખેલી, પ્રજાને ગૂંગળાવી મારી હતી. રાજકોટ

કે ભાવનગરમાં થોડા કાર્યકરોના બળને લીધે, પ્રજાની ઠીક ઠીક જાગૃતિને લીધે, અને રાજ્યની પરંપરાને લીધે, પ્રજાજીવન ટકી રહ્યું હતું. બીજે ઘોર અંધકાર હતો. આ અંધકારમાં પ્રકાશનાં કિરણો ફેંકવાની જરૂર હતી, એમ પંકજને લાગ્યું હતું, અને તેથી તે વતનમાં પાછો ફરવાને ઇચ્છતો હતો.

ઇન્દોર પણ દેશી રાજ્ય હતું, અને ત્યાંની સ્થિતિ કાઠિયાવાડથી વધુ સારી નહોતી જ. એ જ એકહથ્થુ રાજ્યશાસન અને આપખુદ તંત્ર ત્યાં પ્રવર્તતું હતું. એ જ મનાઈ હુકમો અને દમનનીતિ ત્યાં ચાલતી હતી. કિસાનો વધુ કંગાળ હતા, અને અમલદારી ત્રાસની ઝડીઓ સહન કરતા હતા. પરદેશીપુરા અને નયાપુરાના મજૂરોની સ્થિતિ તે હમણાં જ જાતે નિહાળી આવ્યો હતો. ત્યાં કેટલાક મજૂર કાર્યકરો હતા, જેમના તરફ રાજ્યનો ડોળો સદા ઘૂરકયા કરતો. હદપારી અને ધરપકડ બહુ સામાન્ય હતાં, અને તેમનું સ્થાન લાંબા વખત સુધી જેલમાં જ રહેતું. ઉજ્જેન અને રતલામમાં પણ એ જ સ્થિતિ હતી. એટલે કાર્યકરોને પરહદમાં રહીને દોરવણી આપવાનું કામ કરવું પડતું. કોઈ પણ મજૂર કાર્યકરને ત્યાં સામ્યવાદી ગણવામાં આવતો, અને તેને ચોર, ડાકુ કે ખૂનીથી વધારે ભયંકર ચીતરવાનું કામ રાજ્યની પોલીસ કરતી. પરંતુ ત્યાં મજૂરો પોતે જ જાગૃત બન્યા હતા અને મુંબઈ અમદાવાદની પેઠે પોતાની પ્રવૃત્તિઓ પોતે જ ચલાવતા થયા હતા. વળી કીર્તિની ઇચ્છા ઇન્દોરમાં રહેવાની નહોતી. તેથી પંકજે કાઠિયાવાડને જ જીવનક્ષેત્ર તરીકે પસંદ કર્યું હતું. દેશસેવાનું વ્રત લીધા પછી જ્યારે જ્યારે ક્ષેત્ર નક્કી કરવાનો વિચાર એને આવતો હતો, ત્યારે ત્યારે એનું હૃદય વતન તરફ આકર્ષાતું હતું. ભારત માતાનું ઋણ અદા કરવા એણે પોતાની સેવા કાઠિયાવાડની પ્રજાને ચરણે ધરવાનો નિર્ણય કરી લીધો.

પ્રથમ તેણે પોતાનો નિર્ણય કીર્તિને જણાવ્યો, અને તેમાં એની સંમતિ મેળવી. કીર્તિનો વિચાર હવે મુંબઈ પાછા જઈને, ત્યાં અધૂરું મૂકેલું કાર્ય ફરી ચાલુ કરવાનો હતો; પરન્તુ હવે પિતાને સમજાવી, એમની સંમતિ મેળવી, પછી જ ઇન્દોર છોડવું, એમ તેણે નક્કી કર્યું હતું.

પંકજ વિનાયકને વારંવાર મળતો રહેતો. એ એક તેના પિતાનો સાચો મિત્ર અને તેનો સાચો શુભેચ્છક હતો, અને જ્યારે જરૂર પડતી હતી, ત્યારે પોતાની ફરજ બજાવવા એ દોડી આવતો હતો. પંકજે પોતાના ભાવિજીવનની રૂપરેખા એને સમજાવી; એ જાણી એને આનંદ થયો.

પંકજ કીર્તિને ત્યાં જઈને રહેવાનો હતો, તેને આગલે દિવસે ચિત્તરંજન બી. એ. ની પરીક્ષામાં પસાર થયાના ખબર આવ્યા. પંકજને આનંદ થયો. એની ઇચ્છાથી ચિત્તે એક નાની મિજલસ મેળવી. પેઢીના ગુમાસ્તાઓને પણ આમંત્રવામાં આવ્યા હતા. કીર્તિની હાજરી તો આખો દિવસ ત્યાં જ હતી.

બીજે દિવસે પંકજ કીર્તિને ત્યાં ગયો. સરોજ અને ચિત્રા ઇન્દોર આવવા નીકળી ચૂક્યાનો તાર મુંબઈથી આવી ચૂક્યો હતો. સરોજ પ્રથમ જ શ્વસુરગૃહે આવતી હતી. એનું સ્વાગત કરવા કીર્તિ થનગની રહ્યો હતો. એની માતા તથા બહેનોનો પણ હર્ષ હૈયામાં સમાતો નહોતો.

સવારની ગાડીમાં સરોજ અને ચિત્રા આવી પહોંચ્યાં. બપોરે મુંબઈ વિદ્યાપીઠની બી. એ. ની પરીક્ષાનું પરિણામ આવ્યું કીર્તિ પ્રથમ શ્રેણીમાં ઉત્તીર્ણ થયો હતો. નરેન્દ્રપ્રસાદને ખૂબ આનંદ થયો. છોકરો આપબળે અભ્યાસ કરીને આ ઊંચી પરીક્ષા ઉત્તમ શ્રેણીમાં પસાર કરે, તો કયા પિતાનું હૃદય ગર્વથી ન ફુલાય! સરોજના આગમન સાથે જ આ શુભ

સમાચાર મળવાથી કીર્તિની માએ વહુને 'સારાં પગલાં'ની ગણીને સન્માની.

તે જ રાત્રે નાનો સરખો જલસો ગોઠવાઈ ગયો. ચિત્રા, સરોજ અને પંકજ તો મહેમાનો જેવાં જ હતાં. ચિત્ત અને વિનાયકને બોલાવવામાં આવ્યા. નરેન્દ્રપ્રસાદના અંગત મિત્રો અને કીર્તિની બહેનોની સખીઓને પણ બોલાવવામાં આવ્યાં હતાં. સ્વાદિષ્ટ વાનીઓ, મધુર પીણાં, સંગીત અને આનંદ-પ્રમોદથી આ નાની મિજલસ મધરાત સુધી આનંદ મચાવી રહી.

પણ નરેન્દ્રપ્રસાદને આટલેથી સંતોષ ન થયો. એમના આખા કુટુંબમાં કીર્તિ એક જ કોલેજમાં ગયો હતો, અને સ્નાતક× થયો હતો. એમાંયે પહેલા વર્ગમાં ઉત્તીર્ણ થવું, એ સામાન્ય વાત નહોતી. અસામાન્ય સફળતાનો જલસો પણ અસામાન્ય હોવો જોઈએ. એમણે અઠવાડિયાની મુદત પછી મોટો સમારંભ યોજ્યો. રવિવારની સાંજે ભવ્ય ઉજાણી મિજલસ ગોઠવાઈ. વીજળીની રોશની ગોઠવાઈ. સંગીતકારો અને ગવૈયાઓને બોલાવવામાં આવ્યા. પાંચસો નિમંત્રણ-પત્રિકાઓ કાઢવામાં આવી. ખુદ હોલ્કરનરેશને આમંત્રણ આપવામાં આવ્યું હતું; અને તેમણે તે સ્વીકાર્યું પણ હતું. બેન્ડના સરોદો સવારથી આંગણે ગાજી રહ્યા હતા. જાણે મહાન લગ્નોત્સવ મંડાયો હતો.

નરેન્દ્રપ્રસાદની કીર્તિનો લગ્નોત્સવ ઊજવવાની અધૂરી આશા આમ પૂરી થતી હતી. નરેન્દ્રપ્રસાદે જેટલી ભવ્યતાથી એ પ્રસંગ ઊજવવાનું ધાર્યું હતું, એથી બમણી ભવ્યતાથી આ પ્રસંગ ઊજવાયો. પિતાનું અંતર તૃપ્ત થયું.

× ગ્રેજ્યુએટ

આમ દિવસો સુધી આ ઘરમાં આનંદોત્સવ મચી રહ્યો. સરોજના નમ્ર સ્વભાવ અને ઉત્તમ સંસ્કારોથી સાસુ–સસરા અને નણંદીઓ સૌ મુગ્ધ બન્યાં હતાં. સૌને સંપૂર્ણ સંતોષ આપવામાં સરોજ સફળ થઈ હતી. સાસુ દિવસમાં દસ વાર એને યાદ કરતી હતી. નણંદો એની આસપાસ, મધપૂડાની આસપાસ ભ્રમરો ગુંજે, એમ ફરી વળતી હતી. નરેન્દ્રપ્રસાદનો અસંતોષ દૂર થતાં, એમના મુખ પર ફરી પ્રસન્નતા ખીલી ઊઠી હતી.

એક દિવસે કીર્તિને એમણે પૂછ્યું: 'એમ. એ. નો અભ્યાસ કરવો છે, કે કામધંધામાં જોડાવું છે? કંઈ વિચાર કર્યો?'

'આપની શી સલાહ છે?'

'કામધંધામાં જોડાવાની કોઈ ઉતાવળ નથી. તારે જો અભ્યાસ આગળ વધારવો હોય, તોયે મારે વાંધો નથી. હું તો તારી ઇચ્છા જાણવા માગું છું. તારો નિર્ણય તું જ કરી શકે. હવે કંઈ બાળક થોડો જ રહ્યો છે!'

કીર્તિ ઉપર હવે નરેન્દ્રપ્રસાદને પૂરો વિશ્વાસ બેસી ગયો હતો. એની સ્ત્રીની સલાહ પણ એને યોગ્ય માર્ગે જ લઈ જશે, એવી એમની ખાતરી થઈ ચૂકી હતી. લગ્ન પછી મુંબઈમાં નિરંકુશ રહ્યા છતાં, એનામાં વધુ સંયમ અને સાદાઈ દાખલ થયાં હતાં. એટલે એની ઇચ્છા મુજબ એને પોતાનું ભાવિજીવન રચવાની એ તક આપવા માગતા હતા.

એટલે એક શાન્ત સવારે પુત્રે નમ્રતાપૂર્વક પિતા પાસે પોતાના વિચારો રજૂ કર્યા, અને પિતાએ એને સત્કાર્યા. પુત્રના માર્ગમાં એ વચ્ચે આવવા ઇચ્છતા નહોતા.

'તારી ઇચ્છા હોય, તો તું મુંબઈ જઈ શકે છે. તારી વહુને પણ સાથે લઈ જા. હવે મારાથી પણ અહીં ધંધાની કશી પ્રવૃત્તિ થઈ શકવાની નથી; એટલે અધૂરા કોન્ટ્રાક્ટ પૂરા થયે, અમે પણ ત્યાં આવી જઈશું.' નરેન્દ્રપ્રસાદે પોતાનો અભિપ્રાય જણાવ્યો. કીર્તિ તથા સરોજને એથી બહુ આનંદ થયો. એમની મનોકામના સંતુષ્ટ થઈ. તુરતમાં જ મુંબઈ જવા ઊપડવાની તેઓ તૈયારી કરવા લાગ્યાં.

સરોજ અહીં આવ્યા પછી ઘરની વિવિધ પ્રવૃત્તિઓમાં એટલી ગૂંચવાઈ ગઈ હતી કે, તે ચિત્રાને બહુ સોબત આપી શકતી નહિ; પરંતુ પંકજ અને કીર્તિએ એની ખોટ પૂરી દીધી હતી. પંકજને તો અહીં કશું જ કામ નહોતું, એટલે તે આખો દિવસ ચિત્રા સાથે જ ગાળતો હતો; જોકે, કીર્તિની માતા અને બહેનો ચિત્રાનું પૂરું સન્માન કરતાં; એટલે ચિત્રાને ઓછું આવવાનું કોઈ કારણ નહોતું. આનંદથી તે પોતાના દિવસો નિર્ગમન કરી રહી હતી.

પંકજ અને ચિત્રા વચ્ચે જામતી જતી મૈત્રી સરોજ કે કીર્તિથી છૂપી રહી શકી નહોતી. ચિત્રા કંઈ ને કંઈ પ્રશ્નો પંકજને પૂછ્યા કરતી અને પંકજ તેનું નિરાકરણ કરતો. ચિત્રાનો સ્વભાવ અતિ સરલ હતો, એટલે કોઈ પણ પ્રશ્ન એ નિઃસંકોચ એને પૂછતી. પોતાનું અજ્ઞાન ઉઘાડું પડી જશે, એવી કલ્પના એને કદી આવતી નહિ. આજ્ઞાંકિત શિષ્યા પેઠે એ પ્રશ્નો પૂછી, પોતાનું કુતૂહલ નિવારતી. પંકજ દરેક વાત એને વિગતથી સમજાવતો; અને ચિત્રા શ્રદ્ધાપૂર્વક એ સમજવાની કોશિશ કરતી.

પંકજના શિર પરથી હેલ્લો બોજો ઊતરી ગયો હતો. તેનું દિલ હળવું બની ગયું હતું. માતાના અવસાન પછી જે

ગંભીરતા એના સ્વભાવમાં દાખલ થઈ ગઈ હતી, તે હવે હળવે હળવે દૂર થતી જતી હતી; અને તેનો સ્વભાવ ઠીક ઠીક રમૂજી થતો જતો હતો. ઘણી વાર તે વિનોદ ખાતર ચિત્રાની મશ્કરી કરતો, ત્યારે ચિત્રા સહેજ ચીડાતી. પંકજને એમાં આનંદ આવતો અને કીર્તિ તથા સરોજ પણ કોઈવાર એ આનંદનાં ભાગીદાર બનતાં. ચિત્રા કોઈવાર કૃત્રિમ રોષ ધારણ કરતી; પણ પંકજના સામાન્ય વિનોદ આગળ એનો રોષ પીગળી જતો, અને ગંભીર રાખવા ધારેલું મુખ હસી પડતું.

નવરાશના આ દિવસોમાં ઇતિહાસ અને રાજકારણનાં પુસ્તકો વાંચવાની એને ઠીક તક પ્રાપ્ત થઈ હતી. ગુપ્ત પ્રવાસમાં જેમ એનો અનુભવ વધ્યો હતો, તેમ જેલનિવાસથી એનું વાચન અને અભ્યાસ પણ વધ્યાં હતાં. છેલ્લા છ મહિનામાં એણે છ વર્ષ જેટલું વાચન મેળવી લીધું હતું; અને એની દૃષ્ટિ વધુ ને વધુ વિશાળ થતી જતી હતી. પ્રથમ એને માતાની આજ્ઞાનું પાલન કરવામાં જ પોતાના કર્તવ્યની પૂર્ણતા લાગતી. પછી એણે પ્રવાસ કર્યો, દેશનું દારિદ્ર નિહાળ્યું અને દેશ-સેવાને એનો આદર્શ મળ્યો. દેશની ગુલામીનો નાશ કરવાના એણે શપથ લીધા. પણ માત્ર સ્વરાજ્યમાં પ્રજાનું શોષણ સંપૂર્ણ નાશ થવાનો સંભવ નહોતો; પણ જગતભરમાંથી રજવાડાશાહી, શાહીવાદ અને મૂડીવાદ નાશ પામે, ત્યારે જ આ શોષણ અટકી શકે, એવી તેને પ્રતીતિ થઈ હતી.

પરંતુ મૂડીવાદના નાશનાં કોઈ ચિહ્નો એને અત્યારે તો દૃષ્ટિગોચર થતાં નહોતાં. બ્રિટન, ફ્રાન્સ અને અમેરિકાની પ્રજાકીય સરકારો પોતાની એડી નીચેના પ્રદેશોમાંથી શાહીવાદનો ડંડો બહાર કાઢવા તૈયાર નહોતી. પ્રજાતંત્રની પોકળ વાતો એ રમૂજપૂર્વક કરી રહી હતી. બીજી બાજુ જર્મની, ઇટલી

અને જાપાનના બર્બરવાદી તંત્રોએ પોતાનાં રાક્ષસી ડાચાં ફાડીને જગતનો કોળિયો કરી જવાની બાજી રચી હતી. જાપાને સમાનધર્મી પાડોશી પ્રદેશો મંચૂરિયા અને કોરિયા તથા જેહોલ હજમ કરીને, ચીન સાથે લડાઈ આરંભી હતી; ઇટલીના મુસોલિનીએ હુંકાર કરી હબસીનિયાને હજમ "કર્યું" હતું, બળવાખોર ફ્રાંકોએ સ્પેનના પ્રજાસત્તાકને આવરી લીધું હતું, અને જર્મનીના હિટલરે ઑસ્ટ્રિયા, હંગેરી અને ચેકોસ્લોવેકિયાને કબજે કર્યા પછી, તેની અતૃપ્ત ક્ષુધાને સંતોષ આપવા પોલાંડ ઉપર દૃષ્ટિ રાખી હતી. એના અંતરમાં વિશ્વવિજયના કોડ જાગ્યા હતા; અને 'એશિયાવાસી માટે એશિયા'નું સૂત્ર ગોખતું જાપાન પ્રશાન્ત સાગર ઉપર પોતાનું વર્ચસ્વ સ્થાપવા ઘૂરકતું હતું. આમ ચોમેર આગ સળગતી હતી અને એની જ્વાળામાં જગત હમણાં જ ભસ્મીભૂત થઈ જશે, એવી શંકા પંકજને લાગ્યા કરતી હતી. જગતને આ પરિતાપમાંથી ઉગારવાનું એનામાં બળ નહોતું; પણ એવો કોઈ પ્રયાસ થઈ શકે, તો તેમાં પોતાનો ફાળો આપવાને અને એ વિશ્વ શાન્તિના યજ્ઞમાં પોતે હોમાઈ જવાને તૈયાર થયો હતો.

આમ દેશ–પરદેશના ગૂંચવાતા જતા રાજકારણનો વિચાર કરતો, એ ચિત્રા સાથે મુંબઈ આવવા ઊપડ્યો. કીર્તિ અને સરોજ પણ સાથે જ હતાં. મુંબઈમાં અધૂરું મૂકેલું કાર્ય તેમણે ફરીને હાથમાં ધરવાનું હતું. પહેલી સફરમાં તેમણે નરેન્દ્રપ્રસાદનો રોષ વહોર્યો હતો; આ બીજી સફરમાં તેમણે એમના આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા.

મુંબઈ આવ્યા પછી તરત જ પંકજ કાઠિયાવાડ જવાને ઉતાવળ કરવા લાગ્યો; પણ સરોજે કહ્યું: 'ભાઈ! હું તને એકલો ત્યાં જવા દેવાની નથી! કોઈ સાથી તો સાથે જોઈએ જ ને!'

'સાથીઓ તો ત્યાંથી ઘણા મળી રહેશે.' સરોજના કહેવાનો અર્થ ન સમજતાં પંકજે કહ્યું.

'જીવનસાથી વિના બધું અધૂરું!' સરોજે હસીને કહ્યું.

'વાહ! હવે સમજ્યો.' પંકજે કહ્યું. 'શું મારા ગળામાં ઘંટીનું પડ બાંધવા માગે છે?'

'ઘંટીનું પડ નહિ, પણ પ્રગતિને વેગ આપે એવી સહચરી તો જોઈએ ને!'

'જોજે પંકજ! ઘંટીનું પડ કહ્યું તો!' કીર્તિએ કહ્યું. 'ચિત્રાને કહીશ, તો એ તારા પર ચીડાશે!'

'એની વાત વચ્ચે શીદ લાવો છો!' પંકજે કીર્તિનો કટાક્ષ સમજીને કહ્યું.

'ત્યારે વળી તેં બીજું કંઈ નક્કી કર્યું છે!' કીર્તિ પંકજ સામે જોઈને બોલ્યો.

'મેં તો ભાઈ, કંઈ નક્કી નથી કર્યું. ખરું કહું છું, કીર્તિ! મારી પ્રવૃત્તિઓને નિરંકુશ ચાલવા દેવી હોય, તો મને એકલો જ રહેવા દો. હું એ જવાબદારી ઉપાડી શકું એમ નથી.' પંકજે જરા ગંભીર મુખમુદ્રા ધારણ કરીને કહ્યું.

'એ જવાબદારી જીવનમાં સૌને ઉપાડવાની હોય છે જ.' સરોજે કહ્યું. 'પણ હું તને ખાતરી આપું છું કે, ચિત્રા તને બોજારૂપ નહિ થઈ પડે; ઊલટું તારો બોજો એ હળવો કરશે, અને તારી કૂચમાં એ સાથ આપશે. એ તને ઉત્સાહ આપશે, આનંદ આપશે, પ્રેરણા આપશે. એ તારી મિત્ર અને સહચરી બનીને રહેશે.'

'બહેન! લગનની બાબતમાં ઉતાવળ કરવી કામની નહિ. જરા નિરાંતે વિચાર કરવો જોઈએ.'

'ચિત્રા સિવાય તારે......' સરોજ કહેતી હતી, તેને વચ્ચેથી અટકાવીને પંકજે કહ્યું: 'બહેન! તું એમ ન સમજતી

કે, ચિત્રામાં મને કંઈ ખામી લાગે છે! ચિત્રા જેવી કન્યાને મેળવીને તો હું ભાગ્યશાળી બનું; પણ એની માતાની ઇચ્છા આપણે જાણવી જોઈએ; ચિત્રાની પણ સંમતિ મેળવવી જોઈએ.'

'ચિત્રાની શી સંમતિ મેળવવાની હોય!' સરોજે હસીને કહ્યું. 'એ તો તારી પાછળ ઘેલી થઈને ફરે છે. અને એની મા તો કહે છે કે, તું એનો સ્વીકાર કરે, તો એના જેવી કોઈ ભાગ્યશાળી નહિ.'

છેવટે પંકજ અને ચિત્રાનાં લગ્ન કરવાનું નક્કી થઈ ચૂકયું સરોજને એથી ખૂબ સંતોષ થયો. ભાઈનું ભાવિ જીવન સુખી નીવડવાની એને ખાતરી થઈ. મંજરીનો તો હર્ષ સમાતો નહોતો. એની મનોકામના સર્વાંશે પૂર્ણ થઈ હતી. એણે સરોજનો આભાર માનતાં કહ્યું: 'ખરેખર! સરોજ! તેં તારું વચન પાળ્યું ખરું! આજ મારા આત્માને પૂરી શાન્તિ થઈ છે.'

'સ્વપ્ન વિહાર'ના નાના બાગમાં ચિત્રા અને પંકજનાં લગ્ન થયાં. તદ્દન સાદાઇ અને શાન્તિ, આનંદ અને પવિત્રતાના વાતાવરણમાં લગ્નક્રિયા સમાપ્ત થઈ. માતાએ પુત્રી અને જમાઈને આશીર્વાદ આપ્યા.

એક અઠવાડિયું મુંબઈ રોકાઈને પંકજ તથા ચિત્રા કાઠિયાવાડ જવાં ઊપડયાં. કીર્તિ, સરોજ મંજરી વગેરે તેમને વિદાય આપવા 'સેન્ટ્રલ' સ્ટેશને આવ્યાં હતાં. વિદાયમાં કશી ભવ્યતા નહોતી; પણ બધાંના અંતરમાં ઊછળી રહેલી હર્ષની ઊર્મિઓ અતિ ભવ્ય હતી. પંકજના હૃદયનો ઉલ્લાસ અનુપમ હતો. માતાનું ઋણ અદા કરવા, એ પોતાની જીવનસહચરી સાથે પોતાના પ્યારા વતનમાં જઈ રહ્યો હતો.

સંપૂર્ણ


卐

અદ્યતન પ્રકાશનો

સોનાના તીર	[illegible] વસાવડા	૩-૦
સોમનાથની ચાલ ફરશે	શ્રી [illegible]	૨-૮
[illegible]	[illegible] શર્મા	૩-૦
કલ્યાણને માર્ગે	રમણિકલાલ દલાલ	૨-૪
[illegible]	ડૉ. હરિપ્રસાદ દેસાઈ	૧-૮
જીવન વિભૂતિ	ચિરંતન	૨-૦
નિર્મળા	પ્રેમચંદ	૧-૪
[illegible]	[illegible] વસાવડા	૨-૧૨
[illegible]	શ્રી પ્રહલાદ બ્રહ્મભટ્ટ	૧-૮
[illegible]	દિવ્યાનંદ [illegible]	૧-૮
[illegible]	શરદબાબુ	૨-૦
[illegible]	મોહિનીચંદ્ર	૧-૮
[illegible]	શરદબાબુ	૨-૦
[illegible]	જયંત [illegible]	૧-૪
એકાકી	નર્મદાશંકર શુક્લ	૧-૪
[illegible]	પુરુષોત્તમ પારેખ	૧-૮
આનંદ [illegible]	જયરામ [illegible]	૨-૦
[illegible]	દિવ્યાનંદ [illegible]	૧-૮
[illegible]	મકરંદ પરમાર	૧-૮
[illegible]	[illegible] શાહ	૧-૦
[illegible]	કેશવ શેઠ	૧-૪
જીવન [illegible]	([illegible])	૧-૦
[illegible]	કાન્તિલાલ શાહ	૦-૧૨
[illegible]	[illegible]	૧-૦
[illegible]	કેશવ શેઠ	૧-૦
[illegible]	દિવ્યાનંદ	૦-૮
[illegible]	[illegible]	૦-૧૦

નવચેતન સાહિત્ય મંદિર

[illegible] અમદાવાદ


નવચેતન સાહિત્ય મંદિર, અમદા